કુમાર

પોષ · ૧૯૯૧
૧૩૩ મો અંક

આજની કાલનાં નાગરિકોનું માસિક

તંત્રી · રવિશંકર રાવળ
સંપાદક · બચુભાઈ રાવત




પોષી પૂનમ · આલેખક · કનૈયાલાલ જંડ્યા

કુમાર
પોષ ૧૯૯૧
અંક ૧૩૩

મુદ્રક: બચુભાઇ પોપટભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક : રવિશંકર મહાશંકર રાવળ; કુમાર પ્રિન્ટરી–કુમાર કાર્યાલય, ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.

વાર્ષિક લવાજમ, રૂા. ૬ (પરદેશ ૧૨ શિ.) ગ્રાહકો વર્ષની શરૂઆતથી (જાન્યુઆરીથી) જ નોંધાય છે. છુટક ૦-૧૦-૦



'મને પ્રેરતા તારકવૃંદ ઓ હું આવ્યો રે'
કુમાર સિદ્ધાર્થનું મહાભિનિષ્ક્રમણ પહેલાંનું આત્મમંથન
ચિત્રકાર · સોમાલાલ શાહ

જીવનજ્યોત જગાવો

જીવનજ્યોત જગાવો
પ્રભુ હે, જીવનજ્યોત જગાવો.

ટચુકડી આ આંગળીઓમાં ઝાઝું જોર જમાવો,
આ નાનકડા પગને વેગે ભમતા જગત બનાવો.
અમને રડવડતાં શિખવાડો. પ્રભુ હે૦

વણદીવે અંધારે જોવા આંખે તેજ ભરાવો,
વણજહાજે દરિયાને તરવા બળ બાહુમાં આપો.
અમને ઝળહળતાં શિખવાડો. પ્રભુ હે૦

ઊગતાં અમ મનનાં ફૂલડાંને રસથી સભર બનાવો.
જીવનના રંગો ત્યાં ભરવા પિચ્છી તમારી ચલાવો.
અમને મઘમઘતાં શિખવાડો. પ્રભુ હે૦

ઉરની સાંકડલી શેરીના પંથ વિશાળ રચાવો,
હૈયાના ઝરણા નાનાને સાગર જેવું બનાવો.
અમને ગરજંતાં શિખવાડો. પ્રભુ હે૦

અમ જીવનની વાદળી નાની આભ વિષે જ ઉડાવો.
સ્નેહ-શક્તિ-બલિદાન નીરથી ભરચક ધાર ઝરાવો.
અમને સ્થળસ્થળમાં વરસાવો. પ્રભુ હે૦

સુન્દરમ્



મારી નજરે

ધ હનુમાન જનલ

● એક ભાવનાસંપન્ન યુવાન વિદ્વાન પર જ્યારે કેળવણી-ખાતાની જવાબદારી પર આવે છે ત્યારે એ કેવા નિખાલસ ઉત્સાહથી પોતાનું પદ દિપાવે છે તેનું પ્રતિબિંબ આપતું આ ત્રૈમાસિક ગુજરાતીમાં એક નવી ભાત પાડતું લાગે છે. એની દૃષ્ટિ કઈ તરફ વળેલી છે તેનો ખ્યાલ તેની અંગ્રેજી તત્રીનોંધમાંનો એક જ ફકરો ઉતારીને આપી શકાય:

'શિક્ષકે બરાબર સમજી લેવું જોઇએ કે શાળા અને સમાજ ઉભયના તળમાં એક જ જીવનપ્રવાહ વહી રહ્યો છે. તે જ કારણે શાળા અને સમાજનો પરસ્પર સંબંધ જામી રહે એ અતીવ મહત્ત્વનું છે,—તે એટલે સુધી કે શાળા પોતે એક આંતરસમાજ બની રહે. એમ થાય તો જ કેળવણી બાળકને જીવનની તૈયારી રૂપ ન લાગે, પણ જીવનનો ભાગ જ લાગે. એટલે સુજ્ઞ શિક્ષકની ફરજ છે કે શાળાના પાઠક્રમો ઉપરાંત જીવનની વિવિધ પ્રવૃત્તિઓને શાળામાં જ સમાવવી જોઇએ. સાહિત્ય, કળા, શરીરસંવિધાન, નાગરિકતા, સમાજસેવા એ બધાંને શાળાજીવનમાં સાચું જીવન ઉતારવા સ્થાન મળવું ઘટે છે.'

મને વિચિત્રતા માત્ર એ જ લાગી કે વિદ્વાન અધિપતિએ આવું ઘણું અંગ્રેજી ભાષામાં પ્રકટ કર્યું છે. આજે આપણે આપણી યુનિવર્સિટીને માતૃભાષાનો ઓપ આપવા મથી રહ્યા છીએ તેવા સમયે આ પદ્ધતિ ભાવનાનુરૂપ થતી લાગતી નથી. જોકે પત્રનો ઉત્તરાર્ધ ગુજરાતી ભાષાથી ભરપૂર છે અને તેમાં માત્ર શિક્ષણના શાસ્ત્રીય સિદ્ધાંતો જ નથી, પણ સમગ્ર જનતાને રસ લગાડી શકે એ હેતુથી વાઙ્મયના દરેક વિભાગને એમાં વધતેઓછે અંશે સ્થાન આપ્યું છે. મને અહીં કહેવાનું મન થાય છે કે 'કુમાર'ની પ્રવૃત્તિ એ ભાવનાથી જરાયે જુદી થતી નથી અને શ્રીયુત છોટુભાઈ માકડની પ્રવૃત્તિને હું એ જ કારણે સવિશેષ આવકારું છું. એમનો પરિચય 'કુમાર'ના વાચકોને અગાઉ થઈ ગયો છે છતાં એક નાની નોંધ આ અંકની 'માધુકરી'માં અવતારેલી જોશો.

એ જ પત્રના ગુજરાતી વિભાગમાં 'સંસ્થાનો પરિપાક' એવા મથાળા નીચે શ્રી રતિલાલ છાયાએ કલાકાર શ્રી જગન્નાથ અહિવાસીની લેખપ્રતિમા આલેખી છે. આ યુવાન ચિત્રકારનો આવો સવિગત પરિચય આપી એમણે ગુજરાતની કલાની કારકિર્દીમાં રંગ પૂરી આપ્યા છે. હું ઘણું ઈચ્છું છું કે કલાકારોના જીવનમાં વિદ્વાનો અને શ્રીમાનો ઊંડો રસ લેતા થાય. પણ આપણા કમનસીબે યુરોપની પ્રશસ્તિમાંથીભાગ્યે જ નવરા પડતા પ્રોફેસરો અને યુરોપની ખરીદીમાં સદા મશગૂલ શ્રીમાનો અને રજવાડાઓ કલાકારોનાં સ્મારકોને પણ નહિં પિછાની શકે. લેખકને પૂરી ખબર નહિ હોય કે રવિશંકર રાવળ કે બીજા ઘણા ગુજરાતમાં માત્ર કળાજીવન પર નિર્ભર રહી શકે એવો જમાનો આવ્યો જ નથી. કળાનાં સર્જનો અભરાઈ પર મૂકી અધ્યાપક કે ધંધાર્થી બનીને પોતાનાં સ્વજનોનાં સુખનિર્માણ પૂરતી દ્રવ્યસામગ્રી મેળવતાં કેટલો થાક ચડે છે એ ડિગ્રીના નામે પગારો કમાતા વંધ્ય વિદ્યાના ઉપાસકોથી સમજાવું મુશ્કેલ છે. મને હજુ એક પણ સાચો સર્જક એવો સાંપડ્યો નથી કે જેને ગુજરાતે તેનાં સર્જનો પર નિર્ભર કરી દીધો હોય. નહિ તો ભાઈ જગન્નાથ અહિવાસી હજુ મુંબાઈની શાળામાં મામૂલી અધ્યાપક ન હોત. તેને દેશની કોઈ પણ સંસ્થામાં ઉચ્ચ પદે નીમી શકે એવા જામસાહેબ, રાણાસાહેબ કે ગાયકવાડ સરકાર કરોડો રૂપિયા પરદેશની કળા પાછળ રેલવતાં પાછા વળી ગયા હોત. એમની આંખ સુધી દેશની રંક એ ફુલછાબ કોણ ધરે? અથવા કોણ તેમના અનગળ દ્રવ્યવ્યયને વારીને આ ભૂખી ધરાનાં સંતાનોના મોં પર પ્રકાશ લાવે?

મુંબાઈના સમર્થ પત્રકારો, દેશના શક્તિશાળી અમલદારો અને વિદ્વાનોએ કળાને માટે આછીપાતળી કદરદાની યે ક્યારે બતાવી છે? ભાઈ અહિવાસી એટલા સુભાગી છે કે પ્રિન્સિપાલ સૉલોમનની અમીદૃષ્ટિ તળે છે. યુરોપિયન અમલદારો સારા રીપોર્ટની આશા પર તાબેદારોનાં આશાકમળો પ્રફુલ્લિત રાખે છે ને એ રીતે સાતસાત વર્ષથી ભાઈ અહિવાસી સ્કૂલ ઑફ આર્ટમાં ખીલી રહ્યા છે. પણ તેના માટે એક સારી પ્રોફેસરશિપ કે મદદનીશ પ્રિન્સિપાલશિપની સૂચના પણ કોઈથી થઈ શકે નહિ એ આપણી એકનિષ્ઠાનો લ્હાવ છે! ચિત્રો લંડન જાય કે અમેરિકા જાય, અમારા કલાકાર બંધુઓ માટે વધ્યાંઘટ્યાં શાહીકામોના ટુકડાથી વધારે માટે દફતરી મંજૂરીની ભાગ્યે જ આશા છે.

અમને ખબર છે

કે ગયા અંકમાં જાહેર કર્યાં મુજબના બે લેખકોના લેખો સ્થળસંકોચને લીધે આ અંકમાં અમે નથી આપી શક્યા. અમને એ પણ ખબર છે કે નિયમિત થવાની આશાથી કંઈક ઉતાવળે તૈયાર કરેલા આ અંકમાં અમે સંતોષકારક વૈવિધ્ય કે પૂરો રસ આણે એવી સામગ્રી પણ નથી આપી શક્યા. વધુ તો શું? પણ હવે પછીના અંકો વાચકોને કેવળ સંતોષ જ નહિ પણ પ્રસન્નતા આપશે એવી અમારી ખાતરી છે—તૈયારી પણ છે.

ભાઈ અહિવાસીને પોતાને બરોબર યાદ હોય તો એક મિત્રે તેમને વર્ષો પહેલાં ગુજરાતમાં સ્વાવલંબન પર સારી માસિક આવકની ખાત્રી આપી આમંત્રણ આપ્યું હતું. આજે તેઓ ગુજરાતની જનતાની હૂંફે કંઇકે વધુ પદ ને સન્માન ધરાવતા હોત એમાં શંકા નથી. પરંતુ વિદ્વાન પત્રકારોએ કલાકારો માટે શી સમજદારી કે કદરદાની બતાવી છે તેની પણ છણાવટ થવી જોઇએને ? આજે તો મોટે ભાગે ચિત્રકારનાં ચિત્રો વિનામૂલ્યે મેળવી દિવાળી-અંકો ભરવામાં આવે છે. ચિત્રકારના હક્કમાં કંઈપણ સ-વિશેષ લાભ, યોજના કે યોગ્ય પ્રસ્તાવ કોઈપણ પત્રકારે ગોઠવ્યો હોય એવું જાણવામાં નથી. સારા ચિત્રકારોને ઉત્તમ સર્જનકામ છોડી મામૂલી ગ્રંથચિત્રો કરવામાં કાળ અને શક્તિનો વ્યય કરવો પડે એ એમની કરુણ કથા છે. યુનિવર્સિટીના અંગ્રેજી ભાષાના કેટલા ગુજરાતી વિદ્વાનોએ કલાકારનો પક્ષ લઈને કલમ ચલાવી તેમનો ઉત્કર્ષ કરી આપ્યો એ જાહેર પ્રશ્ન છે. કેટલા રાજ્યકર્તાઓએ પોતાની પ્રજામાંથી તૈયાર થતા કલાકારો માટે વિશેષ અભ્યાસ, પ્રવાસ કે બીજાં સાધનોની સોઈ કરી આપી છે ? એના એ રાજ્યકર્તાઓના હાથે યુરોપની કળા પાછળ હિસાબ વગરનું ખર્ચ થતું જોઈ કયા દેશપ્રેમી સુજનનું દિલ ડંખ નહિ પામે ? એવા ખર્ચનો થોડો હિસ્સો પણ ઊગતા કલાકારોની તૈયારી માટે અર્પણ થયો હોત તો આજે સંખ્યાબંધ તાલીમ—પ્રવીણ કલાકારો દેશના એકેએક હુન્નર-ઉદ્યોગને નવું સ્વરુપ, નવું વિધાન આપી સમૃદ્ધિમાં સંવૃદ્ધિ કરી પોતાનું દેવું ભરપાઈ કરી શકયા હોત. પણ 'વો દિન કહાં કે મિયાં કે પાઉમેં જૂતી ?' —ર. મ. રા.

હસ્તલિખિત માસિકોનું સંગઠન

ગુજરાતમાં હસ્તલિખિત માસિકો, ત્રૈમાસિકો વગેરેની પ્રેરક પ્રવૃત્તિ ઘણા લાંબા સમયથી શરૂ થએલી છે. ઊગતા લેખકો, કુમારો અને યુવાનોએ આ દિશામાં સુંદર પ્રયત્નો કરી આ પ્રવૃત્તિઓને પ્રસંશનીય રીતે વિકસાવી છે. ઘણાં હસ્તલિખિતોમાં તો સાહિત્યમાં સુંદર ફાળો આપી શકે તેવા લેખો પણ પ્રગટ થાય છે. પરંતુ દિલગીરીની વાત એ છે કે આ સર્વ હસ્તલિખિતોનું યોગ્ય સંગઠન થાય તેવા પ્રયાસો કોઇ પણ સંસ્થા કે આજસુધીના સાહિત્યકારો તરફથી કરવામાં આવ્યા નથી. મુંબાઇની શ્રી તરુણ ગુજરાત સાહિત્ય સભા તરુણોની, ઊગતા લેખકોની અને નવા સાહિત્યકારોની હોઇ, આ દિશામાં પોતાની પ્રવૃત્તિ આદરવાને તત્પર થઇ છે.

હસ્તલિખિત માસિકોના તંત્રીઓને તથા સંચાલકોને તેઓની આ સંગઠનની યોજનામાં જોડાવા અને નીચેની માહિતીઓ પૂરી પાડવા આગ્રહભરી વિનતિ છેઃ

હસ્તલિખિત (માસિક, દ્વિમાસિક, ત્રૈમાસિક, કે છ માસિક જે હોય તે)નું નામ. કોના તંત્રી પદે નીકળે છે, કઇ સંસ્થા તરફથી તેમજ કયા સ્થળેથી નીકળે છે, તેનું પૂરેપૂરું સરનામું. તેનો ઉદ્દેશ, તેમજ કયારથી શરૂઆત થઇ તથા કેટલા અંકો નીકળ્યા તેની હકીકત.

આ પ્રકારની સંપૂર્ણ વિગતવાર માહિતીઓ નીચેને સરનામે લખી જણાવવા દરેક હસ્તલિખિત માસિકના સંચાલકોને વિનતિ છે કે જેથી કરીને આ વિષેની પ્રવૃત્તિ ભવિષ્યમાં મોટા પાયા પર ઉપાડી શકાય. પત્રવ્યવહારનું સરનામુંઃ મંત્રી-તરુણ ગુજરાતી સાહિત્ય સભા, ૩૬, દાગડા ગલી, માંડવી મુંબઈ-૩.

તાજેતરમાં બહાર પડેલાં પુસ્તકોમાંનાં કેટલાંક

આગળપડતાં

જીવન-સાહિત્ય

કવીશ્વર દલપતરામ: (ભાગ ૨ જો પૂર્વાર્ધ) સંસ્કૃતિઓના સંગમ ઘાટે—લેખક અને પ્રકાશક—નાનાલાલ દલપતરામ કવિ, એલિસબ્રીજ અમદાવાદ; ૩-૮-૦.

નવલકથા-વાર્તા

ગ્રામલક્ષ્મી ભાગ ૧ તથા ૨: લેખક-રમણલાલ વસંતલાલ દેસાઇ, પ્રકાશક-મૂળશંકર સોમનાથ ભટ્ટ રાવપુરા વડોદરા, દરેકના ૨-૮-૦;

માલિકા: લેખક-અંબુ ક વશી, પ્રકાશક-સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ-૨, ૧-૮-૦.

કવિતા

હૃદયવીણા: રચનાર—નરસિંહરાવ ભોળાનાથ પ્રકાશક—સી. જમનાદાસની કં પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબાઇ--૨.

ચરિત્ર-બોધ

સુબોધ પુષ્પવાટિકા શેખ સાદીના ગુલિસ્તાં'નો અનુવાદ): કરનાર-ગોવર્ધનદાસ કહાનદાસ અમીન, પ્રકાશક—સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય અમદાવાદ, ૦-૫-૦;


ફોરમ: લહરી-૨ સાધુસંતો, લહરી-૪ તેજરેખા, લહરી ૫ સ્ત્રીશક્તિ, કર્તા-શારદાપ્રસાદ વર્મા, પ્રકાશક-યુગાન્તર કાર્યાલય ગોપીપુરા સુરત, કીંમત અનુક્રમે ૨,૪ અને ૩ આના.

વૈદક-અભ્યાસ

પ્રત્યક્ષ શરીર: મહામહોપાધ્યાય કવિરાજ ગણનાથ સેન સરસ્વતી વિરચિત પુસ્તકના પ્રથમ અને દ્વિતીય ભાગનો ગુજરાતી અનુવાદઃ કરનાર-બાલકૃષ્ણ અમરજી પાઠક, પ્રકાશકો—જાદવજી ત્રિકમજી આચાર્ય અને જુગતરામ શંકરપ્રસાદ વૈદ્ય, કાલબાદેવી મુંબાઇ-૨ કીંમત રૂ. ૨-૦-૦.

ફોટો-કલાકાર

હિંદુસ્તાનના ઇતિહાસમાં પહેલી જ વાર હિંદ સમસ્તના ફોટો-કલાકારોની કૃતિઓનું એક પ્રદર્શન ૧૯૩૩ના નવેમ્બર માસમાં મુંબાઇ ખાતે ભરાયું હતું. તેમાં હિંદ ઉપરાંત દુનિયાના પણ મશહૂર ફોટો-કલાકારોના સુંદર નમૂના રજુ થયા હતા. ફોટોગ્રાફીએ માત્ર યંત્રક્રિયા મટીને એક સ્વતંત્ર કલા તરીકે જીવનની અન્ય કલાઓની હરોળમાં નિર્વિવાદ સ્થાન પ્રાપ્ત કર્યું છે એની એ પ્રદર્શને હિન્દને પ્રતીતિ કરાવી. ફોટોગ્રાફીનો આ કલાવૈભવ નિરખવા હું મુંબાઇ ગયો ત્યારે, ગુરુવારની એ સાંજે, મુંબાઇના ટાઉનહૉલમાં એ કલાકૃતિઓને બારીકાઇથી વારંવાર નિરખતી બેચાર વ્યક્તિઓ મારી નજરે પડી. તેમાં, ચાહના સિલ્કનાં કોટ પાટલુન અને રેશમી ટાઇમાં સજ્જ થએલા મધ્યમ કદના ને વાંકડિયા વાળ વાળા, અદબ સાથે આમ તેમ ફરતા એક યુવાન તરફ મારી દૃષ્ટિ સહજ આકર્ષાઇ. તેણે પણ મને ઉત્સુકતાથી ચિત્રો જોતો જોઇ સહજ પ્રશ્ન કર્યો: ‘ક્યાંથી આવો છો?’ મેં જવાબ આપ્યો: ‘અમદાવાદથી; —ખાસ પ્રદર્શન જોવા આવ્યો છું.’ બસ એટલા પરથી જ, કોઇ પણ જાતની પૂર્વ પિછાન વિના જાણે વર્ષોજૂની મિત્રાચારી હોય તેમ તેણે મારી સાથે હાથ મેળવ્યો અને મારી વિનંતિથી મારી સાથે ફરીને મને બધાં ચિત્રોનો બરોબર પરિચય કરાવ્યો. એ યુવાન તે શ્રી કાર્લજે. ખંડાલાવાળા જ હતા. ફોટોગ્રાફીમાં રસ



ફોટો • શ્રીમતી રતી ડી. પિટિટ

કાર્લ જે. ખંડાલાવાળા

લેનાર હરકોઇ માણસ આજે તે નામથી પરિચિત છે.

એ પ્રથમ પરિચય પછી જેમજેમ તેમની સાથેની મુલાકાતો અને પત્રવ્યવહાર વધતાં ગયાં, તેમતેમ એ સુજન કલાકારના ગુણી અંતરના પટ મારી સન્મુખ તેનું સાચું દર્શન કરાવતા ઊઘડતા ગયા.

શ્રીમંત પારસી કુટુંબના એ નબીરા મુંબાઇ યુનિવર્સિટીની એલએલ.બી.ની ડિગ્રી મેળવી બૅરિસ્ટરના અભ્યાસ માટે ૧૯૨૬માં લંડન ગયા અને બે વર્ષ પછી ૧૯૨૮માં તેની પરીક્ષામાં ઉત્તીર્ણ થઇ પાછા ફર્યા ત્યાં સુધી ફોટોગ્રાફી નામની કોઇ કલા છે એવું પણ તેમને ભાગ્યે જ ભાન હતું. તે તરફ તેમનું કેટલું દુર્લક્ષ રહેલું તે આ એક જ વાત પરથી સમજાશે કે લંડનમાં તેમના વસવાટ દરમ્યાન જ રૉયલ ફોટોગ્રાફિક સોસાએટીનાં

આંતરરાષ્ટ્રિય પ્રતિષ્ઠાવાળાં મોટાં ફોટોગ્રાફિક પ્રદર્શનો ભરાએલાં છતાં તેનો ખ્યાલ સરખો યે તેમને નહોતો!

સને ૧૯૩૦ની શરૂઆતમાં તે સમયનાં તેમનાં બાનુ-મિત્ર (હાલનાં પત્ની) શ્રીમતિ રતિ ડી. પિટિટની પ્રેરણાથી તેમણે શૉખ તરીકે ફોટોગ્રાફીની શરૂઆત કરી. દરેક શિખાઉની માફક તે પણ સાદા સ્નૅપશૉટ પાડી-પાડીને સંતોષ લેતા અને મનરંજન કરતા. પણ આ દરમ્યાન ફોટોગ્રાફીનાં સામાયિકોના થતા બહોળા વાચનથી તેમને સમજાયું કે સામાન્ય સ્નૅપશૉટર (મનરંજન અર્થે ચાંપ દાબીને છબીઓ પાડનાર) અને ફોટો-કલાકાર એ બે જુદા જ પ્રકારની વ્યક્તિઓ છે. તેમને એ વાચનથી ઉમંગ ચડ્યો અને ઉચ્ચ કોટિના ઍમૅચ્યોર ફોટો-કલાકાર બનવાનો નિશ્ચય કર્યો.

ફોટોગ્રાફીના ક્ષેત્રમાં આ પ્રકારના કલાકારનું વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કરવા અને નિષ્ણાતનું પદ મેળવવા માટે ફોટોગ્રાફીની ઝીણીમોટી પ્રત્યેક ક્રિયાપ્રક્રિયાનું બારીક જ્ઞાન અને સંપૂર્ણ કાબૂ આવશ્યક છે. તેના અભાવે પરાજયોથી નિરાશ બનીને કલામય માનસ સુકાઇ જવાનો પણ પૂરો સંભવ છે. ફોટોગ્રાફીની ટેકનીકનાં આ અજ્ઞાન, કચાશ અને અનાવડતથી શ્રી ખંડાલાવાળાને પણ એમની શરૂઆતની કારકીર્દિમાં પુષ્કળ વિટંબનાઓ નડી હતી. પરંતુ એ ખંતીલા અભ્યાસીએ ત્રણ વર્ષના સતત પ્રયત્નો અને ધીરજભરી મહેનતને અંતે ફોટોગ્રાફીની કરામતો પર સ્વામિત્વ જમાવ્યું. ખાસ કરીને એક્સ્પોઝરમીટરના ચાલુ વપરાશથી અને ડેવેલપમેન્ટ દરમિયાન સોલ્યુશનોનું સરખું ટેમ્પરેચર (ગરમી–પ્રમાણ) જાળવવાની ચીવટથી તેમને ફોટોગ્રાફીના વિજ્ઞાનમાં ફતેહ મળી છે. દરેક નેગેટિવની ડેન્સિટી (Density)ને અનુકૂળ ગ્રેડના કાગળોની પસંદગી કરી, એન્લાર્જિંગમાં ઓછામાં ઓછું એક્સ્પોઝર અને વધારેમાં વધારે ડેવેલપમેન્ટ કરીને ઉત્તમ પ્રકારના એન્લાર્જમેન્ટ તેઓ ઉતારે છે.

કુદરત પણ જાણે અનુકૂળ હોય તેમ, શ્રી ખંડાલાવાળાએ ૧૯૩૦માં શરૂઆત કરી એવું જ સૌ પહેલું એમને મુંબાઇની આર્ટ સોસાએટીના પ્રદર્શનમાં એક ઇનામ મળ્યું. તેમાંથી પ્રોત્સાહન મળતાં આગળ વધવાના પોતાના પ્રયત્નો એમણે જારી રાખ્યા. એ જ અરસામાં મુંબાઇના વિખ્યાત ફોટો-કલાકારો શ્રી ભિનલાલા અને શ્રી રત્નાગરની એમને ઓળખાણ થઇ અને તેઓની સૂચના તથા આગ્રહથી તેમનું કામ ઉત્તરોત્તર સુધરતું ચાલ્યું.

એવામાં પેપર નેગેટિવ પ્રોસેસ તરફ તેમનું લક્ષ ખેંચાયું અને એ પદ્ધતિ વડે કલાકૃતિઓ ઉપજાવવાના અખતરા તેમણે શરૂ કર્યા. ઘણી નિષ્ફળતાઓ અને નિરાશાઓ પછી એમણે 'કોંકણી' અને 'ઘડપણ' નામનાં બે ચિત્રો ઉપજાવ્યાં. અને ભાગ્યવશાત એમાંથી 'ઘડપણ'ના ચિત્ર માટે ઇ.સ. ૧૯૩૨માં બ્રિટિશ સામ્રાજ્યની હરીફાઇમાં તેમને ઉત્તમોત્તમ પોર્ટ્રેટ (છબી ચિત્ર)ના સર્જક ગણીને 'બ્રિટિશ એમ્પાયર ચૅમ્પિયનશિપ ઍવૉર્ડ' એનાયત કરવામાં આવ્યો. તે પછી તો દુનિયાભરના દેશોનાં આંતરરાષ્ટ્રિય ફોટોગ્રાફિક પ્રદર્શનોમાં તેમનાં ચિત્રો લટકવા માંડ્યાં. લંડનના 'રૉયલ ફોટોગ્રાફિક સોસાએટી'ના પ્રદર્શનમાં અને 'લંડન સલૉં' તેમજ અમેરિકાના વિખ્યાત 'પિટ્સબર્ગ ફોટોગ્રાફિક પ્રદર્શન'માં વર્ષોવર્ષ શ્રી ખંડાલાવાળાનાં ચિત્રોને સ્થાન હોય છે તે હિંદને માટે ગૌરવભર્યું છે.

ફોટોગ્રાફીના ક્ષેત્રમાં થએલી તેમની પ્રગતિ વિષે પૂછતાં શ્રી ખંડાલાવાળા જણાવે છે કે 'સ્પેનના ફોટો-કલાકોવિદ શ્રી. જે. ઑર્ટીઝ ઇશાગ (J.Ortiz Echague)નાં અનુપમ ચિત્રોમાંથી તેમને ઘણી પ્રેરણા મળી છે. એ કલાકારે જેવી રીતે સ્પૅનિશ માનવતાનાં હૂબહૂ ચિત્રોથી દુનિયાનાં પ્રદર્શનો શોભાવ્યાં છે તેવી જ રીતે ફોટોગ્રાફીની મદદથી આપણા દેશની વિવિધ જાતિઓના અન્તર્ગત સ્વભાવ અને લક્ષણોને જગત સમક્ષ પ્રત્યક્ષ કરવાનો મને અભિલાષ છે. હું પોતે હિન્દી હોઇ, મારી કલામાં હિન્દી તત્ત્વો અને હિન્દી દૃષ્ટિ આણવાની મારી સતત કાળજી છે. ગમે તેટલું સુંદર પણ અનુકરણ હોય તે અનુકરણ જ રહે છે—સ્વતંત્ર સર્જનનું તેજ તેનામાં હોતું નથી. અને સર્જનની વાંછનાવાળા સાચા હિંદી કલાકાર આગળ તો આપણા દેશનો અખૂટ ભંડાર પડ્યો છે.

મારાં પોર્ટ્રેટોમાં હું ફક્ત કોઈ એક જાત કે અમુક વ્યક્તિ જ દર્શાવવાનો વિચાર રાખતો નથી; પરંતુ જે જાતનો માણસ હોય તે જાતિના પ્રતિનિધિ તરીકે તે જાતિનું લાક્ષણિક સ્વભાવદર્શન તેની દ્વારા ઉતારવાના હું પ્રયત્ન કરૂં છું. દાખલા તરીકે 'કોંકણી' જુઓ. શિવાજી મહારાજના સાથમાં લડેલી પાતળી સશક્ત પણ



'ભેપરવા જીવન'
ફોટો · કાર્લ ખંડાલાવાળા

અંધી કોંકણી જાતિનો જાણે એ પ્રતિનિધિ નથી લાગતો?

'ફોટોગ્રાફીના સાચી કલામાં, કૅમેરા તો ચિત્ર સર્જનનું ફક્ત સાધન જ છે. તેનું ધ્યેય તો કલા–કૃતિ જ રહે છે. ચિત્રકાર, ફોટો-કલાકાર, ઇચર કે શિલ્પકાર સૌ કલાસર્જન માટે મથે છે. પીંછી, કૅમેરા, ઇચિંગ પ્રેસ અને હથોડો તથા ટાંકણું એ તો ફક્ત વ્યક્તિને ફાવતાં સાધનો છે. જે આદર્શ અન્ય કલાકારોનો છે તે જ ફોટો-કલાકારનો પણ છે કોઇ એક દૃશ્ય કે અમુક માણસને દૃશ્ય કે માણસ તરીકે વ્યક્ત કરવાને બદલે તે દૃશ્ય અને તે મનુષ્યથી કલાકારના માનસમાં પડેલું પ્રતિબિંબ તે તે વિષય દ્વારા રજુ કરવાનો પ્રયાસ કરે છે.'

મુંબાઇમાં થોડાક કૅમેરિસ્ટોએ એકઠા મળીને 'કૅમેરા પિક્ટોરીઆલિસ્ટ્સ ઑફ બૉમ્બે' નામનું જે એક મંડળ ઊભું કરેલું છે અને જેના ઉપક્રમથી 'અખિલ હિંદ ફોટોકલા પ્રદર્શન' ભરાયું હતું તેના આદ્ય પ્રણેતા પણ શ્રી ખંડાલાવાળા જ હતા.

ઉપયોગ અને લોકપ્રિયતાની દૃષ્ટિએ જોઇએ તો બધી કલાઓમાં આજે સૌથી વધુ ઉપયોગી અને લોકપ્રિય તો ફોટોગ્રાફીની જ કલા છે. હિન્દમાં હજુ તેનો જોઇએ તેટલો બહોળો પ્રચાર થયો નથી, પરંતુ પશ્ચિમના દેશોમાં તો ઘેરઘેર કૅમેરાઓ લટકે છે. ફોટો-કલાકારોના એ જંગી લશ્કરને પ્રગતિના પંથ ઉપર વ્યવસ્થિત પ્રયાણ કરવાના નિયમન માટે એક બહુ સુંદર અને અસરકારક યોજના ઘડાઇ છે. ઇંગ્લંડની 'રૉયલ ફોટોગ્રાફિક સોસાઍટી ઑફ ગ્રેટબ્રિટન'ના આશ્રય નીચે 'ધ ફોટોગ્રાફિક ઍલાયન્સ' નામની એક વ્યાપક સંસ્થાની સ્થાપના થઇ છે. દુનિયાના—અને ખાસ કરીને બ્રિટિશ સામ્રાજ્યના કોઇપણ મુકરર પરગણાની ફોટોગ્રાફિક સોસાઍટીઓ ભેગી મળીને પોતાનું એક મંડળ બાંધે તો એવું એસોસીએશન 'એ ફોટોગ્રાફિક ઍલાયન્સ'ની દેખરેખ અને સૂચનાઓ મુજબ વ્યવસ્થિત રીતે કામ કરી શકે એવી યોજના એમાં છે. એ ફોટોગ્રાફિક ઍલાયન્સના આશ્રય નીચે આજે આઠ મુખ્ય મંડળો, ૩૦૦ સોસાઍટીઓ અને ૨૦,૦૦૦ ઉપરાંત સભ્યો ફોટોગ્રાફીની ઉપાસના કરી રહ્યા છે. એ ઍલાયન્સ પ્રતિ વર્ષ પોતાના સભ્યોનાં કામનાં પ્રદર્શનો અને હરીફાઇઓ ગોઠવે છે. ચાલુ વર્ષની એની હરીફાઇમાં ભાઇશ્રી કાર્લના (ઝનૂન) (આ અંકમાં આર્ટ પ્લેટ ઉપર 'ઝનૂન' નામથી પ્રગટ થએલા)



'અસલી જાતનો બાળ'
ફોટો-કાર્લ ખડાલાવાળા

રીતે કલાકારનું માનસ સૌંદર્ય તરફ વધુ ઢળે છે. તેથી આ ફોટો–ચિત્રને ઇનામ આપતાં અગાઉ હરીફાઈના નિર્ણયકારોએ બહુબહુ વિચારો કરેલા; પરન્તુ છેવટે બધાને એ જ ચિત્ર એ વર્ષમાં દુનિયાભરમાં સર્જાએલાં તમામ ફોટોગ્રાફિક પોર્ટ્રેટોમાં સચોટ સજીવતા અને અજબ આબેહૂબતા ઉતારતી કલાસંપન્ન કૃતિ લાગી.

હવે 'ઝનૂની'વાળું ચિત્ર જુઓ. સાધનોનો અભાવ કદિ સાચા કલાસર્જનની આડે આવતો નથી. અનુપમ ફોટોચિત્ર ઉપજાવવા માટે સ્ટુડીઓ જ જોઇએ એ ખ્યાલ ખોટો છે. માત્ર સાધારણ તડકામાં યે શહેર કે ગામડાના કોઈ પણ ખૂણામાં આવું ચિત્ર પાડી શકાય. જોઇએ માત્ર કલાપારખુ આંખ. સવારના લગભગ દસ–અગીઆર કે બપોરના ત્રણ–ચાર વાગ્યાના તડકામાં આ ચિત્ર લેવાયું હશે. આમાં જુવાનીનું ઝનૂન દાખવતી ગરુડના જેવી તીણી આંખો આબાદ ઉતારાઇ છે. સહેજ સહેજ ફૂટતો મૂછનો દોરો અને દાઢીના વાળ ફૂટતા યૌવનની ઝાંખી કરાવે છે.

જીવનમાં જે કલાની પ્રેરણાદાત્રી બને તે જીવનસખી પણ બને એ સુભાગ્ય તો કોઇ વિરલને જ સાંપડે છે. એવું સુભાગ્ય શ્રી ખંડાલાવાળાને વર્યું છે. અગાઉ જેમનો નિર્દેશ આવી ગયો તે શ્રીમતી રતી ડી. પિટિટ સાથે ગયા વર્ષના એપ્રિલમાં શ્રી કાર્લ લગ્નથી જોડાયા. 'કુમાર'ના વાચકો જાણે છે તેમ શ્રીમતી રતી ચિત્રકલા ઉપર કાબુ ધરાવવા ઉપરાંત અચ્છાં કૅમૅરિસ્ટ પણ છે. આપણે ઇચ્છીએ કે આ કલાપ્રેમી યુગલને હાથે ઉત્તરોત્તર પ્રતિભાશાળી અને પ્રતિષ્ઠાવાન કલાસર્જનો થાય.


બલવન્ત ભટ્ટ

ફોટો-ચિત્રને સર્વોત્તમ ગણીને 'ફોટોગ્રાફિક ઍલાયન્સ'ની પ્લૅક (Plaque) એનાયત કરવામાં આવી છે.

'ઘડપણ'નું ચિત્ર પેપર નેગેટિવ પ્રોસેસથી ઉપજાવવામાં આવેલી ઉત્તમ કૃતિ છે. અવસ્થા, દુઃખ અને ગરીબાઇના ઘસારાથી રૂપેરી બનેલા વાળ, સંસારના વા વાઇવાઇને સુકાઇને ખારેક જેવી કરચલીઓ પડેલો ચહેરો, દર્દભરી આંખો અને બોલુંબોલું કરતા છતાં અબોલ બીડાએલા હોઠવાળું આ પોર્ટ્રેટ એકવાર જોયા પછી જોનારથી કદી વિસરાય એમ નથી. શ્રી કાર્લની વેધક આંખે કાગળ ઉપર ઉતારેલી એ આકૃતિ દૃષ્ટિ સમક્ષ સજીવરૂપે ખડી થાય છે. વિષયના તમામ ભાવો જાણે ડાબી આંખમાં એકત્રિત કરી ઉતાર્યા હોય તેમ એ ચિત્રના સંયોજન પરથી લાગે છે. એકવાર એ ચિત્ર પર નજર નાખ્યા પછી તમે એના પરથી આંખ ઉઠાવવાની હિંમત કરી શકશો નહિ. સાધારણ

અભ્યાસ અને અનુભવ ઉપરથી લખાતી જંગલવાસી જીવસૃષ્ટિની પરિચયમાળા

વ ન વ ગ ડા નાં વા સી




જલમાનુસ—OTTER—જલમાર્જાર

નાનપણથી મને રખડવાનો છંદ પડ્યો છે. જરા નવરો પડું કે રઝળવાનાં સ્વપ્નાં આવે. કોઇપણ જાતના ઉદ્દેશ સિવાય, રસ્તે કે વગર રસ્તે, વનવગડામાં કે ઝાડબીડમાં હું પહોરના પહોર ભમવાનો આનંદ માણું છું. ટાઢતડકા કે વરસાદની પરવા કર્યા વિના ચાલ્યા જ કરૂં: ગાઉના ગાઉ ખેંચી કાઢું. શરીર થાકે પણ મન ન થાકે. આવા રખડુપણામાં મને ઘણુંઘણું જોવાનું અને શીખવાનું મળ્યું છે. વનવગડાની વસ્તીનો ઝાઝો પરિચય મને આ રસ્તે થયો છે. આવો એક પ્રસંગ હું વર્ણવીશ.

કેટલાંક વર્ષ પર આવા એક રખડપાટ વેળા અમદાવાદથી નીકળી સાબરમતીના તટેતટે દક્ષિણ દિશામાં હું ચાલ્યો જતો હતો. સરખેજ છોડી આગળ જતાં જમણે હાથે આઘે પીપળેજ નામનું એક ગામ આવે છે. અહીં નદીના બંને કિનારા ઊંચા છે. જ્યાં સુધી પાણીને પડખેપડખે ચાલવાનું બનતું ત્યાં સુધી તેમ, અને વચ્ચે દાભનાં જૂથથી કે પાણીના આડાઅવળા વહેણથી રસ્તો ન થઇ શકે ત્યાં કિનારે,—આમ ચાલવામાં ખૂબ મઝા આવતી. પીપળેજ આવ્યું ત્યાં રસ્તામાં ધૂળાજી નામનો ઠાકરડો ભેગો થયો. ધંધે ખેડૂત પણ ધૂળાજી શિકારનો ખૂબ શોખીન. ભૂંડ કે હરણની ભાળ કાઢવામાં અજોડ. એ મને ઓળખતો હતો એટલે રામરામ કરી મારી સાથે ચાલ્યો. વાતો કરતાકરતા અમે પીપળેજ છોડી થોડે દૂર ગયા, ત્યાં અચાનક સામે કિનારે મારી નજર પડી તો ભેખડની હેઠે પાણીની લગોલગ એક બખોલમાં કૂતરા જેવું કંઇક દેખાયું. કૂતરાં આવી જગ્યાએ બોડ કરે એ નવાઇ જેવું, એમ વિચારી મેં ધૂળાજીનું ધ્યાન ખેંચ્યું. એણે નજર કરી. નજર કરતાં જ દૂરથી જે મને અસ્પષ્ટ લાગેલું તે એ સ્પષ્ટ જોઇ શક્યો અને બોલ્યો કે સાહેબ, કૂતરાં અહીં ક્યાંથી? આ તો 'જલમાનુસ'ની બોડ છે. 'જલમાનુસ' જેવો વિચિત્ર શબ્દ સાંભળી મને નવાઇ લાગી. પહેલાં તો હું સમજ્યો કે એ મારી મશ્કરી કરે છે. પણ એના મોં પર હસવાની રજ પણ અસર દેખાતી નહોતી. ઉલટું સ્થિર આંખે આતુરતાથી એ બોડ તરફ જોઇ રહ્યો હતો; એટલે આ અપરિચિત નામવાળું પ્રાણી કોણ છે એ જોવા હું ભેખડેથી નીચે ઊતર્યો. જાળાંઝાંખરાંની આડે લપાતા છુપાતા અમે પાણીની પાસે આવ્યા. ત્યાંથી આગળ જઇએ તો પેલું પ્રાણી અમને જોઇને નાસી જાય એ બીકે વચ્ચે નડતર છતાં જાળાંમાંથી આંખો તાણી જોવા લાગ્યા. પેલી બોડમાં, નાનું કૂતરૂં લપાઇને બેઠું હોય તેમ, આછા લાલ રંગના કોઇ પશુની પીઠ દેખાતી હતી. એ પાસું ફેરવે કે ઊઠીને ઊભું થાય તો એ કયું પ્રાણી છે એ ઓળખાય એમ મેં ધીરેથી મારા સાથીદારને કહ્યું. તરત તેણે એક ઢેફું લઇને ફેંક્યું. ઢેફું પડ્યું કે એના અવાજથી ચમકીને પેલું પ્રાણી ઊભું થયું અને હું જોઉં ન જોઉં ત્યાં તો ચડપ લઇને વીજળીવેગે પાણીમાં પેસી ગયું. અમે દોડ્યા; ઘણું યે શોધ્યું; પાણીના પ્રવાહમાં છેટે સુધી ફર્યા; પણ એ ફરી નજરે પડ્યું નહિ. ધૂળાજીને વિદાય કરી નિરાશ થઇ હું ત્યાંથી પાછો વળ્યો. પણ મારા મનમાંથી


(અનુસંધાન આગળ પૃષ્ઠ ૩૨ મે)




'ઝનૂની'

૧૯૩૪ની સાલ માટેની 'ફોટોગ્રાફિક ઍલાયન્સ'ની પ્લૅક જીતનારૂં ચિત્ર

ફોટો-કલાકાર : કાર્લ જે. ખંડાલાવાળા



‘ઘડપણ’ (૧૯૩૨નો ‘બ્રિટિશ એમ્પાયર ચૅમ્પિયનશિપ ઍવૉર્ડ’ મળેલું ચિત્ર)



‘માની છાતીએ’

ફોટો-કલાકાર : કાર્લ જે. ખંડાલાવાળા

સત્ય અને સિદ્ધિની શોધ પાછળની તિતિક્ષામાં થએલી આત્મપ્રતારણાને દંડતો

ઇન્દ્રનો ન્યાય

પાકિરીટની વાર્તાથી કુમારનાં વાચકોને પરિચિત થએલા આ નાટકના લેખક શ્રી ધનગોપાલ મુકરજીએ કલકત્તા વિદ્યાપીઠની મૅટ્રિકની પરીક્ષા પસાર કરીને મહત્ત્વાકાંક્ષાના પ્રેર્યા કુમારવયમાં જ માતૃભૂમિ છોડી પરદેશ ઊપડ્યા હતા. ટોકિયો વિદ્યાપીઠમાં વણાટ યંત્ર-વિદ્યાનો અભ્યાસ કરવા માંડ્યો. પણ આખરે તે મૂકી દઇ અમેરિકાની કૅલિફોર્નિઆની વિદ્યાપીઠમાં દાખલ થયા. પાછળથી ત્યાંની લિલૅંડ સ્ટૅન્ફૉર્ડ વિદ્યાપીઠની બી. એ. ની પદવી મેળવી અને હજી પણ એ ત્યાં લેક્ચરર છે. એમના 'The Judgement of Indra'ને આધારે લખાએલું પ્રસ્તુત નાટક અંગ્રેજી એકાંકી નાટ્યસૃષ્ટિમાં ઘણું ઊંચું મનાયું છે. તે ઉપરાંત એ જગતનાં એકાંકી નાટકોમાં પણ ઊંચો દરજ્જો ભોગવે છે. 'જગતના લેખકોનાં પ્રતિનિધિરૂપ એકાંકી નાટકો' માં પણ હિન્દી લેખકોમાંથી કેવળ શ્રી મુકરજીનું આ નાટક જ લેવાયું છે.

પાત્રો :	સ્થળ	સમય :
શુક્ર, શાન્ત, કણાદ અને વૃદ્ધ	હિમાલયની તળેટીમાં એક નાની ડુંગરી ઉપરનો મુનિવાસ	ઈશુની પંદરમી શતાબ્દી

[આગલા ભાગમાં મુનિવાસનું બહારનું આંગણું છે. આંગણાના મધ્ય ભાગમાં દેખાતી યજ્ઞવેદીમાંથી ઊગતો એક પવિત્ર છોડ દેખાય છે.

આંગણાની ડાબી બાજુએ, જેનાં થોડાં પગથિયાં દેખાય છે એવી પથ્થરનાં પગથિયાંવાળી, નીચેની ખીણને મુનિવાસ સાથે જોડતી, ઢોળાવવાળી ટેકરી આવેલી છે.

જમણી બાજુએ દેવમન્દિર, ઘરની દિવાલો અને મુનિવાસને લગતી કુટિર આવેલાં છે. દેવમન્દિર અને દિવાલો વચ્ચેનો સાંકડો માર્ગ મુનિવાસની અંદરના વિશ્રાન્તિસ્થાન તરફ દોરી જાય છે. કેટલાંક ડગલાં દૂર, આંગણા તરફ પડતાં, દેવમન્દિરનાં દ્વાર દેખાય છે. દૂરદૂર, પાછળના ભાગમાં, નીલગનીલી નભઘટા નીચે, સન્ધિકાની તેજછાલકોથી હિમાદ્રિનાં હિમ-શિખરો દેવતેજે ચમકી રહ્યાં છે. તેની ડાબી બાજુએ ઝાડીવાળી વિજન ટેકરીઓનાં લંબાએલાં અંતર ઢળી જાય છે. લાંબા પ્રકાશદંડ આછાઆછા તેજે ચમકે છે, અને યૌવનાના ઓષ્ઠવર્ણી, સોનલવર્ણી અને રૂપલ કિનારીવાળાં વિજન વનો ઉપર છવાએલ અગાધ આ-કાશની જેમ ઝાંખા પડી જાય છે. પડદો ઊંચો થવાની સાથે જ દૂર દૂર ગર્જનાનો ગડગડાટ થાય છે.]

શાન્ત યજ્ઞવેદી પાસે ઊભોઊભો તાડપત્ર વાંચે છે. ઘોર ગર્જનથી ચમકી તે ઊંચે આકાશમાં જુએ છે]

શાન્ત : ગર્જનાના કડાકા આવી પડનારી અનિષ્ટ આપત્તિનું સૂચન કરતા હોય એમ લાગે છે.

[એકાએક દેવમન્દિરનાં દ્વાર ઊઘડે છે ને બારણાના ચોકઠાને મઢી દેતો ઊભેલો શુક્ર દેખાય છે. શાન્તને એકલ જોઇ શુક્ર પગથિયાં ઊતરી તેના તરફ જાય છે.]

શુક્ર : તને અક્ષરો વંચાય છે તો ખરાને ?

શાન્ત : જી હા, દેવ !

શુક્ર : કણાદ ક્યાં ?

શાન્ત : એ હમણાં જ આવી પહોંચશે. સાંભળો દેવ; તે કહે છે : કેવળ એક કેશરેખા પણ સત્યને અ-સત્યમાંથી જુદું પાડે છે. જે કોઇ મનસા, વાચા, કર્મણા તેને ગૂંચવી નાખશે તેના પર ઇન્દ્રનો ન્યાય ઊતરશે.

શુક્ર : ઇન્દ્રની ગર્જના ન્યાય્ય છે. તે માર્ગ ભૂલેલાં-ને તેમજ અધર્મી પાપાચારીઓને જંગલમાંથી, સઘન ઘટાઓના ગર્ભમાંથી અથવા કોઇ ઘેરી-આંતરી જગ્યા-ની નિઃસ્તબ્ધતામાંથી પણ શોધી કાઢશે, અને તેમના પર પોતાનો ન્યાય ઉતારશે. અજાણ્યે માર્ગભૂલ્યું હૈયું પણ ઇન્દ્રની શિક્ષામાંથી નહિ બચવા પામે.

[દૂરદૂર ગર્જના ઘૂમરીઓ ખાય છે.]

શાન્ત : દેવ, આપ જ્યારે બોલો છો ત્યારે એકલું હૈયું જ ઉન્માદથી ભરતા નથી, પણ સાથેસાથે આ-ત્માને પણ સત્યના સનાતન સૌંદર્યથી મઢી દો છો.

શુક્ર : પ્રશંસા કરવી એ સારી વાત છે; પણ મને, જે હજી ઇશ્વરને ઓળખી શક્યો નથી અને . . .

[શુક્ર શોકગ્રસ્તની જેમ માથું હલાવે છે.]

શાન્ત : આપ એ ઇશ્વરને જલદી ઓળખી શકશો. સમય સમીપ આવ્યો છે.

શુક્ર : હું ઇચ્છું છું કે એ સત્ય થાય.

શાન્ત : દેવ ! હું કરી શકું એવું આપનું કોઇ પણ કામ હોય, આપનો ભાર જરા સરખો યે હળવો કરી

શકું એમ હોય . . .

શુક્ર : એ તો તેં ક્યારનું યે કરી નાખ્યું છે. આશ્રમનો બધો ભાર મારે માથેથી તેં ઉપાડી લીધો છે. તેં મને અતૂટ એવા કૃતજ્ઞતાના બંધને બાંધી લીધો છે.

[કણાદ પ્રવેશે છે.]

હં, કણાદ! આજે કેમ છે?

[શુક્ર કણાદ પાસે જાય છે. કણાદ બાવીસ વસન્તોના તેજે દીપતો યુવાન છે.]

કણાદ : દેવના આશીર્વાદથી ક્ષેમ છું. દેવની સમાધિ પૂરી થઇ?

શુક્ર : (સખેદ) સાડી બાવીસ ઘટિકા હું સમાધિસ્થ હતો; પણ . . . હવે હું સ્તુતિ–પ્રાર્થના માટે જાઇશ.

[શુક્ર દેવમન્દિરમાં જાય છે; ને બારણાં બંધ કરી દે છે.]

કણાદ : આજે દેવ રોજના દેવ નથી લાગતા!

શાન્ત : દેવ જ્યારે લાંબી સમાધિમાં હોય છે ત્યારે બદલાઈ જાય છે.

કણાદ : દેવની આંખોમાં ઉદાસીનતા હતી, નહિ?

શાન્ત : ઉદાસીનતા? જે આનંદ અને શોક, વિલાસ અને વિપત્તિ, પ્રેમ અને તિરસ્કારથી પર છે તે ઉદાસ હોઇ જ કેમ શકે?

કણાદ: પ્રેમથી પણ પર?!!

શાન્ત : હા પ્રેમથી પણ પર, તિરસ્કાર અને પ્રેમ ઉભય વિરોધી તત્ત્વો છે; માયા છે, ઇન્દ્રજાલ છે.

કણાદ: છતાં પણ આપણે જગતને ચાહવું તો જોઇએ જ.

શાન્ત : જગતને આપણે ચાહીએ છીએ સહાય આપવા માટે.

કણાદ : ગ્રામજનો સાંસારિક જીવન જીવે છે છતાં ય દેવ તેમના તરફ બહુ મમતાળુ છે.

શાન્ત : આપણે આશ્રમવાસી સંન્યાસીઓ છીએ. ઇશ્વરની અખિલ માનવતાને–તેનાં બાલકોને આપણા વિચારો, સેવા ને સ્નેહ અર્પી શકીએ એટલા માટે તો આપણે સંસારનાં અને કૌટુમ્બિક જાલનાં બંધનોને છેદી નાખ્યાં છે. આપણો સ્નેહ નિષ્પક્ષપાતી–અપાર્થિવ છે.

[દૂરદૂર આકાશમાં કડકડાટ થાય છે.]

કણાદ : હા, એ સત્ય છે; છતાં પણ હું ધારૂં છું કે દેવ અન્ય કરતાં તને વધુ ચાહે છે.

શાન્ત: ના ભાઇ ના. દેવ કોઇને પણ કોઇથી વધુ ચાહતા નથી. આજ દસ વર્ષથી હું દેવના સાન્નિધ્યમાં છું; અને તેથી જ કેટલુંક કામ દેવ મને સોંપે છે. પરન્તુ સત્ય જોઇએ તો દેવ કોઇને જ ચાહતા નથી. ઇન્દ્રદેવ! મારા સાક્ષી બનો; દેવ કોઇને પણ કોઇથી વધુ ચાહતા નથી.

કણાદ : દેવ ઉદાત્તહૃદયી છે; છતાં પણ તે તને કોઇથી પણ વધારે ચાહે છે, એમ ધારવું મને સુખદ લાગે છે.

શાન્ત : દરેક પ્રાણીને તે ચાહે છે. જગતમાં માનવોની જેમ એકને વધારે ઓછું ચાહનાર એ નથી. ગઈ કાલે, જ્યારે ભગ્નહૃદયા અબળાની જેમ વરસાદ સહસ્ર આંખે રડી પડ્યો ત્યારે દેવનો આત્મા પ્રકાશ અને પ્રેમમાં કેવો એકરૂપ થઇ ગયો હતો! ઇશ્વરના એ અનાગતદર્શી છે, તેના મહિમાના એ ગાયક છે.

કણાદ : એ શબ્દો હજી યે મારા કાનમાં ગુંજે છે.

શાન્ત : દેવના શબ્દગર્ભમાં ચમકતો શબ્દાતીત આનંદ હું કદી યે નહિ ભૂલી શકું. જેણે જગતની પાર્થિવ જંજાળોને તોડી નાખી છે તે જ આવા અમર ને અતલ પ્રેમ વિષે બોલી શકે. કોઇ પ્રકારની ચિન્તા નહિ . . .

કણાદ : એ વિષે જ હમણાં હું તને કહેવાનો હતો. તને દેવની આંખોમાં ઉદાસીનતા ને ચિન્તા નથી દેખાતાં?

શાન્ત : દેવ ગંભીર ચિન્તનમાં છે; બીજું કાંઇ નહિ.

કણાદ : જ્યારથી દેવને સંદેશ મળ્યો છે ત્યારથી એમના હૈયા પર જાણે બ્રહ્માંડનો ભાર આવી બેઠો છે. તે ઘણા જ વિષાદજનક સમાચાર હતા.

શાન્ત : એ સમાચારને અને દેવના ગાંભીર્યને કશો જ સંબંધ નથી.

[ફરીથી હિમશિખરોમાં ગર્જનાના કડાકા થાય છે. દેવમન્દિરનું દ્વાર ઉઘડે છે. શુક્ર બહાર આવી પાછલે હાથે જ બારણું બંધ કરે છે. પછી તે દેવમન્દિરની સામે જ સ્થિર ઉભો રહે છે.]

શુક્ર : (બોલાવતાં) કણાદ!

કણાદ : આવ્યો, દેવ!

[કણાદ શુક્ર પાસે જાય છે. શુક્ર તેને કેટલાંક સૂચનો કરે છે. કણાદ પ્રસ્થાન કરી જાય છે. શુક્ર ઊંચેરા આભમાં તાકતો ઊભો રહે છે.]

શાન્ત : કેટલી અદ્‌ભુત મૂર્તિ છે! દેવ જ્યારે દેવમન્દિરની દેવડી આગળ ઊભા રહે છે ત્યારે પૃથ્વીના પાપાચારીઓને અમરોના ધામમાં દોરી જવા કોઇ બીજા દેવ પૃથ્વી પર પધાર્યા હોય એમ લાગે છે. દેવ!

આપ મારા ગુરુ છો, દેવ છો એ જ મારૂં કેટલું અહોભાગ્ય! બ્રહ્માએ આપ જેવા ગુરુ સર્જાવ્યા; બ્રહ્માનો ચિરકાલ ઋણી રહીશ.

[કણાદ પ્રવેશે છે. શુક્ર શાન્ત તરફ ફરે છે. કણાદ શુક્રને અનુસરે છે.]

કણાદ: દેવ, બધું તૈયાર છે.

શુક્ર: તું ગામમાં જા; તેમની સાથેના બધા કુશળ છે કે નહિ તે પૂછી જોજે. જ્યારે ઈશ્વર રૂઠે છે—ઓહ! જો ફરીથી વરસાદ પડશે તો ધરતીનાં ધાન્ય ધોવાઇ જશે. પછી તેઓ જીવશે શી રીતે? ના ના! એ તદ્દન અશક્ય છે. તમે બંને તેમની પાસે જાઓ, અને મારા આશિષ આપો. તેમને કહેજો કે અમે આજ રાત્રે ઇન્દ્રદેવને બીજું નિવેદન કરીશું—અર્ઘ્ય આપીશું. હવે વધુ વરસાદ પડે એ હાનિકારક છે.

શાન્ત: કણાદ! આપણાં ભિક્ષાપાત્ર લઇ આવ.

કણાદ: (જતોજતો) માર્ગદીપકો—મશાલો પણ સાથે લેતો આવું?

શુક્ર: મેઘખંડો ચન્દ્રને ઢાંકી દેશે; અને મશાલોને પણ.

[કણાદ જમણી બાજુએથી જતો રહે છે.]

ઓહ!

[આકાશમાં ગડગડાટની નોબતો ગડગડે છે. તોફાન તીવ્ર વેગે વધતું જાય છે.]

(શાન્ત પ્રત્યે) તોફાન તીવ્ર વેગે વધતું જાય છે. વરસાદ તૂટી પડે તે પહેલાં તું કોઇ સ્થળે આશ્રય શોધી લે.

[થોડો સમય નિઃશબ્દતા છવાય છે.]

દિવસે દિવસે જગત કાળું ને કાળું જ થતું જાય છે. તેના શરીરની આજુબાજુ પાપ ને દુર્ગુણનો મોટાં ગૂંચળાંવાળો સાપ વીંટળાઇ વળ્યો છે. આપણે ત્યાગીઓ જ જગતને તેનાથી બચાવી મુક્ત કરી શકીએ. શાન્ત! દૃઢ બન અને મારામાં બળ પૂર. તું કેવળ મારો શિષ્ય જ નથી, પણ મિત્ર અને ભાઈ છે.

[શુક્ર શાન્તને છાતી સરસો ચાંપે છે.]

શાન્ત! જગતથી મને બચાવ!

કણાદ: (પ્રવેશતાં) અત્યારે . . .

[કણાદ આશ્ચર્યમાં થંભી જાય છે.]

શુક્ર: (શાન્તને મુક્ત કરતાં) કણાદ! આમ મારી પાસે આવ!

[કણાદ શુક્ર પાસે જાય છે. શુક્ર પોતાનો એક હાથ કણાદના કંઠે વીંટાળે છે.]

નાનાભાઇ!



કણાદ અને શાન્ત જાય છે

કણાદ: (દીપ્તિભરી આંખે) દે . . . વ . . . !

શુક્ર: શૂરો અને સ્વતંત્ર થા. જગતની—સંસારની ઇન્દ્રજાળને છેદી નાખ. ફરીથી ગામમાં જા અને આપણાં આશીર્વચનો તેમને પહોંચાડી આવ. ઈશ્વર તેમને હૃદયે વસો! તું અહીં કુશળ પાછો આવજે.

[આકાશમાં વજ્રકડાકા થાય છે અને હિમાદ્રિનાં હિમશિખરોમાં વીજળીઓ સાપની માફક સળવળતી ઝણકારા મારે છે.]

ઓ શચીશ! જો, જો, ત્યાં વરસાદ પડે છે. જા, ઝડપથી જા . . .

[શાન્ત કણાદ પાસેથી ભિક્ષાપાત્ર અને મશાલ લે છે.]

શાન્ત: કણાદ! ચાલ!

શુક્ર: (શાન્ત ને કણાદના મસ્તકે હાથ ધરી) તમ બંનેને મારા આશીર્વાદ છે. દેવેશ તમારી રક્ષા કરો . . . .

[શુક્રના આગળના શબ્દો સળવળતી વીજળીઓમાં અને ગર્જનના કડાકામાં ખેંચાઈ જાય છે. કણાદ અને શાન્ત ૐ શાન્તિ ૐનો પાઠ કરતા પગથિયાં ઊતરે છે.]

શુક્ર: આ તોફાન શમી જાઓ. ૐ શિવ! શિવની તારા પર કૃપા છે. શાન્ત! છેલ્લાં દસ વર્ષથી તે મારી સાથે જ છે; સજીવ સત્યની, જગન્નિયંતાની શોધમાં તેણે મને ઘણી મદદ કરી છે. આજે હું ઇશ્વરની પાસે—તદ્દન પાસે જ છું. આજે હું સિદ્ધિના ઉંબર પર ઊભો છું. મને લાગે છે કે થોડા દિવસોમાં જ વચ્ચે



આજે હું સિદ્ધિના ઉંબર ઉપર ઊભો છું

ઝૂલતો વિરાટ પડદો ઊંચકાઈ જશે અને હું અંતિમ ગૂઢને ભેદી શકીશ.—કોણ આવે છે? (એકતાન થઇ સાંભળે છે.) કણાદ અને શાન્ત એટલામાં જઇને પાછા આવી શકે જ નહિ. ઓ! ભીરુ માયાજાળ! આજ-કાલ હું અસંખ્ય ઇન્દ્રજાળોથી ઘેરાઈ રહ્યો છું, મુંઝાઇ રહ્યો છું. ઉષાના આગમન પૂર્વે આકાશમાં જામેલા ગાઢા તિમિરગઢની જેમ કદાચ એ બધાં મારી શોધનો અંત સૂચવતાં હશે. પણ અંધારના પડદા ઊંચકાઇ જશે અને પ્રકાશનો જ્યોતિર્પુંજ ઝળહળી રહેશે ને હું પરમેશ-ને પામીશ. (કાંઇક અવાજ સાંભળતો હોય તેમ ફરીથી કાન માંડે છે.) શું તેઓ એટલી વારમાં આવી પહોંચ્યા? (બૂમ પાડે છે.) શાન્ત!

[શુક્ર નીચે જુએ છે. આકાશમાં ઘોર કડકડાટ થાય છે. શુક્ર તે તરફ દુર્લક્ષ કરે છે. એકાએક તે ઉદ્વેગનો પ્રત્યાઘાત અનુભવે છે.

નીચેથી પાદરવ ઊંચે ને ઊંચે જ આવતો સંભળાય છે. પોતે જે જોયું છે તે ચમત્કાર છે કે સત્ય છે તેની ખાતરી કરવા તે આંખો ચોળે છે.

તે કેટલાંક ડગ આગળ ભરે છે એવામાં એક વૃદ્ધનું માથું દૃષ્ટિપથમાં ઊંચું આવે છે.

શુક્ર જડ જેવો બની જાય છે અને પાછે પગલે પવિત્ર છોડ સુધી જાય છે. તે સ્થિર-ચિત્રવત્ ઊભો રહે છે. વૃદ્ધ આખરે છેલ્લું પગથિયું ચડે છે. તે શુક્રને



તારા વૃદ્ધ પિતાને નથી ઓળખી શકતો?

નથી જોતો. પાસે જ, હિમાલયમાં તેની આંખો ફરે છે. પછી તેની આંખો મુનિવાસની દિવાલો પર મુસા-ફરી માંડે છે અને એકાએક શુક્ર દૃષ્ટિજાલમાં પકડાય છે.]

શુક્ર : (તેને સંબોધીને) અહીં કોને શોધો છો?

વૃદ્ધ : (શુક્ર તરફ મીટ માંડી) કોણ, શુક્ર? તું તારા વૃદ્ધ પિતાને નથી ઓળખી શકતો?

[વૃદ્ધ બાહુ પ્રસારી શુક્રને ભેટવા જાય છે.]

શુક્ર : મારે પિતા જ નથી.

વૃદ્ધ : પણ હું તારો પિતા છું. કાલે કોઇ દૂતે સંદેશો નથી પહોંચાડ્યો?

[એક પળ નિ:શબ્દ વાતાવરણ છવાય છે.]

એણે મને જૂઠું કહ્યું? તું જાણતો નથી કે તારી માતા . . . .

શુક્ર : તમારા તરફથી દૂત આવ્યો હતો.

વૃદ્ધ : તો પછી જલદી ઘેર ચાલ. વખત ન ગુમાવ. ચાલ, બેટા, તારી માતા આ પૃથ્વી પરથી ચાલી જાય તે પહેલાં ચાલ.

શુક્ર : હું આવી શકું તેમ નથી.

વૃદ્ધ : તું નહિ આવી શકે? તું જાણતો નથી કે તારી માતા મૃત્યુશય્યા પર છેલ્લા શ્વાસ લઇ રહી છે?

શુક્ર : જગતનો મેં ત્યાગ કર્યો છે. છેલ્લાં બાર વર્ષથી મારે કોઇ પિતા નથી—કોઇ માતા નથી.

વૃદ્ધ : તેં અમારો ત્યાગ કર્યો છે, અમે તારો ત્યાગ નથી કર્યો. અને તારે હમણાં આવવું જ પડશે.

શુક્ર : મેં આવેલા દૂતને કહ્યું હતું કે મારે પિતા નથી--માતા યે નથી; હું નહિ આવું.

વૃદ્ધ : એ બધું યે મેં જોયું. જો તું અમારો પુત્ર હોય તો આવો પથ્થરહૈયાળો ન જ હોય. ચાલ બેટા! હું--તારો જનક તને વીનવું છું.

શુક્ર : ના, ના! ઇશ્વર એકલો જ મારો જનક છે.

વૃદ્ધ : ધર્મશાસ્ત્રમાં નથી કહ્યું કે તારાં માતાપિતા એ જ તારાં ઇશ્વર છે? તારા પિતાની આજ્ઞા તારે પાળવી જોઇએ.

શુક્ર : સત્ય જેનાથી સેંકડો યોજન દૂર છે, પ્રકાશ-નો જેણે પડછાયો પણ જોયો નથી તેણે આવું કહ્યું છે.

વૃદ્ધ : શાસ્ત્રને નામે હું તને આજ્ઞા કરું છું.

શુક્ર : ઇશ્વર એકલો જ મને આજ્ઞા કરી શકે.

વૃદ્ધ : કમલાપતિ! મારી રક્ષા કરો!

બેટા! તું સ્વપ્નમાં છે શું? ત્યાં, પણે, તારી માતા મૃત્યુની સામે ઝઝૂમી રહી છે.

શુક્ર : એ બધું યે મેં જાણ્યું છે.

વૃદ્ધ : અને છતાં યે તું નહિ આવે?

શુક્ર : ના પિતાજી! હું નહિ આવી શકું જે દિવસ-થી મેં ત્યાગીના શપથ લીધા તે જ દિવસથી મેં તમારી સાથેનો સંબંધ તોડી નાખ્યો છે. મારે બધાં બંધનોથી પર રહેવું જોઇએ. હું બધાંને ઇશ્વર પ્રીત્યર્થ ચાહી શકું તેટલા માટે મારે મારા માટે કોઇને જ ચાહવું નહિ. જ્યાંસુધી ઇશ્વર મને અન્યત્ર બોલાવે નહિ ત્યાંસુધી મારે અહીં જ રહેવું જોઇએ.

વૃદ્ધ : પરંતુ પ્રત્યેક શ્વાસ સામે ઝઝતી તારી માતા તને જોવા ઇચ્છે છે—મળવા તલપે છે.

શુક્ર : પણ હું આવી શકું તેમ જ નથી.

વૃદ્ધ : છતાં યે તારે આવવું જ પડશે.

શુક્ર : મારાથી અવાય તેમ હોત તો હું જરૂર આવત; પણ મારૂં જીવન ઇશ્વરાધીન છે.

વૃદ્ધ : (મજાકભર્યા સ્વરે) ઇશ્વર? તારૂં જીવન પણ ઇશ્વરાધીન છે? પણ તને જીવન આપ્યું કોણે? ઇશ્વરે તને જીવન નથી આપ્યું, પણ જીવન તો આપ્યું છે તારી માતાએ,—જે અત્યારે મૃત્યુના કરાળ જડબામાં ઝડપાઇ રહી છે. કેટલી કૃતઘ્નતા! ખરેખર, આ અંધારયુગ છે. આજે પુત્રો પિતાથી ફરી બેઠા છે અને માતા-ઓનાં જીવન હણી રહ્યા છે.

શુક્ર : (અડગ દ્રઢતાથી) હું એકને બીજા કરતાં વધુ ચાહતો નથી. ઇશ્વર દોરે છે તેમ મારૂં હૈયું અને મારાં પગલાં દોરાય છે.

વૃદ્ધ : (મજાકથી) તારા આ કથનનું સાક્ષી સત્ય છે?

શુક્ર : જો હું એકને અન્ય કરતાં વધુ ચાહતો હોઉં તો ઇન્દ્રદેવ મને શિક્ષા કરે! ઇન્દ્રદેવ! હું કહું છું તે સાંભળો.

[ઊંચેઊંચે ગગનમાં ગર્જનાનો ધ્વનિ ગોરંભે છે.]

વૃદ્ધ : (નિરાશા નીતરતા સ્વરે) બેટા, શુક્ર! તારા ઇશ્વરને ખાતર પણ તારી માતા પાસે ચાલ! હું તને ચરણે નમી પ્રાર્થું છું.

[વૃદ્ધ શુક્રને ચરણે નમે છે. શુક્ર તેને ઉઠાડે છે, અને પોતાનું માથું વૃદ્ધના ચરણોમાં ઢાળે છે.]

તો તું આવે છે?

[શુક્ર ઊભો થાય છે.]

શુક્ર : (ગદ્‌ગદિત કંઠે) ધર્મશાસ્ત્રનો એવો નિયમ છે કે દરેક મુનિ, યોગી, તપસ્વી, ત્યાગીએ પોતાની માતૃભૂમિનાં દસ બાર વર્ષે દર્શન કરવાં જોઇએ.

વૃદ્ધ : અને તું અમને ત્યાગીને ચાલ્યો ગયો તેને આજે બાર વર્ષ થયાં છે. એ નિયમને ધન્યવાદ હો, આશિષ હો!

શુક્ર : છતાં પણ, પિતાજી, હું જઇશ તો પણ તે નિયમાધીન બનીને નહિ. મને આજસુધી શાસ્ત્ર-નિયમનું સ્વપ્ન સરખું યે આવ્યું નથી. પરંતુ મારી માતાને મળવાની તીવ્ર ઉત્કંઠા જાગી છે તેથી જ હું નિયમાનુસાર વર્તવા તૈયાર થાઉં છું.

ઓહ! કેટલું હાસ્યસ્પદ! આપણને પાપી અથવા પવિત્ર ઠરાવનાર આપણો અંતરાત્મા જ છે, કાયદાના અક્ષરો નહિ. જો કાયદાને માન આપવા માટે હું તમારી સાથે આવું તો તે કાયદાની પ્રતારણા ગણાય.

વૃદ્ધ : કાયદાની પ્રતારણા?

શુક્ર : વિચાર જ આપણી નિર્દોષતાનું સાચું માપ છે. જે અધર્મ ચિંતે છે તે અધર્મી જ છે. ના, ના! મને શાસ્ત્રના નિયમોથી લલચાવો નહિ. મારે અહીં રહેવું જ જોઇએ. મારે મારા શપથ સબળરીતે પાળવા જોઇએ.

[શુક્ર આભમાં આંખ માંડે છે. આભ-માં અસંખ્ય કાળાં વાદળો છવાએલાં છે.]

વૃદ્ધ : આદેશ આકાશમાં લખેલા નથી; આદેશ

તો કોતર્યાં છે માનવહૈયાની પાટી પર. તારા અંતરના અવાજને અનુસર.

શુક્ર: એક ઇશ્વરનો આદેશ જ મને માન્ય રહેશે. હું તેની આજ્ઞાનું ઉલ્લંઘન કરી શકું નહિ. મારા જેવા ત્યાગીએ મારી માતાને જોવાની ઇચ્છાથી આમ ચલિત થઈ શપથભ્રષ્ટ થવું યોગ્ય નથી. ના—ઓ પ્રભુ!

વૃદ્ધ: અંતિમ શ્વાસ લેતી માતા પાસેથી તેના બાળકને ઝૂંટવી લેનાર ઇશ્વર કેવો હોવો જોઇએ? હિંદુ જીવનમાં આવો ઇશ્વર કોઇએ જાણ્યો નથી. આવો કોઈપણ ઇશ્વર નથી—એના શ્વસનનું યે અસ્તિત્વ નથી.

[આકાશમાં ઘોર કડાકા થાય છે અને આંખોને આંજતી, કાળજીભો જેવી, વિદ્યુત્જીંહાઓ લબકે છે.]

શુક્ર: માર્ગચ્યુત થતા ઓ પ્રવાસી! તમારા ઉત્પાદકની નિંદા મા કરો. તે સત્યનો અધીશ્વર છે—પ્રેમનો પ્રભુ છે.

વૃદ્ધ: (અવજ્ઞાપૂર્વક) પ્રેમનો પ્રભુ? સૂર્યની આંખોને આંધળી બનાવનાર મેઘની જેમ તારી ન્યાયબુદ્ધિને ચક્ષુહીન બનાવનાર અને તારા હૈયાના ઓઘને—જીવનજલને સૂકવી નાખનાર પ્રેમનો પ્રભુ શી રીતે હોઇ શકે? તું જૂઠું બોલે છે. તે પ્રેમનો પ્રભુ નથી, પણ તને તારી માતાના જીવનાનન્દને લૂંટી લેવાની ફરજ પાડનાર—સ્વાર્થી પ્રેમનો—ઘેલછાનો પ્રભુ છે. હું . . . હું ઇશ્વરને તારે બદલે જવાબ આપીશ. તારી માતાને મળવામાં તું જો પાપ કરતો હોય તો એ પાપની શિક્ષા ઇશ્વર મને આપે—એ શિક્ષા હું સહન કરીશ. ચાલ, તારા પિતાની આજ્ઞા પાળ. જો તે પાપ જ હોય તો એ પાપભાર હું મારે માથે સ્વીકારૂં છું.

શુક્ર: એમ ન ઇ શકે. પોતાનાં સુકૃત્યોનો પરિપાક જેમ માનવી પોતે જ પામે છે તેમ પોતાના પાપનો પરિપાક પણ તેણે પોતે જ લણવો રહ્યો. અન્યના પાપનું પ્રાયશ્ચિત્ત કોઇપણ બીજું ભોગવી ન શકે. ઓ પ્રભુ! જે પળે હું જન્મ્યો તે પળ શાપિત હો, જે . . .

વૃદ્ધ: (સક્રોધ) તું તારા જન્મને જ ધિક્કારે છે? શાપ આપે છે?

શુક્ર: હા; દુ:ખભર્યા આ જગતમાં જન્મવું એ પણ એક શાપ જ છે!

વૃદ્ધ: તો તો તારા વ્યથિત માનસને અને તારા લાગણીસૂના શુષ્ક હૈયાને જ શાપ દે; નહિ કે . . .

શુક્ર: તમે ભૂલો છો. જે પળે મને આ માયામોહમય આભાસમય અવનિમાં જન્મતાં પોતાની આંખે જોયો છે તે પળને હું શાપું છું, અને . . .

વૃદ્ધ: તું જે પળે જન્મ્યો તેને શાપવાની ધૃષ્ટતા કરે છે? ઓહ! કેટલો કુટિલ પાપી! જે સમયે તારી જન્મદાત્રી મૃત્યુમુખમાં ખેંચાઇ રહી છે તે સમયે તું તારી જન્મપળને શાપ આપતો ઊભો છે! પ્રભુ! સાક્ષી રહેજો! તેણે મારો ક્રોધ વહોરી લીધો છે. હવે . . . કોઇ પણ ઇશ્વરની શક્તિ નથી કે તેને બચાવી શકે.

શુક્ર: પિતાજી . . . આમ . . .

વૃદ્ધ: શુક્ર! હું—તારા જીવનનો ઇશ્વર—તારો પિતા તને શાપ દઉં છું. તેં તારી માતાને એના બાળકથી અને તજ્જન્ય આશ્વાસનથી વિખૂટી રાખી છે અને તારા પૂર્વજોના આત્માનો કોપ વહોરી લીધો છે.

શુક્ર: (બૂમ પાડીને) પિતાજી! આમ ન કરો! આમ . . .

[આકાશમાં મેઘગર્જના ઘોરી ઊઠે છે અને આખું આકાશ કાળી મેઘચાદરથી ઢંકાઈ જાય છે.]

વૃદ્ધ: આમ નહિ? એમ જ થશે. દિવસે, રાત્રે, જતાં અને આવતાં તારૂં અકલ્યાણ હો! તું કુલથી શાપિત હો, ઇશ્વરના આત્માથી શાપિત હો!

[કાળજું કંપાવી નાખે એવી ગર્જનઘૂમરીઓ હિમાદ્રીમાળામાં ઘૂમી વળે છે. કાળી ભૂમિ પર પ્રકાશના પડછાયા નાચતા હોય તેમ કાળા વ્યોમાંગણ પર વીજળીઓ કડાડની નાચે છે.]

શુક્ર: (વૃદ્ધનાં ચરણો પર ઢળી પડી) પિતાજી હું આપને વીનવું છું . . .

વૃદ્ધ: (સંકોચાઇને, દૂર ખસીને) મને સ્પર્શીશ મા!

[વૃદ્ધ ડાબી બાજુએ ચાલવા માંડે છે.]

જીવન પર્યન્ત અને મૃત્યુમાં—સદાકાળ માટે તું શાપિત છે.

શુક્ર: વિભો! પિતાજી! આમ ન ચાલ્યા જાવ!

વૃદ્ધ: દૂર રહે; હું તારો પિતા નથી.

[કાનના પડદા ફાડી નાખે અને આંખો આંજી નાખે એવી ગર્જના અને વીજળીઓ વ્યોમપટને વીંધી રહે છે.]

શુક્ર: પિતાજી . . .

વૃદ્ધ: (પગથિયાં ઊતરતાં) મને 'પિતાજી' સંબોધી મારા કાન મા અભડાવ. તારા પર ઇન્દ્રનો ન્યાય ઊતરો!

[ક્રોધ અને ભયથી કંપતો વૃદ્ધ ડાબી બાજુએ દૃષ્ટિપથ નીચે સરી પડે છે.]



શાન્ત!... શાન્ત!... ગયો!!

શુક્ર: પિતાજી! સાંભળો! ઓહ!

[પ્રલયનાં પૂર જેવો વરસાદ સહસ્રધારાએ તૂટી પડે છે; વજ્રકડાકાથી વ્યોમાંગણ ભેદાઇ રહે છે; પ્રકાશમાં ચમકતી તલવારોની માફક વીજળીઓ ચમકે છે.

વરસાદ દરેક વસ્તુને દૃષ્ટિ આગળથી ભૂંસી નાખે છે. ગાઢ, કાળી ધારામાં વરસાદ હિમમસ્તકે તૂટી પડે છે; કાળી જલધારામાંથી વીજળીની સાંકળો અને દોરડાંઓ બળતાં, દોડતાં દેખાય છે.

થોડી વાર પછી આકાશ નિરભ્ર થઇ જાય છે. ઝાંખા ચન્દ્રપ્રકાશમાં શુક્ર પવિત્ર છોડ પાસે નગતો દેખાય છે. તેના વાળ વીખરાઇ ગએલા છે અને ગ્લાનિની અસરથી તે ધીમેધીમે ઊભો થાય છે. નીચે કોલાહલ સંભળાય છે.]

સમાપ્તિ હશે? ઇન્દ્રે ન્યાય કરી મને નિર્દોષ ઠરાવ્યો છે! જો હું દોષિત હોત, પથભ્રષ્ટ હોત તો મારા પર સળગતી વીજળી તૂટી પડી હોત, અને હું વરસાદથી નિર્દંષ્ટ બનીને, મૃત્યુની રાહ જોતો ત્યાં પડ્યો હોત. ઇન્દ્રે સાચો ન્યાય કર્યો છે.

[નીચેથી ફરી અવાજો આવે છે. શુક્ર તે સાંભળતો નથી.]

પડછાયા જેવી ઓ આભાસમયી અવનિ! અન્તે હું તારાથી છૂટ્યો છું—પ્રેમથી ને પ્રેમપાત્રોથી—બધાં યે બંધનોથી! હવે મને પાર્થિવ બંધનાં બંધન નથી–ઇશ્વર એકલો જ મારો આધાર છે. આખરે હું કોઇ પણ પાર્થિવ પ્રાણીના બંધનથી બંધાએલો નથી.

[વિચિત્ર વિશ્રામ]

... શાન્તથી પણ નહિ.

[પગથિયાં સુધી આવી પહોંચેલો પાદધ્વનિ શુક્રના કાને પડે છે. તે સચેત બને છે; નીચેની મશાલોનો પ્રકાશ પણ તે જુએ છે.]

કોણ છે એ?

[શુક્ર કેટલાંક પગલાં આગળ વધે છે. કણાદ હાથમાં મશાલ સાથે શુક્ર પાસે આવી પહોંચે છે.]

દેવ...! દે... વ...!

શુક્ર: કણાદ, તું...

[સ્વલ્પ પણ મર્મભેદક વિશ્રામ.]

આટલો બધો ગભરાએલો શા માટે? શાન્ત ક્યાં?

કણાદ: શાન્ત... શાન્ત...

[એકાએક બીજી મશાલોનો પ્રકાશ ઉપર આવતો શુક્ર જુએ છે.]

શુક્ર: કહે, એ કોણ આવે છે?

કણાદ: તેઓ એક મૃત દેહને અહીં લાવે છે.

શુક્ર: મૃતદેહ? કોનો મૃતદેહ?

[સત્યનું પૂર્વસૂચન શુક્ર ઉપર ધસી આવે છે.]

ને શાન્ત ક્યાં છે?

કણાદ: (એકદમ) ટેકરીની તળેટીમાં તેના પર વીજળી તૂટી પડી.

શુક્ર:(ભયાનક આર્ત્તસ્વરે)શાન્ત—મારા શાન્ત—

[બે માણસો એક હાથમાં મશાલ સાથે અને બીજા હાથે કોઇ સફેદ વસ્તુ સાથે પગથિયાં ચડી આવે છે. આ દૃશ્યથી શુક્ર નિર્વાક્ બની જાય છે.

થોડી વાર શાન્તિ પથરાય છે. પેલા બે માણસોની પાછળ બીજી એક મશાલ આવતી શુક્ર જુએ છે. શુક્ર ધીમેથી બોલે છે]

શાન્ત...! શાન્ત... ગયો...!

[તારકતેજથી ચમકતા આકાશ તરફ જોઇ, જરા વિશ્રામ લઇ]

આ ઇન્દ્રનો ન્યાય!

(પડદો પડે છે.)

શંકરજતી ગોંસાઇ

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

હરીફાઈના નિયમોના મુખ્યમુખ્ય મુદ્દાઓ પર જુદેજુદે વખતે ધ્યાન ખેંચવા છતાં તેના કોઇ ને કોઇ નિયમ પરત્વે ભાગ લેનારાઓને હાથે જાણ્યેઅજાણ્યે અવગણના થયા જ કરે છે તેથી, તેમજ તેમાં થોડા ફેરફાર કરેલા હોવાથી આ નીચે બધા નિયમો ફરી આપીએ છીએ, અને તેમાંની બધી વિગતોના પાલનને માટે સૌ ભાગ લેનારાઓ આગ્રહ રાખે એમ ઇચ્છીએ છીએ.

(૧) આ હરીફાઇ ઍમૅચ્યોઅર્સ (શિખાઉ ને શોખથી ફોટોગ્રાફી કરનારા) માટે જ છે. ધંધાર્થી (પ્રોફેશનલ) ફોટોગ્રાફરો આમાં ભાગ લઇ નહિ શકે. (૨) હરીફાઇના ફોટોગ્રાફો પોસ્ટકાર્ડ સાઈઝથી મોટા હોવા ન જોઇએ. (૩) બેથી વધારે ફોટોગ્રાફો એકીસાથે મોકલી શકાશે નહિ. (૪) ફોટોગ્રાફો માઉન્ટ કે પૂઠા પર ચોડેલા હોવા ન જોઇએ. (૫) દરેક ફોટોગ્રાફની પાછળ જ આટલી માહિતી લખેલી હોવી જોઇએ: (અ) વિષયનું નામ, (બ) પાડનારનું નામ તથા પૂરૂં સરનામું, (ક) તારીખ ને સ્થળ, (ડ) ફોટોગ્રાફ વિષે કાંઈ હકીકત હોય તે અતિશય ટૂંકાણમાં. આ બધી વિગતો ગુજરાતી ભાષામાં જ હોવી જોઇએ. (૬) ફોટોગ્રાફો સાથે, બીજી લાંબી હકીકતોના કે કાર્યાલયના બીજા કોઇ ખાતાને લગતી વ્યવસ્થાના કોઇપણ પ્રકારના પત્રો મોકલવા નહિ. ફોટોગ્રાફને લગતી માહિતી પણ તેની પાછળ જ લખેલી હોય. મતલબ કે ફોટોગ્રાફ સાથે પત્રો તો બીલકુલ બીડેલા હોવા ન જોઇએ. (૭) જે કવરમાં ફોટોગ્રાફ મોકલાય તેના ઉપલા ડાબા ખૂણા પર 'ફોટોગ્રાફી' એટલું લખેલું હોવું જોઇએ. (૮) ફોટોગ્રાફ ઉપર રંગ કરેલો હોવો ન જોઇએ; અથવા તે સેપીઆ ટોનનો હોવો ન જોઇએ. (૯) ઈનામો દર મહિને સંજોગો પ્રમાણે કુલ રૂા. ૫ થી ૭ સુધીનાં વહેંચાય છે. (૧૦) તંત્રીનો નિર્ણય છેવટનો ગણાશે; અને હરીફાઇમાં ઇનામ પામેલા ફોટોગ્રાફો પ્રગટ કરવાના હક 'કુમાર કાર્યાલય'ને આધીન રહેશે. (૧૧) ઈનામ ન મળેલા ફોટોગ્રાફો પાછા મેળવવા ઇચ્છનારે ફોટોગ્રાફની સાથે જ ટિકિટ ચોડેલું પોતાના સરનામાનું કવર બીડવું; છુટી ટિકિટ નહિ. (૧૨) પરિણામ બહાર પડ્યા પછી પાછળથી પોસ્ટેજ મોકલી ફોટોગ્રાફો પાછા મંગાવનારાઓએ એક માસની અંદર તે મંગાવી લેવા; તે ઉપરની મુદત પછી મોકલવાની જવાબદારી અમારી રહેશે નહિ. (૧૩) ઈનામ મળેલા ફોટોગ્રાફો પાછા મોકલવામાં આવતા નથી. (૧૪) હરીફાઇ માટે મહિનામાં ગમે તે સમયે ફોટોગ્રાફો મોકલી શકાય છે. જે મોડા પડવાને લીધે ચાલુ માસમાં ન આવી શકે તે પછીના માસની હરીફાઇમાં સ્થાન પામી શકે છે, એટલે સૌને તક તો મળે જ છે. (૧૫) ઉચ્ચ શ્રેણીની હરીફાઈ સંજોગવશાત હાલ તુરત માટે બંધ કરી છે.

આ મહિને ભાઇ ત્ર્યંબક પટેલ (વાંકાનેર)નું ફોટો-ચિત્ર 'તડકોછાંયો' માટે પહેલું ઇનામ મેળવે છે. શિયાળાની કડકડતી ઠંડીમાં, પ્રિય લાગતા તડકામાં બારી આગળ બેઠેલા નાના નિશાળીઆને લેસન કરતો જોઇને એ ભાઈએ બહુ પરિચિત વિષયમાંથી આ છબી ઉપજાવી છે. બાળકની એકાગ્રતા સ્પષ્ટ જણાય છે; ફોટોગ્રાફી અને વિષયની યોજના પણ સારી છે; પરંતુ ચિત્રને ઉપરથી અરધો ઇંચ કાપી નાખવાથી ચિત્ર વધારે ઉઠાવદાર બની શકત અને આંખનું નકામું આકર્ષણ કરતી તેટલી જગ્યા નજર સામેથી દૂર થાત. ભાઈ પીયૂષ દિવાનજી (અમદાવાદ)ના ચિત્ર 'ગઠેરો' ને બીજું ઇનામ મળે છે. આખી ટોળીના સરદાર સમો આ બુઢિયો ચીતરનારને ભારે પડી જાય એવો લાગે છે લેનારે ચિત્ર વિષયની પાછલી ભીં—બૅકગ્રાઉન્ડ તરફ બેકાળજી રાખેલી છે. નહિતો બૅકગ્રાઉન્ડમાંનાં ઝાડનાં ડાળાં તે આ રીતે લેત નહિ. બે કે ત્રણ પગલાં જમણી બાજુ ખસીને ફોટો લેવાથી તે ખામી દૂર કરી શકાત.

ભાઇ શ્રીદામ ભટ્ટ (અમદાવાદ)નું ફોટોચિત્ર 'બપોરા' ત્રીજા ઇનામને પાત્ર ઠરે છે ચાર ખાતા કાળા ધોળા બળદની જોડી બપોરનો આરામ બરોબર સૂચવે છે; પરંતુ ચિત્રવિષયની રચના બરોબર નથી. ઉમેદવારો કાતરનો ઉપયોગ કરતાં ખૂબજ અચકાય છે. આ ચિત્રમાં જમણી બાજુની લગભગ $\frac{1}{3}$ જગ્યા તદ્દન નકામી છે. ચિત્રવિષયને ટેકો આપે એવી કોઇ વસ્તુનો તે જગ્યામાં સમાવેશ થતો નથી. ઉલટું, થડની બાજુના ખુલ્લા પ્રદેશમાં આંખ ભટકતી ફરે છે અને તેટલા દરજ્જે જોનારની

(ચિત્રો તથા અનુસંધાન છેલ્લા પાનાની સામેના પૂઠા ઉપર)

આજ સુધી ઘણાએ ઘણી રીતે પોતપોતાના પ્રવાસો વર્ણવ્યા છે;—આ નીચે વર્ણવાય છે તે

સાહિત્યની નજરે

એક લાંબા પ્રવાસની કટાક્ષપૂર્ણ લેખમાળા


જેઓએ મુંબાઈ અને અમદાવાદની ભાડૂતી ગાડીઓમાં મુસાફરી કરી હોય તેમને તેમની મરજી વિરુદ્ધ પણ પાલણપુરનું નામ પરિચિત થઇ જાય છે; કેમકે મુંબાઇના વિક્ટોરિયાવાળા અને અમદાવાદના ઘણાખરા ટાંગાવાળા પાલણપુરના રહીશ હોય છે. એ રીતે પાલણપુર એ ભાડૂતી ગાડીઓનું મક્કા છે. મુંબાઇ અમદાવાદના ગાડીવાળાઓ પાલણપુરનું નામ સાંભળીને ગળગળા થઇ જાય છે, એટલું જ નહિ પણ પોતાની બધી વાત પણ સાથેસાથે જ કરી નાખે છે. એકવાર મારે ભદ્રમાંથી સાબરમતી જવું હતું. અમદાવાદની તે જગ્યાએ ટાંગો ન હતો. એક ટાંગાવાળાને માંડમાંડ મેળવ્યો, પણ તે આવવાને આનાકાની કરતો હતો પણ જેવું પાલણપુરનું નામ લીધું તેવો જ તે આવવા માટે કમ્મર કસીને તૈયાર થઇ ગયો, અને હું બેઠો કે તરત જ તેણે મને કહી દીધું કે તે સાત માસથી અમદાવાદ આવ્યો હતો, લગભગ સિત્તેર રૂપિયા એકઠા કર્યા હતા અને સો રૂપિયા એકત્ર થયા પછી તે તેની વિધવાને લઇ આવવાનો હતો. વિધવા શબ્દથી હું ચમક્યો. મેં પૂછ્યું, 'વિધવા' કોણ?

એ પુરુષ લગભગ યુવાન હતો. એણે મુગ્ધા શરમાય તેવી છટાથી ઉત્તર આપ્યો કે સાહેબ 'ચાંપ'. વિધવા કરતાં આ શબ્દપ્રયોગ વધારે અપરિચિત હતો, એટલે મેં વધારે સ્પષ્ટતા માટે આગ્રહ કર્યો. ગાડીવાન મારા અજ્ઞાનથી ખુશ થએલો દેખાયો અને અમે બધા અંગ્રેજી ભણ્યા છતાં કાંઇ જાણતા નથી એમ જાહેર કર્યું અને પૂછ્યું, ચાંપનું ઊલટું શું? હું તે જાણતો નહોતો છતાં હાંક્યું કે અડથરો, મિજાગરો, અટકાવ વગેરે. પણ તેણે બધા જવાબો નાપસંદ કર્યા. પછી કહે કે, ચાંપનું ઊલટું પાંચ. હું સ્તબ્ધ થઇ ગયો. ફરી મને પૂછ્યું, પાંચનું અંગ્રેજી શું? મેં કહ્યું ફાઇવ. મને કહે, ફાઇવનું ઊલટું શું? આ વખતે તો હું તૈયાર હતો. તે માત્ર અક્ષરોનું ઊલટાપણું જ પૂછતો હતો એટલે તેણે પૂછ્યું કે તરત જ મેં જવાબ દીધો કે વઇફા. પણ તેણે જવાબ ખોટો ઠરાવ્યો. પછી મેં ટેન, ટ્વેન્ટી વગેરે ઉત્તરો પણ અજમાવ્યા; પણ તે બધા ખોટા હતા. તેણે છેવટ સંતોષથી સગર્વ ઉત્તર આપ્યો કે 'વાઇફ.' અને પછી જાણે કાંઇ બન્યું જ ન હોય તેમ બીજી બાજુ જોઇ ઘોડાને ચાબૂક મારી ગાડી હાંકવા માંડ્યો. વિક્ટોરિયાવાળા, ટાંગાવાળા વગેરેને અંકુશમાં રાખવા હોય તો કાં તો પૂરતું ભાડું આપવું અને નહિ તો પાલણપુરનું નામ આપવું. જો પાલણપુરનું નામ લઇને સસ્તે ભાડે મુસાફરી કરનાર એ રીતે જે બચાવે તેની ઉપર નવાબ સાહેબ ઇન્કમટૅક્સ નાખે તો સારો જેવી ઉપજ થાય.

આ છેલ્લું વાક્ય રમૂજનું નથી; પણ ગંભીર છે. પાલણપુરની ધૂલિધૂસરભૂમિમાં એવું શું છે કે જે તેની વસ્તીને પોતાની જન્મભૂમિ સાથે આમ અતૂટ બંધને બાંધી રાખે છે એવો પ્રશ્ન સ્વાભાવિક રીતે જ થાય. પણ પાલણપુરના પ્લૅટફૉર્મ ઉપર પગ મૂકતાં જ એ અનુત્તર પ્રશ્નનો જવાબ મળી જાય છે.

રાજાઓ માટે કાંઇપણ લખવું ઘણું વિકટ છે. નવલકથામાં જ્યારે રાજાઓની અને કુંવરીઓની વાત આવતી; જ્યારે નગરશેઠનો દીકરો રાજાની કુંવરીને નિશાળમાંથી હરી જતો તેની અથવા રાજાના કુંવરે નગરશેઠની દીકરીની રૂપાની હેલમાં ગોળી મારી તેને ફોડી નાખી તેની કે સવા લાખનાં મોતીની, બત્રીસ જાતનાં ભોજન અને તેત્રીસ જાતનાં શાકની વગેરે વાતો જ્યારે આવતી ત્યારે તે વાંચતી વેળા બધા જાણતા કે તે માત્ર વાતો જ છે, ખરું નથી. નાટકોમાં મખમલ ઝીકનાં કપડાં કલગી તોરા સહિત રાણીને મળવા જનાર રાજા ખોટો જ છે એમ સૌ જાણે છે. નવલકથામાં આવે છે તેવાં ખરેખરાં રાજારાણી હોતાં નથી એમ બધા જાણે છે. એ સર્વે ખોટાં ચિત્રો પછવાડે રહેલું રહસ્ય એ દેખાય છે કે જેઓ રાજારાણીના નિકટ પરિચયમાં છે તેઓ તેમને વિષે લખતા નથી અને જેઓ લખે છે તેઓ પરિચયમાં હોતા નથી.

રાજાઓની સંસ્થાની આસપાસ પ્રતિષ્ઠાનો એક દુર્લંઘ્ય કિલ્લો ચણી લેવાયો છે. એ પ્રતિષ્ઠાની દીવાલની



નદીના એ વળાંકની ઉપર જ પાલણપુરના નવાબ સાહેબે એક મહેલ બંધાવ્યો છે. (ફોટો : શ્રી સૈયદ)

ભીતર જઇને રાજાના જીવનમર્મને સ્પર્શ કરવા જેટલી હદે બધા માણસો જઇ શકતા નથી. અને રાજાઓને પોતાની Splendid isolation—ભવ્ય એકલતા—ગમે ના ગમે તો પણ પોષવી અને સહી લેવી પડે છે. સહચારિતા એ માનવસ્વભાવનું લક્ષણ છે એટલે આવું એકલવાયું જીવન રાજાઓને ના જ ગમે; છતાં તે દશા અનિવાર્ય હોય છે. પ્રત્યેક પ્રતિષ્ઠાની સાથે એક જ પ્રકારની અસ્પૃશ્યતા રહેલી છે. પ્રતિષ્ઠા પર્વત જેવી છે ને તેમાંનાં સૌથી ઉન્નત શિખરો પરનું જીવન ઐકાંતિક જ બની જાય છે. રાજાઓ આવા ઐકાંતિક જીવનમાં જો કશો સહચાર સાધી શકે તો તે માત્ર પોતાના જ જેવા બીજા રાજાઓનો હોય છે. એવી બે રાજાઓની મુલાકાત વખતે તેમની ઊર્મિનાં વિરલ દર્શનો થાય છે. પણ તેટલા ઉપરથી રાજાઓ કેવા છે ને કેવા નહિ એ વિષે નિર્ણય આપી શકાય નહિ.

પાલણપુરના નવાબ સાહેબનું એવું જ એક વિરલ દર્શન થયું હોય તો તરત સમજાય કે પાલણપુર બહાર રહેતા પાલણપુરવાસીઓ શા માટે જન્મભૂમિનું આકર્ષણ જીવંત રાખી શકયા છે. મહાત્માઓનું એક લક્ષણ અલ્પાલ્પની નજર રાખવાનું હોય છે. જૈન ધર્મમાં અલ્પતાને જ મહત્તા આપવાનો બોધ છે. ક્રાઇસ્ટે કહેલું છે વાડાનાં નવ્વાણું ઘેટાંને રક્ષણની જરૂર નથી, તેની જરૂર સોમાને છે કેમકે તે ખોવાએલું છે. રાજાઓમાં નાનાને ન ભૂલવાની મહત્તા હોવી જોઇએ.

પાલણપુર રેતી અને ઊંટ માટે પ્રખ્યાત છે. પાલણપુરનાં ઊંટો પ્રખ્યાતિ પામી શકે તેટલા માટે જ પરમેશ્વરે એ શહેરને રેતી આપી હશે. પણ આપણને તે રેતી ઉપર ચાલવાનો પ્રસંગ પડે છે ત્યારે તો ઇશ્વરે ઊંટો પર જોઇએ તે કરતાં વધારે પક્ષપાત કર્યો છે એમ કહ્યા વિના રહેવાતું નથી. માત્ર પૂર્ણિમા જેવી શીતધવલ રાત્રિએ એ રેતી પણ પારસસ્પર્શિત હોય

તેમ મનોહર બની જાય છે. નવાબ સાહેબના મહેલની આસપાસ બૂચનાં ઝાડોની હાર કરી છે તેનાં શ્વેત પુષ્પો અને એ ઝાડોનાં સમાન સમાનાંતર કદ, બધું દિવસે માત્ર ગમે એવું છે પણ રાત્રિએ તે આકર્ષક બની જાય છે.

શહેરમાં મકાનો પૈકી કોઇક સારાં છે. જૂના રાજમહેલની અટારીઓની નકસી પાલણપુરનું દેલવાડાની નજીક હોવાનું સાર્થકય બતાવે એવી છે. વ્યાપાર સામાન્યતઃ મંદ છે, તેમજ તેના વિકાસને માટેની સામાન્ય અનુકૂળતાઓ—સમુદ્ર, નદી વગેરે નજીકમાં નથી.

રજપૂતાના કે મધ્ય હિંદમાંથી ગુજરાત તરફ ઊતરી આવવા માટેનું પાલણપુર મુખદ્વાર જેવું છે અને દિલ્હી અમદાવાદના સંયુક્ત ઇતિહાસ સાથે આ રીતે પાલણપુરનો ઇતિહાસ સંકળાઈ ગયો છે.

પાલણપુર ગુજરાતથી નજીક છે, મારવાડ અને રજપૂતાનાથી વધારે દૂર છે તોપણ પાલણપુરની ભાષા અને વસ્તીનો પહેરવેશ ગુજરાતને મળતાં આવે તે કરતાં મારવાડને વધારે મળતાં આવે છે. મોમીન નામે ઓળખાતો વર્ગ જે કણબીમાંથી વટલીને મુસલમાન થઈ ગયો છે તેની બોલીમાં હિંદીની અસર છે.

લોકો કદમાં કાઠીઆવાડીઓ કરતાં ઠીંગણા વધારે પ્રમાણમાં છે. આંખોમાં નૂર ઓછું છે. તેજસ્વી અને આકર્ષક મુખાકૃતિઓ વિરલ દેખાય છે. એ રીતે મનુષ્યો આસપાસની કુદરત જેવાં છે. સાંભળ્યું છે કે બાલારામ મહાદેવની જગ્યા ખૂબ સુંદર છે, પણ તે સિવાય નૈસર્ગિક સૌંદર્ય આટલામાં ઓછું છે. માણસોમાં પણ ઓછું; છતાં તેમાં યે કોઇ બાલારામની ઉપમા પામી શકે એવું હોય તો કેવું સારૂં?

સૌથી પહેલાં બાલારામની નૈસર્ગિક સુંદરતાનાં વખાણ કોઇ મધ્ય ગુજરાતના ગૃહસ્થે કર્યાં હતાં. પણ ગુજરાતમાં કપડવણજ ને આતરસુંબાની વચ્ચે ઉત્કંઠેશ્વર અને કેદારેશ્વર નામે બે મનોહર જગ્યાઓ આવે છે. ત્યાંના કેદારેશ્વરની જગ્યામાં પણ બાલારામની માફક જ પાતાળગંગા વહીને શિવના બાણને ભીંજવી જાય છે. બાલારામમાં ખડકો વચ્ચેથી વહેતાં પાણી તરફ આબુની ઉન્નત પર્વતમાળા એ સસ્મિત જોતી ઊભી હોય છે તેથી જાણે કોઇ કુલાંગના શરમાઇ કપડાં સંકોરી ચાલી જાય તેમ એ નદી પોતાનો પ્રવાહ સંકોરી વાંકી વળીને ચાલી જતી લાગે છે. એ વળાંકની ઉપર જ પાલણપુરના નવાબ સાહેબે એક મહેલ બંધાવ્યો છે. સમગ્ર વાતાવરણમાં શાંતિ છે અને નદીનો કલકલ નાદ પણ શાંતિમાં વધારો કરે છે.

સ્થળો જેમ પોતાની કુદરતી સુંદરતાથી લોકચિત્તને મુગ્ધ કરે છે, વિશદતાથી ચિત્તને નિર્મળ કરે છે, ને ભવ્યતાથી તેને ઉન્નત કરે છે તેમ મહાનુભાવ પુરુષોનું પણ નથી?

ॐ

પણ મને લાગે છે કે વાત આમ લખાય નહિ. હજી વાતની શરૂઆત તો થઇ નથી ત્યાં જ વાતનો મધ્યભાગ આવ્યો. પણ કેટલાક લોકોની વાત કહેવાની ઢબ જ એવી હોય કે વાર્તા મધ્યમાંથી શરૂ કરે ને પછી શરૂઆતના બનાવો પ્રસ્તાવના રૂપે કહી એકદમ ત્રીજા ભાગ ઉપર કૂદકો મારે. જોકે વાર્તા કહેનારા કુશળ લોકો તો આવા નિયમભંગ અને ઍનેક્રૉનિઝમ (કાળાનુક્રમનો ભંગ) કરે છતાં તેમની વાતનો રસ જતો નથી એ તેમની ખાસ ખૂબી હોય છે. મારામાં એ નથી.

ॐ

વાત એમ હતી કે અમારે હિંદુસ્તાનની મુસાફરીએ જવું એવું નક્કી થયું અને એ પ્રવાસનું પ્રથમ સ્થળ તે પાલણપુર હતું. પાલણપુર જવા માટે તા. ૧૭મીએ રાત્રે દસ વાગ્યે ગાડી ઊપડી.

'ख'

સ્વીકાર

સાગરિકા અથવા કુદરત કન્યાઃ લેખક—કેશવપ્રસાદ છોટાલાલ દેસાઈ, પ્રકાશક—જીવનલાલ અમરશી મહેતા, પીરશાહ રોડ અમદાવાદ, ૦–૮–૦; **કિસ્મતનો સિતારો, દિ ફૂપાલ, અક્કલનો ચમત્કાર** (ત્રણ નાટિકાઓ): લેખક તથા પ્રકાશક—ગજેન્દ્રશંકર લાલશંકર પંડ્યા, નાગર ફળિયા સુરત, ૦–૬–૦; **ભારત ભૂમિઃ** (સરસ્વતી બાલ ગ્રંથાવલિનું પહેલું પુસ્તક) સંપાદક—કેશવલાલ શાહ, પ્રકાશક શ્રી સરસ્વતી પ્રકાશન મંદિર ભાવનગર ૦–૨–૦; **વિજ્ઞાનની વાતો** (સરસ્વતી બાલ પુસ્તકમાળાનું પહેલું પુસ્તક): લેખક—નવલકાન્ત ભાવસાર, પ્રકાશક ઉપર મુજબ, ૦–૧–૦; **શ્રી ભગવતસિંહજીનાં પચાસ વર્ષ** (ગોંડલ રાજ્યની પ્રજાની દૃષ્ટિએ) પ્રકાશક—ગોંડલ પ્રજા સમિતિ, સૌરાષ્ટ્ર કાર્યાલય, રાણપુર, ૦–૮–૦; **બાલબાલે** (ચતુર્દશ સૉનેટ ગુચ્છો) પુસ્તક ૨. લેખક અને પ્રકાશક- ડૉ. ધનવંત શ્રૉફ, જુહુ ઍરોડ્રૉમ ઓસરી, સાન્ટાક્રુઝ, મુંબાઇ, ૦–૧૨–૦; **ગીતાધર્મ વ્યાખ્યાનમાલા** (સપ્તમ પુષ્પ): લેખક અને પ્રકાશક—ગણપતિશંકર જયશંકર શાસ્ત્રી, ગીતાધર્મ ચર્ચા મંડળ વડાલી (ઇડર રાજ્ય), ૦–૧–૬; **હાસ્યમંજરીઃ** પ્રયોજક અને પ્રકાશક—બી. પટેલ, જાડેજાસ્ટ્રીટ ભાવનગર, ૦–૩–૦.

અંધકારમાં પ્રકાશ

પ્રગટાવવા આદિ કાળથી આજસુધી માનવીએ જે યત્નો કર્યા

તેનો ઈતિહાસ અને તેના અવતાર

સૃષ્ટિની ઉત્પત્તિનું વર્ણન આપતાં બાઇબલમાં શરૂઆતમાં જ આ વાક્ય છે: ‘And God said, let there be light; and there was light.’ (અને પ્રભુએ કહ્યું કે પ્રકાશ પ્રકટો; ને પ્રકાશ પ્રકટ થયો.)

બધાનો જ અભાવ એટલે અંધારૂં. અજ્ઞાનને અંધકારની ઉપમા આપવામાં આવે છે તેનું કારણ પણ એ જ હશે. જગતની ઉત્પત્તિથી માંડીને, એટલેકે પ્રકાશની સહાયથી અંધકારમાં ડૂબેલી સૃષ્ટિ પ્રથમ દૃષ્ટિગોચર થઇ ત્યારથી જ આપણા જ્ઞાનનો આરંભ થયો એમ કહી શકાય.

માણસમાં અને ઇતર પ્રાણીઓમાં એક મોટો તફાવત એ છે કે માણસ રાત્રિના અંધકારમાં પોતાનું અરધું આયુષ્ય વ્યર્થ ગુમાવવા નથી માગતો. સૃષ્ટિનિર્મિત સૂર્ય અને ક્વચિત્ પ્રસંગે ચન્દ્ર તથા મુખ્યમુખ્ય તારાઓ, એમના પ્રકાશના અભાવ સમયે કાંઇ જ કામ થઇ શકતું નથી એવું એ અડચણનું ભાન થયું ત્યારે જ કૃત્રિમ પ્રકાશનો ખરો આરંભ થયો હશે, પરંતુ પ્રકાશનું પ્રથમ સાધન કોણે નિર્માણ કર્યું એ કહેવું મુશ્કેલ છે. કેટલાક ગ્રંથોમાં તો એવું સ્પષ્ટ લખેલું જણાઇ આવે છે કે કૃત્રિમ પ્રકાશની અથવા તો તેવો પ્રકાશ આપનારાં સાધનોની શોધ માણસે કાંઇ બુદ્ધિપુરઃસર કરેલી નથી તે સાધન તો અચાનક જ તેના હાથમાં આવી ચડ્યું છે. ટાઢ ઉડાડવા માટે અગ્નિ પેટાવતાં અચાનક ઝળહળાટ થઇ આસપાસની સૃષ્ટિમાંના અસંખ્ય પદાર્થો એકાએક દૃગ્ગોચર થયા હશે અને એમ અકસ્માત પ્રકાશની શોધ થઇ હશે તે વખતે માણસને કેટલો આનંદ થયો હશે?

કૃત્રિમ પ્રકાશ ઉત્પન્ન કરી શકાય છે એ શોધ થતાં જ માણસને જાણે આખું જગત જીતાયું હોય એમ લાગવા માંડ્યું. ખાસ ધ્યાનમાં લેવા જેવી વાત તો એ છે કે પ્રકાશ અને અગ્નિને નિકટ સંબંધ છે એ વાતની શોધ પણ તે વખતે જ થઇ. આ બંનેનો સંબંધ એટલો તો નિકટ છે કે આજ લાખો વરસ વીતી ગયા છતાં ઉષ્ણુતારહિત કૃત્રિમ પ્રકાશ નિર્માણ કરવાનું સાધન માણુસના હાથમાં હજી આવ્યું નથી.


કૃત્રિમ પ્રકાશનાં સાધનોની પ્રગતિ કેમ થતી ગઇ એ સંપૂર્ણપણે કહેવું હોય તો એનો એક આખો ગ્રંથ જ લખવો પડે તેમ છે. પણ અહીં આપણે ટૂંકામાં તે તપાસી જઇએ.

તદ્દન શરૂઆતનો દીવો એટલે અગ્નિનું તાપણું. પણ આમાં અજવાળાના પ્રમાણમાં ઉષ્ણતાનો ભાગ જ વધારે; અને સગવડ તો જરા યે નહિ એમ કહીયે તો ચાલે. એને જ જરા સગવડતાભર્યું રૂપ મળ્યું અને મશાલ બાળવાની શોધ થઇ. તદ્દન પુરાતન કાળની મશાલોમાં તો એકલાં લાકડાં જ બાળવામાં આવતા. એ પછીનું પગથિયું તે તેલ, ચરબી, મીણ ઇ. દ્રવ્યોનો તેમાં ઉપયોગ થવા લાગ્યો તે. મશાલની નાની આવૃત્તિ તે દીવી કોડિયાંના દીવા વગેરે. પણ ફેર એટલો થયો કે આ માં બળનારી વસ્તુ લાકડું કે કાપડ નથી પણ તેલ છે. આપણે ત્યાં હજી પણ મોટાં શહેરો બાદ કરીએ તો બીજે બધે કોડિયાંના આવા દીવા જ વપરાય છે.

દીવામાં વાટની યોજના થઇ ત્યારથી તે ઘણા જ સગવડતાભર્યા બન્યા. એમાં યોજના એ કે વાસણમાં ભરેલું તેલ વાટ વાટે શોષાઇને ત્યાં બળતું રહે. એમાં બળતી વખતે જે પ્રકાશ પડે છે તે જ્યોતની ઉષ્ણતા ઉપર અવલંબે છે.

પણ પ્રવાહી તેલનો દીવો ઢોળાવાની ભીતિને લીધે વાપરવો એ સગવડતાવાળો ન લાગવાથી ઘટ્ટ તેલનો અથવા મીણનો ઉપયોગ દીવા માટે થવા લાગ્યો. મીણબત્તીઓ આ વિભાગમાં જ આવે છે. એમાં ઘટ કરેલું તેલ અથવા મીણ વપરાય છે. સાધારણ ઉષ્ણતામાનમાં તો તેનું ઘનસ્વરૂપ ફેરવાતું નથી; પણ ઉનાળામાં કે બીજા કોઇ કારણથી ઉષ્ણતા વધે અને દીવો ખૂબ તપી જાય તો મીણ ઓગળવા માંડે છે અને પછી મીણબત્તી સીધી નથી રહી શકતી.

આ પછીની સુધારણા થઇ અમેરિકામાં. ત્યાં ઘાસલેટ તેલની ખાણો મળી આવવાથી દીવો બાળવામાં એ તેલનો ઉપયોગ થવા લાગ્યો. અઢારમા સૈકાના



મધ્ય ભાગસુધી એ સ્થિતિ ચાલુ હતી. પરંતુ ઘાસલેટ બળતી વખતે તેનો ધુમાડો બહુ થતો તેથી ઘણા કાળ સુધી તેનો થવો જોઇએ તેટલો ઉપયોગ ન થયો. છેવટે આર્ગાંડ નામના એક વિદ્વાન શાસ્ત્રજ્ઞે ધુમાડો બંધ કરવાની યુક્તિ શોધી કાઢી. એણે ઘાસલેટના દીવા ઉપર કાચની ચીમની મૂકી દીધી. આને લીધે જ્વલનક્રિયાને જરૂર પૂરતી હવા— મુખ્યત્વે હવામાંનો ઑક્સિજન—મળવાની વ્યવસ્થા થઇ અને જ્વલનક્રિયા પૂર્ણ થઇ. તેથી ધુમાડો બંધ થયો અને પ્રકાશ સ્વચ્છ મળવા લાગ્યો.

આ પછીની દીવામાંની સુધારણાઓ બે દૃષ્ટિએ ઘડાવા લાગી. પહેલી સુલભતા અને બીજી સુંદર પ્રકાશ. ઘનરૂપ તેલનો દીવો તે મીણબત્તી. ચીમની સહિત વાપરવામાં આવતો ઘાસલેટનો દીવો એટલે પ્રવાહીરૂપ

તેલના દીવામાંનો ઉત્તમમાં ઉત્તમ પ્રકાર. અને એથી પણ ઉપલું પગથિયું તે વાયુરૂપ તેલનો દીવો. મીણબત્તીનું મીણ પ્રથમ ઓગળે છે અને પ્રવાહી થાય છે, અને પછી એ દ્રવને વાયુરૂપ પ્રાપ્ત થઇ, ઉષ્ણતાની સહાયથી તેનો ઑક્સિજન જોડે સંયોગ થાય છે. આ વસ્તુ જ જ્વલનની મુખ્ય ક્રિયા છે અને એથી જ આપણને પ્રકાશ મળે છે.

પણ આ બધી કડાકૂટ કરવા કરતાં એ જ્વાલાગ્રાહી તેલની એકદમ બાષ્પ જ બનાવી લીધી હોય અને તેને જ ઉપયોગમાં આણી હોય તો આ કામ વધારે સુલભ બને તે દેખીતું છે. આ વિચારણાથી ગૅસના— અથવા જેને ધુમાડાના દીવા કહે છે તે બનાવવામાં આવ્યા. આપણો રસોડામાંનો સ્ટવ એ એનું એક સાદું ઉદાહરણ છે. એમાં પંપની મદદથી ઘાસલેટને ઉપરના છિદ્ર સુધી ચડાવી ત્યાં સ્પિરિટની જ્યોતિમાં તેને ગરમ કરવાની વ્યવસ્થા કરેલી હોય છે. આ રીતે ગરમ થયા પછી તેની બાષ્પ બની એ જ અવસ્થામાં તેની જ્વલનક્રિયા શરૂ થાય છે. પછી આ કેરોસીનની બાષ્પની જ્યોતિથી નીચલા ઘાસલેટને ઉષ્ણતા મળતી રહે અને એમ તેનો નિયમિત બાષ્પ બન્યા કરે છે અને તે ઉપર આવી સળગ્યા કરે છે. આ જ્યોતિનું ઉષ્ણતામાન પ્રખર હોય છે, પણ તેનો પ્રકાશ બહુ જ ઓછો અથવા લગભગ નહિ જેવો હોય છે. આ જ્યોતિમાં બીજો કોઇ ઘન પદાર્થ ઝગમગી ઊઠે એટલો તપાવીએ તો તે પદાર્થ પ્રકાશમાન બની તેમાંથી આપણને પ્રકાશ મળે ખરો. આ જાતના ધુમાડાના દીવા હાલ આપણે ઘણે ઠેકાણે જોઇએ છીએ. કિટ્સન, પેટ્રોમૅક્સ વગેરે દીવામાં આ જ યોજના હોય છે. એમાંની ખર્ચની મુખ્ય વસ્તુ ઘાસલેટ છે એ સાચું, પણ એથી વધારે ખર્ચવાળી અને પ્રકાશની બાબતમાં અત્યંત મહત્ત્વની વસ્તુ તે એ જ્યોતિમાં બેસાડેલી જાળીદાર ટોપી છે. પ્રખર ઉષ્ણતામાનમાં આ ટોપીઓ પ્રકાશમાન થાય છે અને નાશ પામ્યા વગર એમ ને એમ કલાકોના કલાકો સુધી કામ આપી શકે છે એ જ તેમની વિશિષ્ટતા છે.

આ દીવાઓની શોધ થયા પછી દીવાઓની એકંદર રચનામાં અને ઉપયોગિતામાં ખૂબ ઝડપથી સુધારાઓ થવા લાગ્યા. દીવામાં એકંદરે જેટલી શક્તિ ખર્ચાય છે તેમાંના કેટલાક ભાગનું રૂપાંતર ઉષ્ણતામાં અને કેટલાકનું રૂપાંતર પ્રકાશમાં થાય છે. આ બંને ભાગનું પ્રમાણ જેટલું નાનું થાય, એટલેકે ઉષ્ણતા–પ્રકાશ એ અપૂર્ણાંક જેટલો નાનો થાય તેટલું એ વ્યવહારની દૃષ્ટિએ સગવડતાભર્યું. આ નિયમ લક્ષમાં રાખીને, દીવાઓની ઉષ્ણતા ઓછી કેમ થાય—અથવા તો ઉષ્ણતા એટલી જ રહે તોપણ તેની પ્રકાશની શક્તિ કેમ વધે—એ તરફ શાસ્ત્રજ્ઞોના પ્રયાસો વધવા લાગ્યા.

વીજળીના દીવા એ એવા પ્રયાસનું પરિણામ છે. ઓગણીસમી સદીની શરૂઆતમાં વિદ્યુતશક્તિ નિર્માણ કરવાનાં સાધનો શોધવા માટે શાસ્ત્રજ્ઞોએ ખૂબ ચળવળ ચલાવી. સર હમ્ફ્રે ડેવીએ વીજળીક બૅટરી શોધી કાઢી તેની મદદથી વીજળીની જ્યોતિ ઉત્પન્ન કરી તેનો દીવા તરીકે કેમ ઉપયોગ થાય એ સ્પષ્ટ કરી આપ્યું. આ દીવાઓને અંગ્રેજીમાં 'આર્ક લૅમ્પ' કહે છે. પણ આ દીવામાં વીજળીનો મોટો પ્રવાહ સતત ચાલુ રાખવો પડે છે, અને ખૂબ વીજળી પૂરી પાડવી તે એ દિવસોમાં કઠણ કામ હતું, તેથી આ દીવાઓ પ્રચારમાં ન આવી શક્યા. તારમાંથી વિદ્યુતપ્રવાહ પસાર થતો હોય ત્યારે તેનું ઉષ્ણતામાન વધે છે એ અનુભવની વાત છે. અને ઉષ્ણતા ખૂબ વધે તો પદાર્થ પ્રકાશમાન થાય છે એ પણ ડેવીએ સપ્રયોગ સિદ્ધ કર્યું. માત્ર પૂરતા ને સસ્તા વિદ્યુતપ્રવાહને અભાવે આ સુધારો તરત જ અમલમાં ન આવી શક્યો. સૌ જાણતા હતા કે બધી ધાતુઓનો પ્રખર ઉષ્ણતામાં નાશ જ થાય છે. ફક્ત પ્લૅટિનમ ધાતુ જ આ ઉષ્ણતા સહન કરી ટકી શકે છે. પૂરતો વિદ્યુતપ્રવાહ અને પ્લૅટિનમ ધાતુની વિપુલતા એ ઉપર હવે સુધારાઓ આવીને અટક્યા.

આવી પરિસ્થિતિમાં ફૅરેડેએ ડાયનૅમોની શોધ કરી. તેની મદદથી વિદ્યુતશક્તિ ઘણી જ સુલભ રીતે ઉત્પન્ન થવા લાગી. આથી વીજળીના દીવા બનાવવાની કલ્પનાને વળી પાછું ચાલન મળ્યું.

આવા દીવાઓ કરવામાં, અથવા તો તે કરી શકાય છે એટલું ઉત્તમ રીતે સિદ્ધ કરવામાં યશસ્વી થએલા બે પ્રચંડ વિજ્ઞાનીઓનાં નામો આજે જગત આગળ છે. એક અમેરિકાનો ટૉમસ ઍડિસન અને બીજો ઇંગ્લંડનો જોસેફ સ્વાન. આ બેમાં મૂળ ઉત્પાદક કોણ એની ઘણી ચર્ચા ચાલેલી અને અંતે બંનેમાં સમજૂતી થઇ ને

'એડીસ્વાન' એવા જોડિયા નામથી દીવાઓ તૈયાર થવા લાગ્યા અને મૂળ ઝગડાનું પણ જનતાને વિસ્મરણ થયું.

રનો તાંતણો બાળી તેનો વિદ્યુતપ્રવાહકતાનો ગુણ વીજળીના દીવાઓમાં ઉપયોગમાં લેવાની યુક્તિ ખૂબ મહેનતને અંતે એડિસને શોધી કાઢી. વીજળીના પ્રવાહથી તંતુ ખૂબ ગરમ થાય એટલે એનો પ્રકાશ મળી શકે છે. પરંતુ આસપાસની હવાનું એ તંતુ ઉપર બહુ જ અનિષ્ટ પરિણામ થવાનો સંભવ હોવાથી દીવામાંની હવા તદ્દન કાઢી નાખી તેને નિર્વાત કરવો જોઇએ. આ અરસામાં જોકે વાયુશોષક યંત્રોમાં ઘણી જ પ્રગતિ થઈ હતી તોપણ પૂર્ણ નિર્વાત સ્થિતિ કરી શકાતી ન હતી. અને તેથી કેટલોક કાળ સુધી આ અપૂર્ણ નિર્વાત સ્થિતિમાં બળ્યા પછી દીવાઓના તંતુ તૂટી જતા.

આપણા આધુનિક દીવાઓમાં આજે જે વિદ્યુત્‌શક્તિ ખર્ચાય છે તેની ગણત્રી કરવાની રીત નીચે દર્શાવી છે. ત્રણ પૈસે મળનારી મીણબત્તી છ કલાક બળે છે; એટલેકે એક મીણબત્તીના પ્રકાશ જેટલા પ્રકાશનું ખર્ચ દર કલાકે અરધો પૈસો થયું. એવી સોળ મીણબત્તીઓ બાળીએ તો દર હજાર કલાકે લગભગ આઠ રૂ. લેખે ખરચ થાય. વીજળીનો પ્રકાશ એના પ્રમાણમાં સસ્તો છે.

ધારો કે આપણી પાસે સોળ મીણબત્તીઓનો પ્રકાશ પાડે એવો એક દીવો છે, અને તેમાં સોળ ગુણ્યા પોણા બે એટલે કે અઠ્ઠાવીસ 'વૉટ' શક્તિ ખરચ થાય છે. આવો દીવો જો આપણે પાંત્રીસ કલાક બાળીએ તો ૨૮×૩૫ એટલે આશરે એક હજાર 'વૉટ-કલાક' ખરચ થાય છે. 'વૉટ-કલાક' એટલે 'એક યુનિટ' છે અને એનો ભાવ ચાર આના હોય છે. એટલે એનો અર્થ એમ થાય કે સોળ મીણબત્તીનો પ્રકાશ આપનારો વીજળીનો દીવો એક હજાર કલાક બળતો રાખો તો અઠ્ઠાવીસ યુનિટ ખરચ થાય અને તે માટે આપણને સાત રૂપિયા પડે.

યુનિટ એટલે 'વૉટ' અને 'કલાક'ના ગુણાકારથી થએલી એક હજારની સંખ્યા. એક 'વૉટ' ખરચ કરનારી બત્તી હજાર કલાક બાળો અથવા હજાર 'વૉટ' ખાઇ જનારી બત્તી એક કલાક બાળો તો બંનેનો હિસાબ સરખો જ (એક યુનિટ) થવાનો.

આ યુનિટની વાત કાઢી વિષયાંતર કરવાનો ઉદ્દેશ 'વૉટ' શબ્દની ઓળખાણ કરાવવા સિવાય બીજો નથી. હાલના વીજળીના દીવાઓમાં એક મીણબત્તી જેટલો પ્રકાશ આપવા માટે પોણા બે 'વૉટ' વિદ્યુતશક્તિ ખરચ થાય છે. 'હાફ વૉટ' એ નામથી ઓળખાતા દીવાઓમાં આ પ્રમાણ આઠ દશાંશ ઉપર લાવવામાં આવ્યું છે. એટલે પહેલાંનો જ હિસાબ લઇએ તો સોળ મીણબત્તીઓનો પ્રકાશ આપનારો 'હાફ-વૉટ' નામનો વિદ્યુતદીપ એક હજાર કલાક બળતો રાખો તો ફક્ત સાડા ત્રણ રૂપિયા ખરચ થાય.

આરંભમાં એડીસન અને સ્વાને બનાવેલા દીવાઓ બહુ ખર્ચાળ રહેતા. તેમાં દર મીણબત્તી જેટલા પ્રકાશ માટે પાંચ 'વૉટ' ખરચ થતું. વીજળીના દીવાઓની શરૂઆતમાં શાસ્ત્રજ્ઞોને અને કારખાનાંવાળાઓને જે કેટલાક ગહન કોયડાઓ ઉકેલવા પડ્યા તે આ સબંધે જ હતા.

વીજળીનો દીવો કરી શકાય એ શોધ પછી પ્રત્યક્ષ દીવા તૈયાર થઇ વપરાશમાં આવતાં બહુ સમય લાગ્યો. કાંઇ નહિ તો પચાસ વરસ સુધી તો કાર્બન દીવાઓમાં તત્ત્વતઃ કાંઇ પણ ફેર ન કરી શકાયો અને તેમાં સુધારા પણ થઇ ન શક્યા. પ્લૅટિનમ ધાતુ ખૂબ મોંઘી પડે અને કાર્બન તંતુ એ વાપરેલા દીવાઓમાં વિદ્યુતપ્રવાહ વધારે જોઇએ અને તેથી ખરચ પણ ખૂબ આવે. આવી વિચિત્ર સ્થિતિમાં કેટલાં યે વર્ષો વહી ગયાં.


અંતે ઇ. ૧૮૯૮ની સાલમાં, એટલે પહેલો કાર્બન દીવો બન્યા પછી અઢાર વરસે, આવાર ફૉન વેલ્શબાખ નામના શાસ્ત્રજ્ઞે 'ઓસ્મિયમ' ધાતુના સૂક્ષ્મ તંતુઓ કાઢી તેના દીવા બનાવી આપ્યા. 'ઓસ્મિયમ' ધાતુમાં પોચાપણું અને ચીવટપણું ઉત્પન્ન કરી તેના લાંબા લાંબા ધાગા કેમ કાઢી શકાય તેની શોધ વેલ્શબાખે કરી. વીજળીના દીવાઓમાં તેનું મહત્ત્વ ખૂબ છે. એક વાર રીતની ખબર પડ્યા પછી બીજા અનેક શાસ્ત્રજ્ઞોએ ઝપાટાબંધ બીજી અનેક ધાતુઓના ધાગા કાઢી તેના દીવા પ્રચારમાં આણ્યા. આ ધાતુ પ્રખર ઉષ્ણતામાનમાં પણ ઓગળ્યા વગર પોતાની ઘનાવસ્થા ટકાવી રાખે છે એ તેની વિશિષ્ટતા છે. જોકે વેરાનિયમ, કોલંબિયમ, ટૅન્ટૅલમ એ ધાતુઓનો ઉપયોગ દીવામાં થવો શક્ય છે તોપણ તે બહુ દુર્લભ

છે તેથી તેનો વ્યવહારમાં બહુ ફાયદો થઇ શક્યો નહિ.

બીજાં આઠ વરસ વીતી ગયાં. પછી અમેરિકાના પ્રસિદ્ધ વિજ્ઞાનશાસ્ત્રી ડૉ. કૂલીજે એક અપૂર્વ શોધ કરી વીજળીના દીવામાં મહત્ત્વનો સુધારો કર્યો. ટંગ્સ્ટન ધાતુ ખાણમાં પુષ્કળ પ્રમાણમાં મળે છે, પણ તે અતિશય બટકણી હોવાથી તેના તંતુ કાઢવા અશક્ય હોય છે. એક ખાસ પદ્ધતિથી ટંગ્સ્ટન ધાતુના ટુકડા ખૂબ ગરમ કરી તેને ટીપાવ્યા હોય તો તેનું બરડપણું તદ્દન ચાલ્યું જાય છે અને પછી તેના ગમે તેટલા લાંબા અને ગમે તેટલા ઝીણા ધાગા નીકળી શકે છે. એવી શોધ પ્રો. કૂલીજે કરી. હાલના વીજળીના દીવાઓમાં હવે બધે આ તાર જ વાપરવામાં આવે છે એ ઉપરથી આ શોધનું મહત્ત્વ સમજી શકાશે.

વીજળીનો પ્રત્યેક દીવો તૈયાર થતાં પહેલાં તેને અનેક ભિન્નભિન્ન યંત્રસામગ્રીમાં થઇને પસાર થવું પડે છે. પ્રથમ તો કાચની નળીઓના ફુગા બનાવવામાં આવે છે. પછી તેની અંદરની બાજુ છત્રીના ખોખા જેવું એક કાચનું ખોખું બેસાડી તે ઉપર ટંગ્સ્ટનનો ઝીણો તાર લગાડવામાં આવે છે. આ તાર અત્યંત ઝીણો એટલે કે ઈંચના છ હજારાંશ ભાગ જેટલો બારીક હોય છે. આટલું કર્યા પછી ફુગામાંની હવા તદ્દન કાઢી નાખવા માટે તેને નિર્વાત યંત્ર જોડે જોડવામાં આવે છે. ત્યાંથી કાઢ્યા પછી એને એક ખોળી ચડાવવામા આવે છે. એ ખોળીથી જ આપણે દીવો ગમે ત્યાં અટકાવી શકીએ છીએ. આની અંદરથી બહાર આવતા બે તારનો સબંધ વિદ્યુતપ્રવાહને જોડે એવી યોજના કરવામાં આવેલી હોય છે. આટલું થયું એટલે પછી એક જ કામ બાકી રહે છે અને તે દીવાઓ સળગાવી જોવાનું દીવો કેવોક બળે છે તે તપાસી જોવામાં આવે એટલે કામ પૂરું થાય છે.

(મરાઠી 'સૃષ્ટિજ્ઞાન' ઉપરથી) **'भाऊ'**



તમારી ફુરસદની વેળાએ

આ લીટીઓનાં ગૂંચળાંમાં જેટલા ગાળામાં ટપકાં કર્યાં છે તે તે જગ્યાઓ શાહી કે પેન્સિલથી ભરી નાખશો એટલે એક લોકપ્રિય વીરમૂર્તિ જણાઇ આવશે.

ચિત્રગુરુ થવા માટેની દૃષ્ટિ અને તૈયારી સમજાવતો લેખ; જેમાં

ખાનદાની કે પ્રેમ બતાવવાના પ્રસંગો જેમ મુરબ્બીઓ બતાવતા જાય છે અને એમ કરતાંકરતાં બાળકના હૃદયમાં વિવેકનો ગજ બંધાઇ જાય છે તેમજ કળાનું પણ થવું જોઇએ. વિદ્યાર્થીને ભણવાની શરૂઆતમાં સૌંદર્યની મીમાંસા નહિ આપવી જોઇએ, પણ કેવળ પ્રસંગો કે વસ્તુઓ તરફ ધ્યાન ખેંચીને એમાં આ સુંદર છે, અને આ સુંદર નથી એવું અનંત રીતે બતાવતા જવું જોઇએ.

કાકાસાહેબ કાલેલકર કહે છે કે—

ચિત્રકળા એ કેવળ હાથનો વિષય નથી. હાથ બરાબર કેળવાય, નજર કેળવાય અને સૌંદર્યનું હૃદય સમજવા જેટલી કલ્પનાશક્તિ કેળવાય ત્યારે ચિત્રકળાની તૈયારી થાય છે.

કેટલાક ચિત્રકારો પોતે સરસ ચિત્રો ચીતરી શકે છે; ઉપર વર્ણવેલી ત્રણે બાબતોમાં એમની અમુક પ્રગતિ થએલી હોય છે; પણ એનું પૃથક્કરણ મન સાથે કરેલું ન હોવાથી વિદ્યાર્થીઓનું ધ્યાન ખેંચી શકતા નથી, તેમ ભણતરનો ક્રમ પણ નક્કી નથી કરી શકતા. કલ્પનાશક્તિ મારી ન જાય એટલી સાવચેતી રાખી હાથ ઉપર બરાબર કાબુ આવે એને માટે બાળકોને પ્રથમ કેળવણી આપવી જોઇએ. ધારી લીટી દોરી શકે, લીટીમાં સ્થિરતા અને હળવાપણું બંને આવી જાય એટલી તૈયારી પ્રથમ જોઇએ. એને માટે સારાં ચિત્રોની કેવળ નકલ કરવાનું ક્રમસર આપવું. એમાં નકલ કેવળ લીંટીઓની કરવાની છે ચિત્રની ઢબની નહિ એ વિદ્યાર્થીઓને સ્પષ્ટ સમજાવવું જોઇએ. આ નકલનો ઉદ્દેશ મૂળ ચિત્રકારની શૈલિનું અનુકરણ કરવાનો ન હોય; માત્ર લીટીની શક્તિને રહસ્ય ધ્યાનમાં આવે એટલું જ બસ છે.

નજરની કેળવણી અને કલ્પનાની કેળવણી સાથેસાથે ચાલી શકે છે. લાકડાની કે પથરાની મૂર્તિ તૈયાર કરનાર જેમ જાણે છે કે લાકડા ને પથરાદ્વારા અમુક જ વ્યક્ત કરી શકાય અને અમુક ન કરી શકાય, તેમ સૌંદર્યનો અમુક અંશ રેખાબદ્ધ કે વર્ણબદ્ધ કરી શકાય અને અમુક અંશ વર્ણ કે રેખાનો વિષય ન જ થઇ શકે એનો વિવેક ચિત્રકાર પાસે જ હોવો જોઇએ. પોતાના સાધનની શક્તિ અને એની મર્યાદાનું ભાન કળાકાર પાસે હોવું જોઈએ. એ મર્યાદાનું ક્ષેત્ર ઘટાડતા જવું અને શક્તિનું ક્ષેત્ર અકલ્પિત રીતે વધારતા જવું એમાં જ કળાકારનાં સામર્થ્ય અને વૈભવ રહેલાં છે.

કુદરતનાં દ્રશ્યોનાં ઝાડપાન, પશુપક્ષી, આકાશ, વાદળાં, પાણી, મોજાં, જમીન, પહાડ, ખેતરો ઇત્યાદિ બાબતોમાં સૌંદર્ય કયાંકયાં રહેલું છે એ તરફ વિદ્યાર્થીઓનું ધ્યાન ખેંચવું જોઇએ. પશુપક્ષી, માછલાં, અને કીડા, જેવા જનાવરોના આકારમાં તેમજ તેમના સ્વભાવમાં અને એમની ટેવોમાં કઇકઇ ખૂબી રહેલી છે અને એમાંથી સૌંદર્યની નિષ્પત્તિ કેમ થાય છે એ પણ વિદ્યાર્થીઓને બતાવવું જોઇએ.

માણસ કુદરતને જાણે છે એના કરતાં પોતાને વધારે જાણે છે—એણે જાણવું જોઇએ. તેથી મનુષ્યગત સૌંદર્ય, એના ભાવોમાં રહેલું સૌંદર્ય, માણસમાણસના વ્યવહારમાં ઊતરતું સૌંદર્ય એ કળાકારનો પ્રધાન વિષય છે. કુદરત અને પશુપક્ષી ઇત્યાદિથી માણસ વિખૂટો નથી. એમની સાથેનો માણસનો સંબંધ અને કુદરત આદિની માણસ ઉપર થતી અસર એ પણ કળાનો મુખ્ય વિષય છે. એ બધી વસ્તુ તરફ વિદ્યાર્થીનું ધ્યાન ખેંચવું જોઇએ.

અહીં સૌંદર્ય એટલે આપણને ગમે એટલો જ ભાગ નથી લેવાનો. જેની આપણા પર ઊંડી અસર થાય છે, જે અસર સરવાળે શુભ છે, જેને લીધે હૃદય ઉન્નત થાય છે ને જીવન સમૃદ્ધ તથા કૃતાર્થ થાય છે તે અસરને જ આપણે રસ કહીએ છીએ. રસનું બાહ્ય સ્વરૂપ તે જ સૌંદર્ય.

વિદ્યાર્થીને ભણાવવાની શરૂઆતમાં એને સૌંદર્ય મીમાંસા નહિ આપવી જોઇએ, કેવળ પ્રસંગો કે વસ્તુઓ તરફ ધ્યાન ખેંચીને એમાં આ સુંદર છે, આ સુંદર નથી એવું અનંત રીતે બતાવતા જવું ને આ વસ્તુમાં આટલી ખામી છે, આટલું કરવાથી એ ખામી દૂર થઇ શકે વગેરે અભિપ્રાયો પણ આપતા જવું. ખાનદાની કે પ્રેમ બતાવવાના પ્રસંગો જેમ મુરબ્બીઓ બતાવતા જાય છે અને એમ કરતાંકરતાં બાળકના હૃદયમાં વિવેકનો ગજ બંધાઇ જાય છે તેમજ કળાનું પણ થવું જોઇએ. જેઓ સૌંદર્ય મીમાંસાની તાત્ત્વિક ચર્ચાથી શરૂ કરે છે તેઓ ઘણીવાર વેદીઆ બની જવાનો સંભવ રહે છે. સૌંદ-

ર્યદર્શન એ સ્વયંભૂ થવું જોઇએ, સ્વાભાવિક થવું જોઇએ, સહજ થવું જોઇએ. ત્યાર પછી જ એની મીમાંસી કરાય. આ કારણે જ કળાકાર અને એના શિષ્યો વચ્ચે ગુરુશિષ્યભાવ બંધાઇ જાય છે. સૌંદર્ય અથવા કળા એ એક જીવન દર્શન છે. એ જીવનવ્યાપી હોવાથી એનું મહત્ત્વ અને ગૌરવ આટલું બધું છે.

ચિત્રકળા એ સામાજિક વારસો પણ છે. મોટે ભાગે એ સામાજિક વારસો જ છે. ચિત્રકળા અને સાહિત્ય પરસ્પર સ્વતંત્ર છે, છતાં પરસ્પર પોષક છે; તેથી સાહિત્ય દ્વારા ચિત્રશક્તિ ખૂબ કેળવાય છે. એ જાણી સાહિત્યના ઉત્કૃષ્ટ નમૂનાઓનો અભ્યાસ ઉત્કૃષ્ટ ચિત્રોના અભ્યાસ જેટલો જ કરવો જોઇએ.

પણ સાચી વાત તો એ છે કે જીવનનો ઊંડો અભ્યાસ જોઇએ છે. એ તો જીવનના અને કુદરતના ભવ્ય, ઉદાત્ત તેમજ કરુણ પ્રસંગોના અભ્યાસથી—એની સાથે તન્મય થવાથી જ પ્રાપ્ત થાય છે.

જીવનના અભ્યાસમાંથી, જીવન જીવવાથી સામર્થ્ય અને સંસ્કારિતા કેળવવાં જોઇએ. (અનુસંધાન પૃષ્ઠ ૩૨ મે)

અખાડો

જેમાં સુસંહત શરીરની ઝંખનાથી વ્યાયામની ઉપાસના કરનારા યુવાનો પરસ્પર અનુભવની આપલે કરે છે.

નિરીક્ષક · શ્રી હરિનારાયણ આચાર્ય

પ્રશ્નો

૧ શારીરિક સ્વાસ્થ્ય માટે આસનોથી લાભ મેળવી શકાય?

૨ ગુજરાતની આબોહવાને અનુકૂળ એવો કયો વ્યાયામ કરવાથી સ્નાયુઓ સંપૂર્ણ ખીલવી શકાય?

૩ નાજુક પ્રકૃતિના (કાગદી) યુવાનને શરૂઆતમાં વ્યાયામ ફળદાયી નીવડે?

૪ ચોમાસાની ઋતુ સિવાય સવારમાં નિયમિત ૦ાા કે ૧ માઇલ દોડવાની કસરતથી શરીરનો વિકાસ થઇ શકે?

૫ દોઢબે માઇલ નિયમિત ચાલવાથી તંદુરસ્તી જળવાય?

૬ શરીર બેચેન હોય, સહેજ તાવ હોય, માથું દુખતું હોય તો રોજનો વ્યાયામ કરવો કે નહિ?

ઉપરના પ્રશ્નો પૂછનાર ભાઇ અમીરખાં ચૌહાણ-ગામ ઉમતા (ઉ.ગુ.)ના ઉત્સાહી યુવાન છે. ધંધે હોઈ વ્યાયામ અને ખાસ કરીને સુંદર શરીર કેળવવામાં ખૂબ રસ લે છે. એમની ઉમર ૨૦ વર્ષ, ઊંચાઇ ૫' ૨" અને વજન સો રતલ છે. એમના પત્રમાં કેટલીક વ્યક્તિગત બાબતો પૂછેલી છે, જે કુમારના વાચકોને પણ ઉપકારક થાય એવી હોવાથી આગળ ઉપર એની ચર્ચા કરવાનો છું. હાલ એમના પ્રશ્નોનો ખુલાસો કરીશ:

૧ હા.

૨ કુસ્તી, વેઇટલિફ્ટિંગ, જિમ્નૅસ્ટિક્સ, રોમન રિંગ્ઝ, વિવિધ પ્રકારનાં દંડબેઠક વગેરેમાંની કોઈપણ પદ્ધતિ.

૩ નાજુકતા એટલે કોઇપણ જાતનો રોગ ન હોય અને શરીર માત્ર નિર્બળ જ હોય તો ચાલવું, દોડવું, માટી ખોદવી, લાકડાં ફાડવાં વગેરે સામાન્ય પ્રકારનો વ્યાયામ ખૂબ અનુકૂળ થઇ પડશે. શરૂઆત ધારેધારે કરવી. જેમ શરીર દૃઢ થાય તેમ શ્રમમાં વધારો કરવો. સૂર્યનમસ્કાર કે દંડબેઠક પણ સારાં છે.

૪ ના; જેણે કોઈ દિવસ કોઇપણ જાતનો શારીરિક શ્રમ કર્યો નથી અને જે પાટલેથી ખાટલે અને ખાટલેથી પાટલે જેવું જીવન ગાળે છે તેને શરૂઆતમાં ફાયદો થાય. બાકી તો આવી જાતના વ્યાયામથી શરીરવિકાસ નથી સધાતો. સામાન્ય રીતે સ્નાયુવિકાસ અને 'દોડ'નો મેળ જ ખાતો નથી. કંઈપણ વિકાસ સધાય તો તે અત્યંત ઝડપથી દોડવાને લીધે. પણ આવી 'દોડ' બધાને માટે શક્ય નથી તેમજ ઇષ્ટ પણ નથી. થોડીથોડી ધીમી દોડ કે ચાલવાથી સ્વાસ્થ્ય સચવાશે; લાંબું ચાલવા—દોડવાથી દમ કસાશે; પણ સ્નાયુઓનું સ્વરૂપ તો દોરડી જેવું જ રહેવાનું.

૫ હા; પણ જરા ઝડપથી ચાલીએ તો વધારે ફાયદો થાય.

૬ ના; કારણ વ્યાયામમાં જેટલી આવશ્યકતા સાધનો અને વ્યાયામપદ્ધતિની છે, તેનાથી વધારે જરૂર તો ચિત્તની એકાગ્રતા અને શરીરના નીરોગીપણાની છે. ચિત્ત અને શરીર ઉભય અગર એકે ય વિક્ષિપ્ત હોય તેવી સ્થિતિમાં કરેલો વ્યાયામ નિષ્ફળ જાય છે.

સાદા અને માયાળુ, શાન્ત અને સંસ્કારી, આતિથ્યભાવભર્યા

વલંદાઓના દેશમાં



આ પત્રના લેખક શ્રી હીરાલાલ ગોદીવાળા

આ પત્ર હૉલૅન્ડના એક યુવકગૃહમાંથી લખી રહ્યો છું. પાસેની ઘટાઓમાંથી દેવદારૂની સુવાસ વાઈ રહી છે ને વાયરલેસમાંથી આધુનિક સંગીતના સ્વરો સંભળાય છે. સામે ટેબલ પર કાગળોના થોકડા પડ્યા છે. યુવકગૃહના ગૃહપતિ (Father) એક યુવકની મદદ લઈ અહીં રહેતા યુવાનોનાં નામો લખી રહ્યા છે અને પાસેના ઓરડામાંથી તેમજ બગીચામાંથી યુવકો અને યુવતીઓના હાસ્યની લહેરો ચાલી આવે છે.

ડચ લોકોના સાદા માયાળુ સ્વભાવનો અનુભવ તો મને વિલાયતનો કિનારો છોડતાં પહેલાં જ થયો હતો. ઑક્સફર્ડમાં મારા ડચ મિત્રોએ હૉલૅન્ડ વિષે માહિતી આપી હતી તેમજ હૉલૅન્ડના 'રાજકીય પ્રવાસી સંઘ' તરફથી આ દેશનાં જુદાંજુદાં જોવાલાયક સ્થળો વિષેના કાગળો અને ચિત્રોનો થોકડો પણ મને ઑક્સ-ફર્ડમાં મળ્યો હતો. તે પછી લંડનના યૂથહાઉસ (યૂથ-હૉસ્ટેલ નહિ)માં કેટલાક ફ્લેમિશ (ફ્લૅન્ડર્સ—બેલ-જિયમ—ના) યુવકો મળ્યા. અમે પાંચ જણ એક ટેબલ આગળ બેઠા'તા—એક ડચ, એક જર્મન, એક ફ્રેંચ, મારો અંગ્રેજ મિત્ર સિરિલ અને હું. ઘણોખરો વખત મારા ફ્રાંસના પ્રવાસ દરમિયાનના સાથી સિરિલ સાથે વાતો કરવામાં જ ગયો. પણ પછી એક ફ્લેમિશ સાથે ઘણી રસ પડે એવી વાતો થઈ. એ 'ફ્લેમિશ યુદ્ધવિરોધક સંઘ'ના સેક્રેટરી હતા. એમણે એમના સંઘ તરફથી બહાર પડેલો નાનો સરખો 'ગાંધી અંક' મને આપ્યો. એમાં ડચ ભાષામાં ગાંધીજી ઉપર ઘણા લેખો હતા. 'દક્ષિણ આફ્રિકામાં ગાંધીજી' 'અહિંસા' વગેરે પર એ વિષયોના જાણકારોએ લેખો લખ્યા હોય એમ લાગ્યું. મુખપત્ર માટે 'East and west' નામનું ગાંધીજી અને એક અંગ્રેજ બાલિકાનું ચિત્ર શ્રી ઍન્ડ્રુઝ-ના પુસ્તકમાંથી લીધું'તું. આ રીતે દૂરના દેશોમાં પણ અર્વાચીન હિંદનો ડંકો વાગી રહ્યો છે એ જાણી મને આનંદ થયો.

ત્યાં જ મને એક ઑસ્ટ્રિયન યુવાન પણ મળ્યો. એ કહે, 'મેં હિંદ જવા પ્રયત્ન કર્યો, પણ મારી પાસે પૂરતા પૈસા ન હોવાથી મને અમારી સરકારે જવા ન દીધો.' આ સાંભળી મને આશ્ચર્ય થયું. પણ વધુ આશ્ચર્ય તો મને એનો ઉત્સાહ તથા નિશ્ચય જોઈ થયું. 'ગમે તેમ થાય, હું જિંદગીમાં એક વખત તો હિંદ જવાનો જ.'

આ યૂથહાઉસ લંડનના ઉત્તરના એક પરામાં આવ્યું છે. એમાં અવારનવાર આવતા યુવાનો અને યુવતી-ઓનો તેમજ એની દેખરેખ રાખનાર યુવતીનો સાથ મને ઘણો પસંદ પડ્યો. અને દૂધ કે ચા તથા બિ-સ્કીટનો નાસ્તો બે પેન્સમાં તો મને વિલાયતમાં ત્યાં જ પહેલી વાર મળ્યો.

લંડન રાત્રે છોડ્યું ને બીજી સવારે હૉલૅન્ડ પહોંચ્યો.





અલ્ફમારના યૂથહાઉસમાં

L.N.E.R. રેલવે વિષે એક બે સ્થળે વાંચ્યું'તું કે 'જાણે મખમલના પાટા પર ગાડી ચાલતી હોય એમ લાગે છે અને ગાડી ક્યારે ઊપડી તે પણ સમજાતું નથી.' એમાં કાંઇ સત્ય લાગ્યું નહિ. પણ સ્ટીમર વિષે એ કહી શકાય. નાની સરખી એ ડચ સ્ટીમર પર બધી જાતની સગવડ હતી. ચાંદનીમાં શાંત સમુદ્ર રમણીય લાગતો હતો. બહુ થાકેલો હોવાથી વહેલો સૂઇ ગયો અને રાત ક્યાં ગઇ એ પણ સમજાયું નહિ.

બીજી સવારે તો હૉલૅન્ડનું મોટું બંદર રૉટરડામ જોયું. શહેરમાં, કે નદી કિનારે, નહેરોમાં કે ગોદીઓમાં બધે જ એ દુનિયાના મોટામાં મોટા બારાના વેપાર-વણજનો ને સમૃદ્ધિનો ભાસ થતો હતો. આ શહેર માસ Maas નદીના મુખ પર આવેલું છે. અને નદીના બંને કિનારા પર વસેલું છે. શહેરમાં ચારે દિશામાં અસંખ્ય નહેરો વહે છે જેમાં ગુણો અને ડબ્બાઓથી ભરેલાં સૈકાઓ જૂનાં વહાણો તેમજ મોટાં આધુનિક જહાજો દોડધામ કરી રહેલાં દેખાય છે. અહીં એક નવી વાત જોઇ. દરેક વહાણ પર એકએક નાનો કૂતરો મને દેખાયો. તે હમેશાં ભસતો જ સંભળાતો. કહે છે કે આ કૂતરાઓ ચાલાક હોય છે ને કેટલીકવાર કિનારા પર વહાણમાં ભરવાનો સામાન આવતો જોઇ દાદર ઊતરી નીચે જઈ ખલાસીઓને બોલાવી લાવે છે.

હૉલૅન્ડ આખું દરિયાની સપાટીથી નીચું છે અને આ શહેરમાં એટલી બધી નહેરો છે તેમજ દરેક નહેરમાં એટલાં બધાં વહાણો છે કે કોઈ કહે છે તેમ અહીં જહાજનાં ભૂંગળાં અને ઘરોની ચિમની બધું સેળભેળ થઈ જાય છે.

રૉટરડામનો નદીકિનારો જોતાં મને સુરતનું બંદર યાદ આવ્યું અને એની ગત જાહોજલાલીનું ચિત્ર મારી દૃષ્ટિ સમક્ષ ખડું થયું. આ જ વલંદાઓના બાપ-દાદાઓ સૈકાઓ પહેલાં હિંદને એ સમૃદ્ધ કિનારે વેપાર ખેડવા આવ્યા'તા—આજે સ્થિતિ પલટાઇ છે. એમની સમૃદ્ધિ આજે એવી બની છે, જ્યારે આપણા સામુદ્રિક વેપારનું નામનિશાને ય નથી રહ્યું.

મોટે સાદે ગીતો ગાતાં બાળકોએ મારી વિચાર-માળામાં ભંગ પાડ્યો. હસતાં રમતાં બાળકોની એ ટુકડી વહાણમાં બેસી સહેલ કરવા જતી'તી. મેં એ-મની છબી પાડી અને પછી એમણે બધાએ મોટે અવાજે મને હિપ–હિપ–હુરરેથી વધાવ્યો. છબી લીધી ત્યારે એ કર્યું હત તો છબી કેટલી સુંદર આવત!

'ડેન હાગ' (Den Haag—The Hague) એ હૉલૅન્ડનું અગત્યનું નગર છે. ત્યાં સુંદર સ્થળોની ખોટ નથી. જીનીવાના વાતાવરણની યાદ આપતા આંતર-રાષ્ટ્રીય વાતાવરણના ચિહ્નરૂપ એનો રમણીય પીસ પૅલૅસ (Peace Palace) જોવા જેવો છે. સ્ટેશન આગળ જ બગીચામાં હરણોનાં ટોળાં ફરતાં દેખાય છે; અને 'પ્રવાસી સંઘ'ની ઑફિસ આગળના વૃક્ષોથી છવાએલા ચૉરામાં તથા માઉરિત્સ હૂસ (મ્યૂઝીયમના ચિત્રમહેલ) પાછળના તળાવમાં કાંઇ અનેરી શાંતિનો ભાસ થાય છે. હૉલૅન્ડ વિષે પુસ્તક લખનાર એક બહેનને 'ડેન હાગ'માં શહેરની વચ્ચે આવેલો હૉલૅન્ડની રાણીનો નાનોસરખો શ્વેત પથ્થરનો મહેલ બહુ ગમ્યો છે અને થયું છે કે 'મને આમાં રહેવાનું મળે તો કેવું સારૂં!' —પણ તેથી ય વધુ મને તો આ Peace Palace સામેનું એક તદ્દન અર્વાચીન મકાન બહુ ગમ્યું. આ બાબતમાં હૉલૅન્ડ વિલાયત કરતાં ઘણો વધારે અર્વાચીન દેશ લાગ્યો. લંડનમાં મૉડર્નિસ્ટ (નૂતન આર્કિ-ટેક્ચર—આધુનિક સ્થાપત્ય)નો નમૂનો જોવો હોય તો એનો કોઈ ખૂણો શોધવો પડે; પણ હૉલૅન્ડમાં તો ઠેકઠેકાણે સુંદર મૉડર્ન (આધુનિક) મકાનો દેખાય છે. એની રાજધાની ઍમ્સ્ટરડામમાં તો એ આધુનિક સ્થા-પત્યથી ભરેલું એક આખું પરૂં છે. વૃક્ષો તથા ફૂલોથી શોભતા વિશાળ રસ્તાઓ ને મજબૂતી તેમજ નાજુકતા



લાઇડનના મ્યૂઝિયમમાંની ભગવાન
બુદ્ધની અનેક સુંદર મૂર્તિઓમાંની એક



અલ્કમારની ચીઝ માર્કેટ

તેમજ સહેતુકતા અને સૌંદર્ય બંનેને સાચવતાં અસંખ્ય અર્વાચીન મકાનો એ પરામાં સ્થળેસ્થળે દેખાય છે. ઘણુંખરૂં લાલ ઇંટોથી જ એ મકાનો બાંધેલાં છે અને ઉપર શણગાર પણ નહિ જેવા જ છે. ફક્ત બારીબારણાંઓથી ભીંતમાં જે શણગાર આવે એ જ. છતાં યે એની સીધી લીટીઓમાં અને એના ખૂણાઓમાં કાંઇ અનેરૂં સૌંદર્ય મને દેખાયું, અને એના સાદાં પણ સુંદર દેવળો, બેંકનાં મકાનો, સીનેમા થીએટરો, યુનિવર્સિટિઓ અને રહેવાનાં ઘરો જોઇ મને થયું કે આપણે ત્યાંની દરેક મ્યુનિસિપાલિટિના સભ્યે અહીં આવી આ બધું જોવું જોઇએ. મુંબાઇના ખાર પરામાં આવો કાંઈક પ્રયત્ન થતો હોય એમ લાગે છે; પણ અહીં જેટલી અર્વાચીન કલાની કદર ત્યાં થાય છે કે નહિ તે કોણ જાણે.

અહીં તો આની કદર બધા જ કરતા લાગે છે. હૉલૅન્ડમાં ઘુદૉક Dudok નામનો બહુ પ્રખ્યાત શિલ્પી છે. એનાં મકાનો બધે જાણીતાં છે. અહીં આવતાં રસ્તામાં એક નાનું સુંદર ગામ આવે છે. હૉલૅન્ડના કેટલાક પૈસાદાર લોકો ઘણુંખરૂં ત્યાં વસે છે. ત્યાં ઘુદૉકે બાંધેલાં ત્રણ નિશાળનાં મકાનો અને એક ટાઉનહૉલ બહુ જાણીતાં છે. ટાઉન હૉલ તો મને ઘણો સુંદર લાગ્યો. એના બીજા જાણીતા મકાન, રૉટરડામના મોટા રસ્તા પર આવેલા Bijen korf—બાયેન કૉર્ફ (Bee-hive store) (બી-હાઇવ સ્ટોર)ની માફક આ પણ પીળી ચળકતી ઇંટોથી બાંધેલો છે. એટલો સ્વચ્છ ને નાજુક એ લાગે છે કે જાણે જોયા જ કરીએ. ઉપર ભાતમાં તો સોનેરી ને નીલરંગી ઇંટના પટા જ, અને ઊંચા ચોરસ મિનારા પર આવેલું નીલરંગી ઘડિયાળ.

પશ્ચિમના દેશોની આ આધુનિક (મૉડર્ન) કલામાં મને તો 'સત્યની શોધ'નો જ ભાસ થાય છે. એને ગમે એટલી વખોડો, પણ એમાં આધુનિક જીવનના આત્માને અર્વાચીન રૂપમાં દર્શાવવાનો પ્રયત્ન જ મને તો દેખાય છે. અને પાશ્ચાત્ય મૉડર્ન ચિત્રકલામાં આપણા અજન્તા, રજપૂત અને મોગલ ઢબનાં તેમજ આજની બંગાળી શાખાનાં ચિત્રોની કાંઇક ઝાંખી થાય છે. ઇટલીમાં(મિલાનમાં)આવી અર્વાચીન કલાનું પ્રદર્શન

જોઇને પછી લંડનમાં બંગાળી ચિત્રો જોયાં અને ત્યાં એ સામ્ય વિષે કેટલાક અંગ્રેજો સાથે વાત કરતાં એમનો અભિપ્રાય પણ એ જ લાગ્યો. ઍમ્સ્ટરડામમાં મ્યુનિસિપલ મ્યૂઝિયમમાં આધુનિક ડચ ચિત્રકળાનો —ખાસ કરી Van Gogh (વાનગફ)નાં ચિત્રોનો પરિચય કર્યા પછી પણ એ જ વિચારો આવ્યા.

હૉલૅંડનાં જૂનાં ચિત્રો એની જાણીતી ગૅલેરીઓમાં જોવાનાં મળે છે. રૉટરડામ અને હારલૅમનાં ચિત્રગૃહો તો જોવા ન મળ્યાં, પણ જૂની ડચ કલાનાં ઘણાંખરાં ચિત્રો હાગ તેમજ ઍમ્સ્ટરડામનાં મ્યૂઝિયમોમાં જોયાં. વિખ્યાત કલાસ્વામી રેમ્બ્રાં (Rembrandt) નાં ઘણાંખરાં ચિત્રો ઍમ્સ્ટરડામમાં છે. ડચ ચિત્રકારો ઇટાલિયનોની પેઠે પુરાણ-પ્રસંગોના શૉખીન નથી. એમનાં ચિત્રો ઘણુંખરું નિત્યજીવનમાં સાદા અનુભવોને બહુ જ આબેહૂબ ગૃહભાવપૂર્વક દર્શાવે છે. કોઇ ચિત્રમાં બેત્રણ ગાય અને ઘેટાં સાથે ઊભેલો ભરવાડ દેખાય, તો કોઈનાં હાથમાં સીતાર લઇ ગાતો યુવાન નજરે પડે. પણ ઘણાં ચિત્રોમાં ટેબલ આગળ ખાતાંપીતાં ને ગમ્મત કરતાં સ્ત્રીપુરુષો અને બાળકો જ દેખાય. કોઇકોઇ ચિત્રમાં તો ફક્ત મરઘાં બતકાં જ ચીતર્યાં હોય છે.

હાગમાં કેટલાંક સુંદર મકાનો દીઠાં. પણ પ્રાચીન કળાના સારા નમૂના હૅરલામ અને અલ્કમારમાં જોવા મળ્યાં. હૅરલામની જાણીતી મીટ મારકેટ અને અલ્કમારની ચીઝ મારકેટ જૂની ઢબનાં લાલ અને સફેદ ઇંટનાં પૅગોડાના આકારનાં સુંદર મકાનો છે. હૉલૅન્ડમાં ઠેકઠેકાણે આવાં મકાનો જોવામાં આવે છે.

હાગ જેવા મોટા શહેર પછી લાઇડનનું નાનકડું શહેર ગામડા જેવું લાગ્યું. પણ શહેર ઘણું જૂનું છે અને પંદરમી સદીની એની વિદ્યાપીઠ માટે જાણીતું છે. મેં ત્યાંના એક પ્રોફેસરને પત્ર લખ્યો હતો, પણ એ ત્યાં ન હોવાથી મળ્યા નહિ. છતાં દરેક પ્રવાસીની માફક ૩૫ સેન્ટ આપી ત્યાંના માણસ સાથે ફરીને તો યુનિવર્સિટીનાં મકાનો જોવા મળ્યાં. રજા હોવાથી વિદ્યાર્થીઓ ત્યાં નહોતા, એટલે આત્મા વિનાનું ખાલી ખોખું જ જોવાનું હતું. કેટલેક સ્થળે ભીંતો પર પરીક્ષા માટે બહાર થોભતા વિદ્યાર્થીઓએ દોરેલાં વિચિત્ર ચિત્રો દેખાયાં! એક ઓરડામાં જુદાજુદા પ્રોફેસરોની છબીઓ હતી, તેમાં બનારસમાં ગયા સૈકામાં સંસ્કૃતના પ્રોફેસર તરીકે કામ કરતા ડચ પ્રોફેસર કર્નની છબી પણ હતી. અહીં દર વર્ષે પરીક્ષા નથી હોતી; ફક્ત મૌખિક પરીક્ષા જ લેવાય છે. એ ઑક્સફર્ડ કરતાં સારી રીત જણાઇ. પણ મારી દૃષ્ટિ સમક્ષ આખો વખત ઑક્સફર્ડનું ચિત્ર ખડું હોવાથી આ યુનિવર્સિટીએ મારા મન પર બિલકુલ છાપ ન પાડી.

પણ લાઇડનનું જગપ્રસિદ્ધ મ્યૂઝિયમ મને ઘણું ગમ્યું. ચીન, જાપાન, જાવા અને હિંદથી આણેલા પ્રાચીન તેમજ અર્વાચીન કલાના ઘણા સુંદર નમૂનાઓ અહીં સંઘરાયા છે. જાવાથી આણેલી બુદ્ધની મૂર્તિઓ અને હિંદની શિવપાર્વતી તથા ગણેશની મૂર્તિઓ ઘણી સુંદર છે. એક ઓરડામાં જાપાનીઝ સ્ત્રીઓને કામ કરતી જોઇ આશ્ચર્ય થયું, પણ પાસે જતાં એ બધાં માટીનાં પૂતળાં જણાયાં! આ જ સંગ્રહસ્થાનમાં લખનૌનાં રમકડાં અને સુરતનાં કમાડ પણ દીઠાં.

આ કલાની ભાષા તો ઘણે અંશે દેશ અને કાળની સીમાની પર કહી શકાય. પણ સાધારણ લોકોની ભાષા સમજવાને તો એ શીખવી જોઇએને ? મને ડચ ભાષાનું જ્ઞાન બહુ થોડું હતું છતાં જેમતેમ ગબડાવ્યે રાખતા. ભાષાના અજ્ઞાનને લીધે અલ્કમારના યુવકગૃહમાં ઘણી મઝા થઇ. ખૂબ ગમ્મતી યુવાનો અને યુવતીઓની ટોળી ત્યાં ભેગી થઇ હતી. એ લોકોમાંથી બેત્રણ જણ જ થોડુંઘણું અંગ્રેજી જાણતા. છતાં અમે કલાકોના કલાકો સુધી વાતો કરી, જેમાં ગાંધીજીની સત્યાગ્રહની ફિલસૂફીની સૂક્ષ્મ વાતો યે કરતાં!

એક પરિણીત યુગલ પણ ત્યાં હતું. પતિ રૉટરડામમાં કલાર્કનું કામ કરતા. સ્ત્રી જુવાન હતી. એ હસતી ખૂબ. બંને થોડુંથોડું અંગ્રેજી જાણતાં અને હું કહેતો તે બધું બીજાઓને સમજાવતાં. એમનો બાર વર્ષનો છોકરો પણ સાથે હતો. એ કોઇ સાથે બોલતો જ નહિ; પણ બધું કાન દઇને સાંભળતો. યુવાનોનું જીવન ગાળવા અને તેની મોજ માણવાનું શીખવવા આ લોકો એને સાથે લાવ્યાં હતાં. ત્રણે જણ સાઇકલ પર હતાં. હૉલૅન્ડમાં ત્રીસ લાખ સાઇકલો છે, અને બધા જ સાઇકલો વાપરે છે. યુવકગૃહોમાં તો જે આવે તે બધાં જ દૂરદૂરથી સાઇકલ પર આવતાં જ જણાતાં.

યુવકગૃહમાં યુવાનોના સાથમાં રાત ગાળવાની મજા

તો જેણે અનુભવી હોય એ જ જાણે. રાત્રે ખૂબ સરસ જમવાનું મળ્યું. 'મા' (Mother Warden) એ ફણસી ને બટાટા બીજી કાંઇકાંઈ ચીજો બનાવી હતી. બપોરે મોડો જમ્યો'તો છતાં ય સ્વાદિષ્ટ ભોજન અને ઘરનાં માણસોનો પ્રેમ અને આગ્રહ એટલે ખૂબ જમ્યો.

પછી સૌએ ડચ ગીતો ગાયાં. 'Our Nederland' ગવાયું. 'Tom Brown's Baby'ના અંગ્રેજી ગીતનું ડચ રૂપાંતર પણ ગવાયું. પછી મને ગાવાનું કહેવામાં આવ્યું. એ બધાં તો સુંદર સાદે સાથે ગાતાં. મારે એકલા ગાવાનું હતું. 'મેંદી તે વાવી'માં હિંદી (ગુજરાતી) લોકગીતનો મેં પરિચય આપ્યો. અૅરબિક 'સલામઅલેકુમ'નું 'ઊંટ હાંકનારાનું ગીત' પણ ગાયું. એમને તો એ બહુ જ ગમ્યાં. વળી એક ગીત ગાવાનો આગ્રહ થવાથી દ્વિજેન રૉયનું 'આમાર દેશ' ગાઇસંભળાવ્યું.

બીજે દિવસે અમે એકબીજાની અશ્રુભીની વિદાય લીધી. પેલી 'બે બહેનો'નું ચિત્ર તો હજી મારી દૃષ્ટિ સમક્ષ ખડું છે. તિનિ અને ઇનાએ પહેલા માળની બારીમાંથી વાંકા વળીવળી વિદાય આપી. સત્તર વાર એમણે હાથ ફરકાવ્યા અને સત્તર વાર મેં પાછા ફરી જોયું. આખરે દૂર અંતરમાં એ દેખાતી બંધ થઇ અને હું ધીરે ડગલે આગળ વધ્યો.

એ બે બહેનો 'બહેનો' નહોતી, છતાં યે હાથમાં હાથ મેળવી હમેશાં સાથે જ ફરતી. રંગબેરંગી ફૂલની ભાતવાળાં કપડાં, ચુસ્ત નીલવર્ણાં બદન અને પગમાં રંગીન ચંપલ; માથે લાલ ફૂલ, ગુલાબી રૂમાલ અને કમરે નાની કટારી. બંને કાબુલણો જેવી લાગતી અને હસતી ત્યારે ગાલ પર ગુલાબી શેરડા પડતા.

યુવકગૃહો તો એ પછી ઘણાં જોયાં અને ઘણાં જોઇશું, પણ અલ્કમારનું આ યુવકગૃહ મને હમેશાં યાદ રહેશે. એ પહેલાં યે યુવકગૃહો દીઠાં'તાં. પણ ત્યાં પહેલીવાર મેં યુવાની જોઇ. હાસ્ય અને ગીતથી ફાટફાટ થતી અને કાર્ય તથા સેવાની ધગશભરેલી એ યુવાની હતી. ભેરૂબંધ 'કૉમરેડપણા'નો ખરો આસ્વાદ પણ મેં ત્યાં જ મેળવ્યો.

અૅમ્સ્ટરડામનું યુવકગૃહ ઘણું મોટું હતું. એકસો સાથે બસો ઉપર યુવાનોને રહેવાની ત્યાં સગવડ હતી. વ્યવસ્થા ઘણી સારી અને ગૃહપતિ પણ માયાળુ હતા. છતાં ત્યાં મને અલ્કમારની મજા ન દેખાઇ. અહીં વાતાવરણમાં મને વધારેપડતું નિયમન લાગ્યું અને વાતાવરણ સહેજ નિશાળીઉં જણાયું. પણ વ્યવસ્થા જોવી હોય તો આ અૅમ્સ્ટરડામ કે આર્નહાઇમનાં યુવકગૃહો તો જોવાં જ. સેંકડો યુવાનો અને યુવતીઓને રહેવાની તથા જમવાની વ્યવસ્થા છતાં બધું એટલું સુંદર રીતે આટોપવામાં આવે કે જરા યે ગરબડ ન થાય. ડચ યુવકગૃહોમાં નિયમન અંગ્રેજ યુવકગૃહો કરતાં પણ વધારે દેખાય છે. જોકે ડચ પ્રજામાં અંગ્રેજ પ્રજા જેટલું નિયમન નથી; છતાં યે ડચ પ્રજા મને ઘણી માયાળુ અને આતિથ્યભાવભરી લાગી. ડચ લોકો વધારે ગૃહભાવી પણ લાગ્યા.

અલ્કમારની જૂની ચીઝ માર્કેટમાં શુક્રવારે ભરાતું ચીઝનું બજાર આ યુવાનો સાથે જોયું. દસને ટકોરે માર્કેટના ઘડિયાળની આસપાસ ઘોડેસવારો ફરે અને એ જ વખતે બજાર શરૂ થાય. અને પછી અસંખ્ય —હજારો અને લાખો—ચીઝના ગોળાઓ લઇ સફેદ કપડાં અને રંગીન ટોપીમાં સજ્જ થએલા મજૂરો ચીઝ તોળાવા લઇ જાય; તડબૂચ જેમ ચીઝના ટુકડા કાઢી એની પરીક્ષા કરી એને વેપારીઓ ખરીદે કે વહાણ પર લઇ જઇ મજૂરો એ ગોળાઓને લાકડાની નળીમાંથી ગબડાવે. આ એક કલાકની ગુજરીમાં મને ડચ જીવનનો જે પરિચય થયો તે દિવસોના વાસ દરમ્યાન પણ ન થાત.

અહીં ચીઝ કેમ વેચાય છે તે પણ જોયું અને હીરાઓને એક પછી એક પાસા દઇ કેમ કાપે છે તે પણ જોયું. જે કારખાનામાં કોહીનૂર બનાવવામાં આવ્યો હતો તે કારખાનું પણ અમે અૅમ્સ્ટરડામમાં જોયું.

વલંદાઓની પરોણાગતનો સ્વાદ ચાખી અનેક મીઠાં સ્મરણો લઇ આજે જર્મનીના પ્રવાસે ઊપડી જઇશ. હાઇનલાંડની પવિત્ર ભૂમિનો અને જર્મન પ્રજાની પરોણાગતનો સ્વાદ મેળવવા આતુર છું. એ દિ' પણ આવશે.

હીરાલાલ ગોદીવાળા

લિબર્ટી લૉજ લાયબ્રેરી–વીલેપારલેનાં પુસ્તકો

હાલ ફરીથી નંબરવાર ગોઠવવામાં આવે છે;તેથી જે ભાઇઓ પાસે સદરહુ લાયબ્રેરીનાં પુસ્તકો હોય તેઓને વેળાસર તે પાછાં મોકલાવી આપવા વિનંતિ છે. દરેકને કાગળો લખવાનું બની શકે તેમ ન હોવાથીઆ જાહેર અપીલ કરી છે.

જલમાનુસ . . . . અનુસંધાન પૃષ્ઠ ૮થી

'જલમાનુસ' શબ્દ ખસે નહિ. આ કયું પ્રાણી હશે, એનું આવું નામ પડવાનું શું કારણ હશે, એના વિચાર કરતો હું જતો હતો ત્યાં એક માછી મળ્યો. એને પૂછતાં કહ્યું 'અહીં જલમાનુસ રહે છે ખરાં; પણ કોક વાર જોવા મળે. મોટાં પકડાય નહિ ને નાનાં પકડીને કરીએ શું? એ કોણ લે?' 'જલમાનુસ' એટલે શું, એના જવાબમાં એ બોલ્યો કે 'અમે શું જાણીએ? પણ કોઇકોઇ એને "પાણીનું બિલાડું" પણ કહે છે.' આ શબ્દો સાંભળ્યા કે મને યાદ આવ્યું કે, અલ્યા, આ તો સંસ્કૃતનું जल-मार्जारः–Otter–उद्रः । ત્યારે મને ખબર પડી કે આવું પ્રાણી ગુજરાતમાં પણ થાય છે. પ્રાકૃતિક દશામાં પહેલું અને છેલ્લું મેં Otter—जलमार्जारને એ વખતે જોયું. ત્યાર પછી સાબરમતીમાં ઘણો રખડ્યો છું, ઘણી યે તપાસ કરી છે, પણ એને જોવાનો ફરીથી અવસર મળ્યો નથી. ભોઇ લોકો લાવી આપવાનું કહે છે, પણ ક્ષણિક આનંદની ખાતર એ ખુશમિજાજી પ્રાણીને વતનનો વિરહ પડાવવાનું મેં યોગ્ય ધાર્યું નથી. પાછળથી મારા એક શિકારી મિત્રના પરાક્રમ(!)થી એનું ખાલડું જોવા મળ્યું હતું.

उद्रः—जलमार्जार—જલમાનુસ નામથી જાણીતા અને સાબરમતીમાં જોવામાં આવતા આ પ્રાણીનું અંગ્રેજી નામ Common Otter છે. વૈજ્ઞાનિકો એને Lutra Vulgaris કહે છે. એ હિંસ્ર વર્ગનો પશુ છે અને વેંઝુનો પિતરાઇ ગણાય. એથી અઢી ફૂટના, બિલાડી જેવા આ પ્રાણીની પીઠનો રંગ ઘોડાના રંગ જેવો, પણ આછો લાલ કે બદામી. ગાલ, ગળું અને છાતી તથા પેટ ધોળાં. શરીરે લાંબા ખરબચડા વાળ. એના છેડા સફેદ. પણ સુંવાળું એવું કે પીઠે હાથ મૂકીએ તો સરી જાય. પૂંછડી જાડીઃ છેડે પાતળી. પગ ટૂંકા. પગનાં આંગળાં વચ્ચેથી જોડાએલાંઃ તરવાનું સરળ થાય એથી. આંગળાંને છેડે ટૂંકા નહોર. જડબું ભારે. ગળું, ગરદન અને જડબું સરખાં જાડાં. મોં પર મૂછો. બુચિયા કાન.

પાણીમાં રહેઃ જમીન પર પણ ફરે. બચ્ચાં માટે કિનારે ભેખડમાં બોડ કરે. રાતનો રાજા. દહાડે ઘણે ભાગે બોડમાં લપાઇ રહે. એનો આહાર માછલાં. ખાય તેટલું ખાય, પણ બગાડ ભારે કરે. માછલું પકડ્યું, એકાદ મોં ભર્યું ન ભર્યું ત્યાં બીજું પકડે. આમ માર્યે જ જાય. ભારે રમતિયાળ. એનાં બચ્ચાં પાળીએ તો ઝટ પાળી શકાય. એને તરતાં જોઇને તો મન ધરાય જ નહિ એવી રમણીય ગતિ. ભારે ચપળ. એના જેવી ચપળતા આખા હિંસ્ર વર્ગમાં બીજા કોઇ પ્રાણીની નથી. બોલે ત્યારે કુરકુરિયાના જેવું કે બીકના માર્યા સીસોટી મારે તેવું. બાળબચ્ચાં સાથે ખૂબ આનંદમાં રહેનારૂં. આખું કુટુંબ ભેગું થઇને શિકાર કરે. પાણીમાં માછલાંને ચારે બાજુથી ઘેરી લઇને પછી વારાફરતી મારે. એની આ ટેવને લીધે ઘણે સ્થળે માછીમારો શિકારી કુતરાની પેઠે એને પાળીને તેની મદદથી માછલાંને સપડાવે છે.

આ જલમાનુસ (Otter) હિન્દુસ્તાનમાં નદીનાળાં કે મોટાં જળાશયોમાં જોવામાં આવે છે. મહી, નર્મદા અને તાપીમાં પણ થતાં હશે; પણ શોધવા જતાં ભાગ્યે જ જડશે. જોગાનજોગ બળવાન હોય તો કોઈ ભાગ્યશાળીને દેખાય. અને આવું તો હરેક બાબતમાં બન્યે જ જાય છે. હાથમાં બંદુક ન હોય ત્યારે શિકાર ડગલેડગલે નજરે પડે. પતંગિયાં પકડવા ખાસ નીકળો તો એકે ય ન દેખાય. પંખીનાં ટોળેટોળાં રોજ નજરે પડે, પણ જો કૅમેરા કે દૂરબીન લઇને નીકળ્યા તો જેને જોવા ગયા હો તે તો ન જ મળે, પણ બીજાં ભળતાં જ દેખાય. પ્રકૃતિના ખોળે સ્વચ્છંદ વિહરતાં પશુપંખી વગેરેનાં સ્વરૂપ અને જીવનવ્યવહારના નિરીક્ષણની રીત જ આવી છે. અને આવી અનિશ્ચિતતાને લીધે જ એના આનંદની રમણીયતા નિત્યનવીન રહે છે. આવી અનિશ્ચિતતાથી જ પ્રાણીજીવનના અભ્યાસની વિવિધતા અને વિશાળતા સાથેસાથે પોષાય છે.

હિંદુસ્તાનમાં જલમાર્જારની ત્રણ જાતો થાય છે, પણ એમની પરસ્પર ભિન્નતા એટલી સૂક્ષ્મ અને અલ્પપ્રમાણ છે કે દૂરથી જોતાં બધી એક જેવી જ લાગે.

વનેચર

ચિત્રગુરુ . . .

એ જ્યાં ન કેળવાતાં હોય ત્યાં પાયામાં કે મૂળમાં જ ભારે ખામી રહેલી છે; કોઇ મહાન પાપ, ભીષણ અનિષ્ટ ક્યાંક છુપાએલું છે એ નિશ્ચિત જાણવું.

અનુસંધાન પૃષ્ઠ ૨૬થી

એટલા ખાતર જ ધર્મકારની જેમ કળાકારનું જીવન પણ નિર્મળ, સમભાવી અને શક્તિશાળી હોવું જોઇએ એ અત્યંત આવશ્યક છે.

જમાલ સીદી



હું બજારે જતો હતો. એટલામાં છોકરાંઓનું મોટું ટોળું થએલું ને બધા દુકાનદારો દુકાનો બંધ કરીને બેઠેલા. જાણે હડતાલ પડી! મેં જાણ્યું કે મદારી ખેલ કરતો હશે એટલે હું તો દોડ્યો. જઇને જોઉં તો સીદી ભીખ માગતો હતો. એનું નામ જમાલ. લોકો એનાથી બહુ ડરે.

વાંકડીઆ ગૂંચળાવાળા વાળ ને લાલઘૂમ જેવી આંખો; ચીબું નાક ને દેખાવે જેમ એ બીહામણો હતો, એમ બોલવે ય ડરામણો હતો. એ જમાલ સીદી હતો.

જમાલ મૂળ તો આફ્રિકાનો વતની, પણ એના વડવા આ દેશમાં ઊતરી આવેલા ને ભીખ માગવાનો ધંધો કરતા. જમાલ પણ એ ધંધો કરતો ને ગામેગામ ફરીને ભીખ ઊઘરાવતો. જમાલ ફકીર હતો.

જમાલ સવારમાં ભીખે ચડે ને દુકાને દુકાને જાય. હોઠ ધ્રુજાવી ધૂ ધૂ ધૂ કરે ને પોતાના હાથમાં કંબો હોય તે વગાડે. તેનો ભાઇ ઘૂઘરો વગાડે ને એની સ્ત્રી ઢોલકી બજાવે. જમાલ ગવડાવે ને બીજાં સાથે હોય તે બધાં ગાય. કોઇકોઇ વખત તો જમાલ હઠે ચડે ત્યારે બોલવા માંડે :

બોલ માના કાકા પાંચ પેસા,
બનિયા કાકા પાંચ પેસા;
બોલ માના સીદી પાન પેસા,
બોલ માના કાકા પાન પેસા.

એવુંએવું બોલે ને વારાફરતી બીજા જોડીદાર ઘૂઘરો વગાડતા ગાય ને કૂદતા જાય. જમાલ તાનમાં આવી કંબો જોરથી વગાડે એટલે ઢોલક ઉપર તેની વહુની થાપ પણ જોરદાર પડે. જમાલ હમચી ખૂંદે તે છોકરાંઓ તો જોતાં ધરાય જ નહિ. જમાલ રમતિયાળ હતો.

દુકાનદાર રકઝક કરે ને બે પૈસા ઓછા આપવા કહે, પણ જમાલ માને નહિ ને દુકાનદાર પાંચ પૈસા

વાનર જોષી

વાનરભાઇએ બંડી પહેરી
પહેર્યું પીતાંબર,
ચકરી પાઘડી માથે મૂકી,
શોભીતી સુંદર.

માથે ટીપણું ખોશી
થયા પોતે જોષી.

જાતાં જાતાં રસ્તા વચ્ચે
મળ્યો મામો વાઘ,
મામો કહે ભૂખ્યો છું આજે
આવ્યો સારો લાગ.

વાનર કહે ઓ વાઘજી મામા
હું તો બુઢ્ઢા જોષી,
જોષ તમારા જોવા આવ્યો
માથે ટીપણું ખોશી.

વાઘ ડાહ્યો થઇને બેઠો
વાનર જુએ જોષ,
સાચું કહું છું મામા!! તમને,
કરશો ના કંઇ રોષ.

ધન :મકર ને મીન સારા
ઊંધા સિંહ ને મેષ,
ચાર દિ ના ખાશો નહિ તો
થાશે મૃત્યુકલેશ.

જોષીજીને પગે લાગી
દીધી મોંઘી ભેટ,
વાઘ પાધરો ઘેર ગયો
ને સૂતો ભૂખે પેટ.

વાનર બોલ્યો હસી
બંદા કેવા જોષી!

રમણલાલ સોની



આપે નહિ તો છેવટે જમાલ કે જમાલના જોડીદાર સાંકળોવાળી ગરજી લઇ કૂદી પડે ને પોતાના પેટમાં હુલાવે કે અણીદાર ચપ્પુ કાઢી સાથળ કાપી લોહી કાઢે ને ત્રાગું કરે. લોહી છાંટે એથી લોકો બહુ ડરે. જમાલ હઠીલો સીદી હતો.

જમાલ લૂંગી પહેરે ને બાવડા ઉપર રૂમાલ બાંધે. જમાલની સ્ત્રી ઇજાર ઉપર મોટો ઝભ્ભો પહેરે ને છૂટો ચોરસો ઓઢે. એ રૂપાનાં ઘરેણાં ય પહેરે. જમાલની સ્ત્રી એકલી હોય તો યે ભીખે ચડે એવી તો એ ય બહાદુર.

જમાલ ને એની ટોળી વાઢમાં ફરે ને ગોળની ભીલીઓ લઇ આવે ને વેચે. જમાલની ભીખ બધે બાંધેલી. પણ એ ગામમાં પછી બીજા કોઇથી ભીખે ન ચડાય, એવી તો એની પાકી બાંહેધરી. બીજા સાધુ–ફકીર આવે એને જમાલ ખવડાવે પણ ભીખે ચડવા ન દે. જમાલ એમ તો આકીનવાળો હતો.

ભીખ બાંધે એ ગામમાં એ પાંચ પૈસા ન છોડે. વરસ દહાડે આવે ને ભીખે ચડે ત્યારે રૂપીઆ પડાવે એવી તો એની ભીખ આકરી. જમાલ જાણે કે વેપાર સારો ચાલે છે એટલે હબસી મૂઠ પકડી બે પકડી! હઠે ચડે ને પૂરેપૂરી ભીખ પડાવે. જમાલ હબસી હતો.

તંબોળી ને કંદોઇ પાસેથી જમાલ અરધી ભીખ લે. કોઇ ગરીબ વેપારી હોય ને માંડમાંડ પૂરૂં કરતો હોય એવું એને લાગે તો ઓછું ય લે ને જતું ય કરે. કોઇને દુભવે નહિ, પણ છેતરાય તો નહિ જ. માણસ જોઇને વિચારી જાય. એમ તો જમાલ ઉદાર દિલનો 'સીદી બાદશાહ' હતો.

રાત પડે એટલે જમાલ મસ્જિદમાં જાય ને વાળુ-પાણી કરી તકીઆમાં સૂઇ રહે. વહેલો ઊઠી તસ્બી ફેરવે ને જુમાને દિવસે નમાજ પઢે. રમજાનમાં રોજા ય રાખે ને ઇદ ઉપર ખુતબો ય પઢે. મહોરમમાં કુટવા ય જાય. લાલચોળ અંગારા પાથરી ઉપર જમાલ હમચી ખૂંદે તે જોઇને તો આપણને લાગે કે જમાલ હમણાં બળી જશે; પણ જમાલને ફોલ્લા ય ન પડે. એ કૂદે તે જાણે કે ફૂલ ઉપર કૂદવા માંડ્યો! જમાલ પોતાના આકીનમાં એકકો હતો.

જમાલ આઠ મહિના ભીખ ઊઘરાવવા ગામોગામ ફરે ને ચાર મહિના ઘેર રહે. પૈસા ખૂબ ઊઘરાવી લાવે ને પછી મોજ ઉડાવે. જમાલ ગરાસદાર હતો.

જમાલ મરી ગયો એટલે એને દાટીને કબર ચણાવી ઉપર લીલી સોડ ઢાંકી. કપ્રારને તકીએ અમે હજુ યે જતાંઆવતાં એની કબર જોઇએ છીએ.

જ્યારેજ્યારે કોઇ સીદીને ડંકો વગાડતાં સાંભળીએ છીએ ત્યારે હજુ ય જમાલ યાદ આવે છે.

મનુભાઇ જોધાણી

છુટકારો પણ પછી

વેસ્ટ ઇન્ડીઝ ટાપુઓમાં એકવાર સખત દરિયાઈ તોફાનમાં એક વહાણ સપડાયું અને તેનાં થોડાં માણસ દરિયામાં ઊડી પડ્યાં. એ જોઇ વહાણ પરનો એક હબસી ગુલામ તત્કાળ દરિયામાં કૂદી પડ્યો અને જીવસટોસટની એવી તો ઝહેમત ખેડીખેડીને પાંચ જણને બચાવ્યા કે જોનારા દાંતમાં આંગળાં પકડી ગયા!

છઠ્ઠાને બચાવવા તે દરિયામાં કૂદતો હતો એવામાં વહાણના કપ્તાને તેને કહ્યું: 'બસ છે; તેં એટલું પરાક્રમ કર્યું છે કે ગુલામીમાંથી હું તને છુટકારો આપું છું.'

'પણ દરિયામાં હજી એક છઠ્ઠો માણસ ડૂબી ગળચવાં ખાય છે. એનો જીવ પહેલો, મારી મુક્તિ પછી!

અને એટલું કહીને એ દરિયામાં કૂદી પડ્યો.



માધુકરી

ડોલે ડુંગર ને ડોલે દિગંતો થથરે ધરતીની કાયા,
પ્રાણ રેડીને પ્રેમમંદિરના પૂરીશું વજ્જરપાયા;
જીવનનો મહેરામણ ગાજે ઢળે ત્યાં મૃત્યુની છાયા,
માનવતાને પાર ઉતારવા કિશ્તી થશે આ કાયા.

ઉમાશંકર જોષી

શ્રી જગન્નાથ અહિવાસી

મુંબાઇની જે. જે. સ્કૂલ ઑફ આર્ટ્સના બગીચામાં એક વ્યક્તિ ચાલી આવે છે. એના ચહેરા ઉપર નથી ડિમાક કે નથી અભિમાનની રેખા. એ સૌમ્ય છે, શાંત છે, ગંભીર છે. એ ચાલે છે ત્યારે કલાકારની સંપૂર્ણ શાંતિ એની ગતિમાંથી નીતરે છે. બાંધી દડીના સુકલકડી શરીર ઉપરની બદામી કફની, ખાદીનો સાફો અને ગળે વીંટાળેલો દુપટ્ટો સરળતાની સચોટ અને ન ભુંસાય એવી છાપ પાડે છે. વિદ્યાર્થીઓનો એ પ્રિય વયસ્ક છે, દોસ્ત છે; શિક્ષકનો અનભે ભાવ એની વાચામાં મધુરતા પૂરે છે; હિંદી ચિત્રકળાનો એને છંદ લાગ્યો છે. શાળામાં દાખલ થતો નવો વિદ્યાર્થી તેને ચાહવાનું ન ભૂલે એવી અદીઠ રેષા વિધાતાએ એની હથેલીમાં પૂરી છે. બપોરની ટૂંકી રજા દરમિયાન પણ વિદ્યાર્થીઓનું ટોળું તેની પાછળ જામે છે. સ્કૂલ ઑફ આર્ટ્સના શિક્ષકસમુદાયમાંથી ભાઇ અહિવાસીને અજાણ્યાને પણ ઓળખાવવા હોય તો આટલી પિછાન પૂરતી છે.

થોડા જ વિદ્યાર્થીઓ જાણતા હશે કે તેમનાં વ્યકિતત્ત્વ અને પ્રતિભા એ સુદામાપુરીની ગુજરાતને—ભારતવર્ષને અણમૂલી ભેટ છે. આજે એ સાડત્રીસેક વર્ષનો આધેડ જુવાન સ્કૂલ ઑફ આર્ટ્સના સૌથી છેલ્લા વર્ષના વર્ગમાં હિંદી ચિત્રકલાની દીક્ષા અનેક ઊગતા ચિત્રકારોને આપી રહ્યો છે. શાળાના વિશાળ મહાલયનો અને ટેબલ ખુરશીનો એને મોહ નથી; એટલે જ બગીચામાં ઝાડોના ઝુંડ વચ્ચે ઊભેલા લાકડાના બાંધેલા બે ખંડોમાં એમનો શિક્ષણવર્ગ ચલાવે છે. એમના વર્ગમાં પ્રવેશો અને હિંદી ઢબે નીચે ગોઠવાએલી સાદી બેઠકો પર બેસી વિદ્યાર્થીઓને શાંત ચિત્તે કાર્ય કરતા જોશો. તેમને તેમની ઢબે કાર્ય કરવાનું બહુ ગમે છે, એટલે સરકારી શાળામાં પણ પ્રિન્સિપાલ તેમ કરવા તેમને સઘળી સગવડો અને સ્વતંત્રતા આપે છે.

મૂળ વ્રજવાસી છતાં તેમનો જન્મ પોરબંદરમાં. તેમના પિતા મુરલીધર અહિવાસી એક અચ્છા કીર્તનકાર હતા. અને લક્ષ્મીનાથના કીર્તનકારો તો દરિદ્રી જ હોય છે ના ? એ જ પ્રમાણે તેમની આર્થિક સ્થિતિ નબળી. માતા બચપણમાં છોડી સ્વર્ગવાસી થયાં. એકલા પિતાએ જ એમને ઊછેર્યા. કૃષ્ણભકિતનાં કીર્તનોએ અહિવાસીમાં હિંદી કળાના ઊંડા સંસ્કાર પૂર્યા. ઉમરલાયક થયા એટલે પિતાએ તેમને નિશાળે મૂકયા. ગુજરાતી ત્રણ ધોરણ પૂરાં કર્યાં અને અહિવાસીના અભ્યાસનું ઇતિશ્રી થયું. ચિત્રકળાનો શોખ તાજો જ હતો. સાત વર્ષ સુધી ભાવસિંહજી હાઈસ્કૂલના ચિત્રકાર–શિક્ષક શ્રી માલદેવભાઈ રાણાના હાથ નીચે એમણે ચિત્રકળાની તાલીમ લીધી અને ધીમેધીમે શ્રી માલદેવભાઇના શિક્ષણે તેમને સ્કૂલ



ઑફ આર્ટ્સના કળાદ્વારે પહોંચાડી દીધા.

અહિવાસી કળાશાળામાં દાખલ થાય છે. એની પ્રતિભાના સંકોરાએલા પટો એક પછી એક ખુલી જાય છે અને દર વર્ષે શાળામાં પ્રથમ નંબરે પાસ થઇ શિક્ષકસમુદાય ઉપર પોતાની બુદ્ધિની ભુરકી એ છાંટે છે. ચિત્રકાર ધુરંધર પ્રિન્સિપાલ પદે નીમાય છે. ગાંધીયુગનો પ્રથમ જુવાળ ચઢે છે. અધિકારને આસનેથી ધુરંધર સાહેબ ઉચ્ચારે છે: 'તમારે ખાદી પહેરવી હશે તો સ્કૂલ છોડવી પડશે.' અહિવાસી શાળા છોડે છે. પોરબંદરમાં આવી પિતાની કીર્તનકારની જગ્યા સ્વીકારે છે.

હિંદી ચિત્રકલાના પરદેશી અવધૂત સમા પ્રિન્સિપાલ સૉલોમન શાળાના અધિકારપદે નીમાય છે. જૂની શિક્ષણ-પ્રણાલી એ બદલે છે. સ્વતંત્ર સર્જન અને સર્જનાત્મક વૃત્તિને વિકસાવવાનો પ્રાથમિક છતાં મુખ્ય સિદ્ધાંત પહેલો જ શાળાના અભ્યાસક્રમમાં મહત્ત્વ પામે છે; અને બીજી બાજુ શાળા છોડી કીર્તનકારનાં ભાવિક ગીતો ગાતો અહિવાસી શિષ્યવૃત્તિ માટે ઉંબરા ઢૂંઢે છે. 'એ વરસ વધારે ચલાવી લ્યો; આટલાં વર્ષ કેમ ચલાવ્યું;' એવા પ્રત્યુત્તરો મળે છે. અહિવાસી નિષ્ફળ જાય છે પણ નિરાશ થતા નથી. શ્રી માલદેવભાઈ પીઠ થાબડે છે હિંમત આપે છે, અને પુરુષાર્થી માટે બાર ઊઘડે છે.

મુંબાઇના એકાદ ઠાકુરમંદિરમાં થોડા વિદ્યાર્થીઓને ઑર્ડર તરીકે રાખવામાં આવે છે. અહિવાસીના કાન પર એ વાત અથડાય છે અને કીર્તનકાર તરીકેની કારકિર્દીમાંથી બચાવેલી થોડી પૂંજી લઇ અહિવાસી મુંબાઇ દોડે છે. મંદિરમાં રહે છે, શાળામાં દાખલ થાય છે અને જે. જે. સ્કૂલ ઑફ આર્ટ્સ તથા કેતકર આર્ટ ઇન્સ્ટીટ્યૂટમાં શિક્ષણ લે છે. પાતળીઆ લાંબી ડોકવાળા આ વિદ્યાર્થીમાં પ્રિન્સિપાલ સૉલોમન હિંદી કળા માટેની નૈસર્ગિક શક્તિ જુએ છે. એને સન્માનપૂર્વક એ શાળામાં દાખલ કરે છે અને એ કલાકાર–અધ્યાપકની સરાણે કલાનો પારસમણિ સરજાય છે.

અહિવાસીભાઇનું આજનું સ્થાન જેટલું એમની નૈસર્ગિક પ્રતિભાને આભારી છે તેટલું જ પ્રિન્સિપાલ શ્રી સૉલોમનના પ્રેમને પણ આભારી છે. અહિવાસીના ઝવેરાતને પહેલા પારખનાર એ કલાપારખુ આચાર્યને આજદિન સુધી તેઓ સન્માનપૂર્વક સંભારે છે અને એમનો ઋણભાર દાખવે છે. આજે તો એમનાં ચિત્રો વેમ્બ્લીના જગત–પ્રદર્શનમાં કે વાઇસરૉયના રાજ્યમહાલયમાં, લંડનના પિકૅડિલી કલાપ્રદર્શનમાં કે શાળાના કલાખંડમાં વિરાજે છે. હમણાં જ તેમનાં સાત ચિત્રો લંડન કલાપ્રદર્શનમાં મોકલવામાં આવ્યાં છે અને સાથે બસો જેટલાં બીજાં ચિત્રો શાળાના વિદ્યાર્થીઓનાં દોરેલાં મોકલાયાં છે. હિંદી ચિત્રકલાનો એવો તો નાદ એણે ગુજરાત–મહારાષ્ટ્ર અને હિંદભરના આવતા જુવાનોને લગાડ્યો છે.

ઉનાળાની છેલ્લી રજા દરમિયાન એ વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થિનીઓ સાથે અજંતા અને ઇલોરાની કલાયાત્રાએ ગયા હતા. ત્રણ દિવસના વસવાટ પછી અજંતા છોડતાં રડતા એ કલાકારને મુખેથી અજંતાનાં ચિત્રોની પ્રશસ્તિ સાંભળવી એ પણ જીવનની એક વણલૂંટી લ્હાણ છે.

શાળાના ઉપાહારગૃહમાં બેઠાબેઠા અજંતાની યાત્રાનું એ કંઇક બ્યાન આપતા હતા. તેમને પૂછ્યું: 'અજંતાની કલા વિષે તમારો શો ખ્યાલ છે?'

'અજંતાની ચિત્રકલા પર તો હું વારી જાઉં છું. નિર્ગ્રંથ બની યુગચિત્ર આપવાનો નિરધાર કરી અનેક કલાકારો એની પાછળ મંડી પડ્યા હોય એવું લાગે છે. લોકસમુદાયનું જીવન પણ એમાં વિસરાએલું નથી. પ્રજાજીવનના દરેક પાસાનાં ચિત્રો દોરવાનું એ કલાકાર અવધૂતો ભૂલ્યા નથી.'

'તમને અજંતાનું વાતાવરણ કેવું લાગ્યું?'

'એ પ્રશ્નનો ઉત્તર હું નહિ આપી શકું. કલાકારોએ કલા-નિર્માણ માટે સ્થળ પણ સૌન્દર્યભરપૂર શોધેલું છે.' એટલું કહેતાં વાર જ એમની કલ્પના એ સ્થળના સૌન્દર્યનો ખ્યાલ આપવા સતેજ થઇ. એ આગળ ચાલ્યા: 'પ્રજાજીવનના ધબકારાઓ જીવતાંજાગતાં ચિત્રોમાં પૂરાયા હોય અને કોઈ બૌદ્ધ સાધુ જાણે હમણાં જ આવી એ ચિત્રોની ઓળખાણ કરાવવા આપણને લઇ જશે એવો ખ્યાલ ત્યાં આવે છે.'

'હિંદી ચિત્રકલાના વિશિષ્ટ અંગ વિષે તમે શું ધારો છો?'

'અખંડ વહેતી ચિત્રરેખા એ એનું ખાસ અંગ છે. પાણીના રેલાની માફક એકાદ સંપૂર્ણ સળંગ રેખા રેલાઇ ચિત્રનિર્માણ કરે છે અને સુંદર કલાકૃતિ જન્મે છે.' એ જવાબ આપે છે અને એની કલ્પના સૈકાઓ થયાં અણભૂંસાએલાં એ ચિત્રો વિષેની ઝીણી વિગતો પૂરી પાડતાં આપણને તેની સમીપે ઘસડી જાય છે. 'વાઇસરીગલ લૉજમાં અમે દીવાલચિત્રો દોરેલાં છે, પણ એ બધાં કૅન્વાસ ઉપર છે; કારણ અમને ખાત્રી નથી કે તે કાયમ દીવાલ પર ટકી શકે. પણ અહીં તો એ માટીના રંગોથી સદીઓ થયાં ભીંત પર એવી જ દશામાં રહેલાં છે.'

એક દિવસ સાંજે અહિવાસી અંધેરી ફરવા ગએલા. એવામાં એક વિશાળ બંગલા પાસેથી પસાર થતાં તેમના એક ચિત્રને એ ખરાબ સ્થિતિમાં જુએ છે. આજન્મ કલાકારના હૃદયમાં પારાવાર ગ્લાનિ થાય છે: મારી કલાની આ દશા! મનમાં ને મનમાં એ બોલી ઊઠે છે: મારી પાસે ખરીદવાને પૈસા હોય તો એ ચિત્ર ખરીદી લઇ મારી ઝૂંપડીમાં વસાવું. એવી તેની કલાભક્તિ છે. આજના અર્થયુગમાં કલાનો વ્યાપાર ખેલનારા કલાકારોમાંના એ એક નથી એની પ્રતીતિ આ પ્રસંગની પાછળ છુપાએલી છે.

હિંદી કલાનો આટલો શૉખ એણે વિદ્યાર્થીઓમાં નિષ્પન્ન કર્યો છે. શાંતિનિકેતનના નંદલાલ બસુ તેમની કલા પર વારી જાય છે. બંગાળ સ્કૂલ સામે ગુજરાતમાંથી કોઇપણ હિંદી કલાની મશાલ લઇ ઊભો રહે તો તે ભાઈ અહિવાસી જ છે એવું તેમનું માનનીય પ્રમાણપત્ર છે. શ્રી નંદલાલ બસુ

તેમને ગુજરાત છોડી બંગાળમાં આવવા નિમંત્રે છે, પણ પ્રિન્સિપાલ અને શાળા તેમને કયાં છોડે એમ છે?

અને છતાં આજે યે ગુજરાત એના એ કલાકારને ઓળખતું નથી. એ એના કનુને અને રાવલને જેટલું સન્માને છે ને ઓળખે છે તેટલું આ અપ્રસિદ્ધિનો અંચળો ઓઢી ફરતા કલાનવેશને નથી ઓળખતું. ભાઈશ્રી રવિશંકર રાવળ 'કુમાર'ના શતાંકમાં પ્રથમ વખત જ તેમના ચિત્ર 'મન્મથ' નીચે નીચેની નોંધ મૂકે છે: 'મુંબાઇની સરકારી ચિત્રશાળામાં હિંદી કલાનો શુદ્ધ સ્વરૂપે આદર કરનાર ભાઇ અહિવાસી પહેલા જ છે. વ્રજના રહીશ છતાં સૌરાષ્ટ્રમાં એ ઊછરેલા છે. વ્રજની ભક્તિ અને સૌરાષ્ટ્રની સાદાઇ તેમના જીવનમાં અને કલામાં તેઓ ઉતારી રહ્યા છે. સુકોમળ રેખા અને સુરમ્ય રંગોની તેમની ઉપાસના સફળ નીવડી છે ... ગુજરાતના અભિનવ ચિત્રકારોમાં તેમનું સ્થાન આગળપડતું છે.'

ભાઇ અહિવાસીના જીવનનો એ નીચોડ છે. આપણો એ ઘરદીવડો છે: ગુજરાતનો જ્યોતિ છે: હિંદી ચિત્રકળાનો એ આશાસ્પદ કલાકાર છે. એમને ચંદ્રકોનો કે પ્રસિદ્ધિનો મોહ નથી. મોહ છે તેમને સર્જનાત્મક ક્રિયાવૃત્તિને વિકસાવવાનો —પોતાની અને વિદ્યાર્થીઓની. શિષ્યો પાસેથી યે એ ઘણું શીખે છે એવો નમ્ર એકરાર કરતાં એમના મુખ પર નિઃસંકોચ આનંદ જન્મે છે.

એમના જીવનનાં નિર્વ્યાજતા, નિષ્કામ કલા–ઉપાસના અને સ્વાવલંબનના પાઠ, આજના કઠિન અભ્યાસયુગમાં કોઇ પણ વસ્તુની પાછળ પડેલા, સાધન સહાય અને સાથ વગરના વિદ્યાર્થીઓને ખાસ અગત્યના છે—અનુકરણીય છે.

('હનુમાન જર્નલ'માંથી) —રતિલાલ છાયા

શ્રી છોટાલાલ માંકડ

શ્રી છોટાલાલ લક્ષ્મીશંકર માંકડ પોરબંદર તેમજ કાઠિયાવાડની જાહેર જનતામાં જાણીતા છે. ત્રણ વર્ષ પર સ્કિપિંગના ક્રિડામયદાને સાત હજાર સ્કિપ્સ કરીને એમણે ગુજરાતનું પ્રતિનિધિત્વ દુનિયાના એ ક્રિડામયદાનને મોખરે મૂકયું છે. સ્કિપિંગના ખેલાડીઓમાં એમનું નામ બીજું બિરાજે છે. ગુજરાતમાં અસ્તિત્વ ધરાવતા વ્યાયામ-સંઘોમાંના એકના તેઓ સ્થાપક અને નિમાયક છે ને પૂર્વ-પશ્ચિમના વ્યાયામની ભાવના અને પદ્ધતિને ઓતપ્રોત વણવાના ઉત્સુક છે. આ આદર્શને બર લાવવા વ્યાયામનો વિશેષ અભ્યાસ કરવા તેઓ ઇ.સ. ૧૯૩૨માં શિકાગો જવા રવાના થએલા, પરંતુ સંજોગોને લીધે ત્યાં ન જઈ શકતાં ઈંગ્લંડમાં કુદરતી ઉપચારપદ્ધતિ (Naturopathy) અને સ્વીડીશ મસાજનો અભ્યાસ કરી સ્વદેશ ફર્યા. ફરીવાર જૂનમાં વ્યાયામનો અભ્યાસ કરવા તે યુરોપ ગયા, પરંતુ સંજોગ વર્તી તેઓએ શિક્ષણશાસ્ત્રનો અભ્યાસ કરવા લંડન વિદ્યાપીઠમાં પ્રવેશ કર્યો. લંડનમાં સવા વર્ષ રહીને એ જ વિદ્યાપીઠના પોસ્ટ-ગ્રૅજ્યુએટ ટીચર્સ ડીપ્લોમાનો તેમજ ડબ્લિન વિદ્યાપીઠના હાયર ડીપ્લોમા ઈન એડ્યુકેશનનો અભ્યાસ કરી તે પરીક્ષા ઉતીર્ણ કર્યા બાદ ફ્રાંસ, જર્મની, ઑસ્ટ્રીઆ, ઝેકોસ્લોવાકીઆ અને ઇટાલીમાં મુસાફરી કરી ગયા ઑગસ્ટ માસમાં તે હિંદ આવ્યા, અને પોરબંદર સંસ્થાનના વિદ્યાધિકારી અને મુખ્ય અધ્યાપકપદનું ખાલી પડેલું સ્થાન તા. ૧ સપ્ટેંબર ૧૯૩૪–કૃષ્ણજન્મ જયન્તીના દિને સ્વીકાર્યું. ત્યાં પૂર્વ–પશ્ચિમ સંસ્કૃતિના સમન્વય સાધતા સુદામાપુરીના શિક્ષણનું સંચાલન કરી તેઓ પ્રજાના નવસંસ્કાર ઘડવાના પ્રયાસ કરી રહેલા છે. (હનુમાન જર્નલ)

પ્રવાસના શોખીનો માટે

હમણાં મને એક સુંદર સ્થળ જોવાનું મળ્યું તેની ઉત્સાહી પ્રવાસી યુવાનો માટે ખબર કરવાનું મન થાય છે.

અમદાવાદ જિલ્લાના મોડાસા તાલુકામાં ઈડર રાજ્ય અને બ્રિટિશ સરહદના સંધાન ઉપર, ધનસુરા–કપડવણજના ૨૯ માઇલના મોટર રસ્તા ઉપર ધનસુરાથી ૬ માઈલ દૂર વાત્રક નદીનો પૂલ આવે છે. આ સ્થળે ટૉલનું નાકું છે, અને ત્યાંથી દસ જ મિનિટના રસ્તા ઉપર વાંટડા–બાયડ નામનું બારૈયા લોકોનું એક ૪૯ ઘરનું નાનું સરખું ગામડું છે. આ ગામે મોડાસાના વૃદ્ધ મહાસભાવાદી શ્રી મથુરદાસ લાલજી ગાંધી સ્થાપિત મોડાસા સેવા સંઘની એક શાળા છે, અને પાસે જ નદીકિનારે એક મહાદેવના મંદિર આગળ ધર્મશાળા બંધાવવામાં આવી છે. આ સ્થળે વાત્રક નદી ખડકોમાં થઇને સાંકડા પટમાં વહે છે. પાણી અવારનવાર છીછરૂં તથા ઊંડું હોય છે, સુંદર અવાજ કરે છે અને ગીચ ઝાડીને લઇને જંગલમાં નિર્જન સ્થાનમાં નદી કેમ વહેતી હશે તેનો સચોટ ખ્યાલ આપે છે. આ જ સ્થળે એક જૂના વખતનો કુંડ જણાય છે, તેમાંથી ઝરાનું મીઠું પાણી વહીને નદીમાં પડે છે. આ ઝરો બારે માસ વહે છે એમ ગણાય છે. મીઠું પાણી નદીમાં સતત પડયા કરે છે, તે અને સુંદર વનની શોભા બહુ આનંદ આપે છે. ઉત્સાહી પ્રવાસશોખી યુવાનો એકાદ બે દિવસ માટે ધર્મશાળામાં રાતવાસો કરીને બહુ આનંદ કરી શકે એવું મઝાનું આ સ્થળ છે. કપડવણજથી ધનસુરાના મોટર રસ્તે આ સ્થળ ત્રેવીસ માઇલ ઉપર છે અને અમદાવાદ પ્રાંતીજ રેલવેના તલોદ રેલવે સ્ટેશનથી મોડાસાના મોટર રસ્તા ઉપર ઓગણીસ માઇલ ઉપર ધનસુરા ગામ છે ત્યાંથી મોટર રસ્તે છ માઇલ છે.

—પરીક્ષિતલાલ મજમુદાર

કુલવો

વરસાદનું પાણી જે જગ્યાએ ભરાઈ રહેતું હોય તેવી જગ્યાઓમાં અને સુકાતાં તળાવોમાં કુલવાના છોડ ઊગે છે. એના છોડ એક ફૂટ જેટલા ઊંચા થાય છે અને તેને ઘણી શાખાઓ પણ ફૂટે છે.

તેનાં પાંદડાં ઉપરથી પહોળાં તથા નીચેથી સાંકડાં હોય

છે. પાન આંતરે આવેલાં હોય છે તથા દોઢ બે ઈંચ લાંબાં થાય છે. શાખાઓને છેડે ને પત્રકોણમાંથી આછાં પીળાશ પર પડતાં ધોળાં નાનાં ફૂલની ઝુમખીઓ નીકળેલી હોય છે.

આખા છોડ પર ધોળા રંગની સુંવાળી લાંબી રૂંવાટી જેવું હોય છે, આથી દૂરથી જોતાં છોડ ધોળો જ દેખાય છે. હાથ લગાડતાં તે સુંવાળાં તથા નરમ લાગે છે.

એનાં પાદડાં બારીક વાટી દૂઝતા હરસ ઉપર ચોપડવાથી ફાયદો થાય છે. શરીરે બળતરા થતી હોય તો ઠંડક માટે એનાં પાન બાંધવામાં આવે છે.

આ છોડ ઘણા નાના હોવાથી તથા મથાળે ફૂલનો મોટો ઝૂમખો લાગતો હોવાથી એને કુલવો કહેવામાં આવે છે. કુલવાના છોડ ઘણા જ ઓછાએ જોયા હોય છે ને ઘણાએ તો નામ પણ આજે જ સાંભળ્યું હશે!

(સંકલિત) —રતિલાલ વિઠ્ઠલદાસ દલાલ

નિષ્ફળ સાહિત્યકાર નેપોલિયન

૧૭થીર૪ વર્ષની પોતાની ઉંમરમાં નેપોલિયને સાહિત્યકાર બનવાનો તેમજ સાહિત્યકાર તરીકેની ખ્યાતિ મેળવવાનો યત્ન કર્યો હતો. બાળપણથી તે કીર્તિનો તો ખૂબ ભૂખ્યો હતો, પછી ભલે કીર્તિ ગમે તે પ્રકારે તેને મળે. સૈનિકોની શાળામાં તેના સહાધ્યાયીઓ તેની મશ્કરી કરતા અને તેને વિચિત્ર ઉપનામો આપતા હતા. આથી એકાંતમાં બેસીને તેણે પ્રખ્યાત ફ્રેંચ લેખક મો. રૂસોનું 'ધી સોશ્યલ કોન્ટ્રેક્ટ' અને એબ્બે રેનોલનું રૂસોના સિદ્ધાંતો વિષે વધુ સમજુતિ આપતા પુસ્તકનું અધ્યયન શરૂ કર્યું. તેને વિચાર આવ્યો કે 'રૂસોના સિદ્ધાંતો મારા દેશમાં કેમ ન લગાડું'. અને તેથી તેણે કોર્સિકાનો ઇતિહાસ લખ્યો અને એબ્બે રેનોલ ઉપર તે પુસ્તક મોકલ્યું. એબ્બેએ માત્ર ટૂંકો ઉત્તર આપ્યો 'ખૂબ વિચારીને બીજો ઇતિહાસ લખો.' હસ્તલિખિત લેખો શોધીને અઢી વર્ષે નેપોલિયને તે પૂરો કર્યો. તેણે બેએક વાર્તાઓ પણ લખી. પણ આ બધામાંથી એકે સફળ કૃતિ તરીકે લેખાઈ નહિ.

આ નવીન ગ્રંથકારને ઘણી મુશ્કેલી નડતી રહી,પણ તેનાથી તે કંટાળતો નહિ. તેણે 'પ્રેમ' અને 'આનંદ' ઉપર નિબંધો પણ લખ્યા. લાયોન્સના વિદ્વાનોની પરિષદે 'આનંદ'ના નિબંધ માટે ૧૫૦૦ લી (ફ્રેન્ચ સિક્કા)નું પારિતોષિક કાઢેલું. નેપોલિયને પોતાનો નિબંધ કમિટી પર મોકલ્યો. તે નાપસંદ કરવામાં આવ્યો એટલું જ નહિ પણ એક પરીક્ષકે તો તેના પર એવી ટીકા કરી કે 'આ નિબંધ અવ્યવસ્થિત, અસંબદ્ધ અને એટલી ખરાબ શૈલીમાં લખાયો છે કે તેના પર ધ્યાન આપવું પણ વ્યાજબી નથી; આ પછી નેપોલિયને પોતાના ભાઇને લખેલું કે 'મેં ગ્રંથકાર બનવાની આશા છોડી દીધી છે.' જો આ સમાલોચકે એનો ઉત્સાહ તોડી નાખે તેવી સમાલોચના ના કરી હોત તો નેપોલિયન કદાચ વિશ્વવિજેતાને બદલે સાહિત્યકાર થાત એવી ગણના કરવામાં આવે છે. (ગુજરાત સમાચાર)

શીહોરનાં ત્રાંબા પિત્તળનાં વાસણો

ત્રાંબા પિત્તળનાં વાસણો બનાવવા માટે કાઠિયાવાડનું શીહોર ગામ ખૂબ પ્રખ્યાતિ પામેલું છે. આ ઉદ્યોગ અહીં વર્ષોથી ચાલે છે. અત્યારના કંસારાઓ કહે છે કે અમારી પાસે જ દોઢસો વરસના નામાના ચોપડા પડયા છે અને સાત પેઢીનો આ અમારો ઉદ્યોગ છે. આજે આ ધંધાની પાછળ બે હજાર માણસો નભી રહ્યાં છે.

શીહોરના આ ઉદ્યોગની પાછળ જો સૌથી વધુ ધ્યાન ખેંચનારી કોઇ વસ્તુ હોય તે એ કે એ મોટામાં મોટો સ્થાનિક ગૃહઉદ્યોગ છે.તેમાં ૫૦૦ કારીગરો સવારથી સાંજ સુધી પોતાનાં નાનાં નાનાં કારખાનાંમાં જાતમહેનતથી આજ વરસોથી આ ઉદ્યોગને ટકાવી રહ્યા છે.

ભાવનગર રાજ્યમાં આવેલું આ શીહોર ગામ અસલ ભાવનગર રાજ્યની રાજધાનીનું શહેર હતું. અહીં લગભગ બસો વર્ષ પહેલાં મારૂ કંસારા ગુજરાતમાંથી આવી વસ્યા ત્યારથી આ ધંધાની શરૂઆત થઈ એમ કહેવાય છે. પાછળથી તેમાં બીજી કોમો પણ ભળી ગઇ છે. ત્રાંબા પિત્તળ અને તમાકુ વગેરે જેવા નાના મોટા ગૃહઉદ્યોગ ઉપર જ આ શહેર આજે પણ આબાદી ભોગવી રહ્યું છે.

શરૂઆતથી માંડીને લગભગ સંવત ૧૯૩૪ સુધી અહીંના કંસારાઓ જસત તથા ત્રાંબાનું અમુક પ્રમાણમાં મિશ્રણ કરીને પિત્તળ ઉત્પન્ન કરતા, અને એ પિત્તળના ઢાળાનાં ચકરડાં બનાવી તેને હાથઘડતરથી ટીપીટીપીને જુદી જુદી જાતનાં વાસણો તૈયાર કરતા. આજે પણ એ જ રીતે વાસણો તૈયાર કરવામાં આવે છે; પણ સંવત ૧૯૩૪માં રેલવેની શરૂઆત થયા પછી પિત્તળનાં તૈયાર પતરાં મુંબાઇ દ્વારા પરદેશથી આવવા લાગ્યાં ત્યારથી આજ લગી પરદેશી પતરાંનો અહીંના કંસારા ઉપયોગ કરતા આવ્યા છે. આ સાથે રેલવે તથા સ્ટીમરનાં સાધનો વધવાથી તૈયાર માલની માગણી પણ વધી ને એકંદરે વેપાર વધીને કારીગરને વધુ કામ મળવા લાગ્યું.

સંવત ૧૯૫૬ના દુષ્કાળને લીધે આ ગૃહઉદ્યોગને મોટામાં મોટું નુકસાન થયું. કારીગરોને પોતાનાં વાસણો, ઓજારો વગેરે વેચીને પોતાનું પોષણ કરવું પડ્યું અને કેટલાક કારીગરો તો પરદેશ ચાલ્યા ગયા.

મહાયુદ્ધની શરૂઆતમાં પરદેશ જતા રહેલા કંસારા કારીગરો નાણાં તથા ખપતની અનુકૂળતા જણાતાં શીહોરમાં પાછા આવ્યા. આ વખતે ભાવનગર બંદર પણ ખીલવા લાગ્યું તેથી પરદેશથી કાચો માલ સીધો આવવા લાગ્યો. કેટલાક પાસે નાણાં વધવાથી શીહોરમાં થોડીથોડી મશિનરી પણ દાખલ થઇ. છતાં એમ કહી શકાય કે આજે લગભગ બધો માલ હાથ વડે જ ઉત્પન્ન કરવામાં આવે છે.

આ ઉદ્યોગમાં મુખ્યત્વે ત્રણચાર કોમનાં માણસો રોકાએલાં છે, મારૂ, ગુજરાતી કંસારા, સથવારા ને ખત્રી એ મુખ્ય

છે. આવા લગભગ ૨૫૦ કારીગરો હશે. ઉપરાંત ૧૫૦ જેટલા મજૂરો આ ઉદ્યોગમાં છે. મજૂરોમાં સામાન્ય રીતે ઘાંચી અને કોળી વગેરે હોય છે. આવી રીતે આ ધંધામાં ૪૦૦ કારીગરો અને મજૂરો કામ કરી રહ્યા છે. એ ઉપરાંત આની સાથેસાથે બીજો કાંસું તથા કાંસાનાં વાસણો બનાવવાનો ગૃહઉદ્યોગ પણ છે જેમાં આશરે ૧૦૦ જેટલા કારીગરો અને મજૂરો હશે. આ રીતે લગભગ ૫૦૦ જણ આ ઉદ્યોગમાં પડેલા છે અને એમની કુટુંબ સહિત ગણતરી કરીએ તો લગભગ ૨૦૦૦ માણસની વસ્તી આ ગૃહઉદ્યોગ ઉપર નભી રહી છે.

આ ઉદ્યોગમાં સ્ટીમ પાવર કે વીજળીક બળથી ચાલતા કોઇપણ મશીનનો ઉપયોગ કરવામાં આવતો નથી; ફક્ત હાથથી ચલાવી શકાય તેવી ડાઇ અને પ્રેસિંગ મશીનનો કોઇ કોઇ ઠેકાણે ઉપયોગ કરવામાં આવે છે. અપવાદ તરીકે એક જ ફૅક્ટરી એવી કહી શકાય કે જે સ્ટીમ પાવરનો મોટા પાયા ઉપર ઉપયોગ કરે છે. બીજી બે ફૅક્ટરીમાં તો ડાઇ અને પ્રેસિંગ મશીનનો વધારે ઉપયોગ કરવામાં આવે છે. આ ફૅક્ટરીઓ પણ પોતાનો ઘણો માલ કારીગરોને ત્યાં ઉત્પન્ન કરાવી લે છે. આ ફેક્ટરીઓમાં ૭૫-૮૦ થી વધુ કારીગરો રોકાએલા નહિ હોય. બાકીના બીજા ૪૦૦ કારીગરો ત્રાંબા પિત્તળના વાસણો હાથથી ઘડીને બનાવે છે.

આજે તો સ્થાનિક વેપારીઓ પાસેથી પરદેશી પતરાં લઈ આ કારીગરો પોતાના કારખાનામાં જાતે અથવા એક કે વધારે કારીગરો રોકી અને પરચુરણ કામ માટે મજૂરો રાખી જુદી જુદી જાતનાં વાસણો બનાવે છે. સામાન્ય રીતે દરેક કારીગર જાતજાતનાં વાસણોના ઘાટ ઘડી શકે. પણ ઘણાખરા કારીગરો ખાસ ઘાટ માટે વખણાએલા હોઇ અમુક જ માલ તૈયાર કરે છે, અને દરેક ઘાટમાં મજૂરી પણ જુદીજુદી હોય છે. દાખલા તરીકે કળશા કે લોટા બનાવવામાં આશરે ૪૫-૫૦ કારીગરો રોકાએલા છે અને કારીગરોને દરરોજની ચોકખી મજૂરી લગભગ ૧૨ આના મળે છે અને જે મજૂરો પગારદાર તરીકે કામ કરતા હોય છે તેમને લગભગ ૧૫ થી ૨૦ રૂ માસિક પગાર મળે છે. આ જ પ્રમાણે બીજા કારીગરો કથરોટ, તપેલાં બોઘરણાં વગેરે જુદીજુદી જાતનાં વાસણો બનાવવામાં રોકાએલા છે. આ કારીગરોને સરેરાસ ૧। થી ૨ રૂ. નો રોજ મળી રહે છે. આ કામમાં પણ જો મજૂરો રોકવામાં આવ્યાં હોય તો તેમને માસિક રૂ. ૧૫ થી ૨૦) સુધીનો પગાર મળે છે. ત્રીજી જાતનો માલ જેવો કે ખુમચા, બુઆરા, કપરકાબી ડબા, ત્રાંબાપિત્તળના બેડાં વગેરે ફૅક્ટરીમાં થાય છે. એટલે કંસારા કારીગરો આ માલ હાથથી ઉપન્ન નથી કરતા, કારણકે ફૅક્ટરીવાળા ઓછી મજૂરીએ માલ તૈયાર કરી શકે છે.

ત્રાંબા પિત્તળ પેઠે અહીં કાંસાનાં પણ વાસણો બનાવવામાં આવે છે. આ ઉદ્યોગમાં વિશિષ્ટતા એ છે કે કાસું પરદેશથી મંગાવવામાં આવતું નથી, પણ અહીં જ જસત તથા કલઇનું મિશ્રણ કરી બનાવવામાં આવે છે. આ કામમાં ત્રણ ચાર કારીગરો રોકાએલા છે. આ ઉદ્યોગમાં બેએક જણાએ તો ૮-૧૦ હજારની મૂડી રોકી છે. આવી રીતે કાંસું તૈયાર કરવામાં કુલ મૂડી ૨૫ થી ૩૦ હજારની રોકાઇ હશે. કાંસાનાં વાસણો બનાવવામાં આશરે ૧૦૦ જેટલા કારીગરો તથા મજૂરો રોકાએલા છે. કારીગરોને ૨ થી ૨॥ રૂ. સુધીનો રોજ મળે છે, જ્યારે મજૂરોને માસિક રૂ. ૨૨ થી ૨૫ સુધીનો પગાર પડી રહે છે. અહીંનો કારીગર તથા મજૂર એક જ જગ્યાએ સાથે બેસી કામ કરે છે ને બંને સરખી જ મહેનત મજૂરી કરે છે. મજૂરીમાં ફેર હોય તો તે માત્ર કારીગરી પૂરતો જ. સામાન્ય રીતે કામદારો અને મજૂરો ૧૦ થી ૧૧ કલાક કામ કરે છે. મહિનામાં અગીઆરસ તથા અમાસે અરધો દિવસ કામ બંધ રાખે છે. ઉપરાંત ધાર્મિક તહેવારના પ્રસંગોએ આખા દિવસની રજા પાળવામાં આવે છે. ત્રાંબાપિત્તળનાં વાસણો બનાવવામાં ત્રણચાર જુદીજુદી કોમના માણસો રોકાયા છે પણ તેમાંના કોઇ પણ કારીગરનું મરણ થાય તે દિવસે બધાજ કંસારા પોતાનું કામ બંધ રાખી શોક દિન પાળે છે.

અહીં બનતો તૈયાર માલ ગુજરાત, કાઠિયાવાડ, મુંબાઇ, પૂના, ખાનદેશ વગેરે સ્થળોએ જાય છે. આ નિકાસ માટેની કીમત લગભગ રૂ. ૧૫ લાખ જેટલી થાય છે, જ્યારે આયાત માલ પતરાંની કીમત જગાત સાથે ૮ લાખની હશે પણ હવે પરદેશી માલની હરીફાઇ તથા મશીન સામે ટકવું મુશ્કેલ બનતું જાય છે. આજે પરદેશથી આવતા જર્મન સિલ્વર તથા ઍલ્યુમીનિયમનાં વાસણોનો વપરાશ વધતો જાય છે. વળી ત્રાંબાપિત્તળનો કેટલોક માલ મશીનથી પણ બનવા લાગ્યો છે તેથી અહીંના કારીગરો તથા મજૂરોને ઓછામાં ઓછી મજૂરી તથા વધારે કલાક કામ કરીને ટકી રહેવું પડે છે. જ્યાં કળશાની મજૂરીના પહેલાં દોઢ રૂપિયો મળતો ત્યાં આજે તેમને ૧૨ આનાની મજૂરી મળે છે અને વધુ કલાક કામ આપવું પડે છે.

ત્રાંબાપિત્તળના આ ગૃહઉદ્યોગને વધુ ખીલવવાની, તથા ઉત્તેજન આપવાની જરૂર છે. આ ઉદ્યોગ ફક્ત કાઠિયાવાડમાં જ નહિ હિંદુસ્તાનના ઘણા ભાગોમાં ચાલી રહ્યો છે. આ માટે ત્રણચાર જાતના પ્રયત્ન કરવાની જરૂર છે. (૧) માલની ખપત વધારવી. (૨) જે જે ભાગમાં પહેલાં માલ ખપતો હતો પણ હાલમાં પરદેશી માલ આવવાથી ખપત ઓછી થઇ હોય ત્યાં ફરીથી ચાલુ કરવા કરાવવા માટે પ્રયત્ન શરૂ કરી દેવા; (૩) તથા તૈયાર માલ ઉપર રાજ્ય મારફત રેલવે નૂરમાં તથા બીજી સગવડ મેળવવાનો પ્રયત્ન કરવો; (૪) ઍલ્યુમીનિયમ તથા જર્મનસિલ્વરનાં પરદેશી વાસણોના વપરાશ સામે પ્રચારકાર્ય કરવું. (ગુજરાત સમાચારની 'સ્વદેશી'ની પૂર્તિ)

બ્યાશી વરસના અમેરિકન પાદરી રેવ. જૉન મૅકકિમ ટોકિયોના પ્રોટેસ્ટન્ટ બિશપ તરીકે ૪૧ વર્ષ કામ કરી હમણાં જ નિવૃત્ત થયા. તેમણે ૫૪ વર્ષના પોતાના જાપાનવાસ દરમ્યાન અનેક આફતો અનુભવી છે અને પોતાની નીડરતા તથા અણનમ શ્રદ્ધા માટે જાણીતા છે. ૧૯૨૩ના જાપાનના પેલા ભયંકર પ્રલયંકર ધરતીકંપ વેળા કોઇના તારના જવાબમાં તેમણે ઉત્તર વાળેલો કે 'સર્વનો નાશ થયો છે—માત્ર ઇશ્વરમાંની મારી શ્રદ્ધા સિવાય.'

અનેકાર્થી શબ્દ: **નાળ**-પોલી નળી; ગર્ભમાં બાળકની ડૂંટી સાથે જોડાએલી લાંબી નસ; બળદ-ઘોડાને પગે કે જોડાની એડીએ જડવામાં આવતી લોખંડની પટ્ટી; નેળ; નળિયું; પરનાળ.

ગણિતગમ્મત: ૭૨૦૭૧૯ એ એવો અજબ આંકડો છે કે એને—

૨	વડે	ભાગશો	તો શેષ	૧	વધશે
૩	,,	,,	,,	૨	,,
૪	,,	,,	,,	૩	,,
૫	,,	,,	,,	૪	,,
૬	,,	,,	,,	૫	,,
૭	,,	,,	,,	૬	,,
૮	,,	,,	,,	૭	,,
૯	,,	,,	,,	૮	,,
૧૦	,,	,,	,,	૯	,,
૧૧	,,	,,	,,	૧૦	,,

(અને એમ આગળ ને આગળ)



મોટી શીશોહી, બરણી કે શીશા જેવાં મોટાં વાસણોમાંનો પ્રવાહી બીજા નાના વાસણમાં રેડવા માટે આકૃતિમાં બતાવેલો લોઢાના સળિયાનો ઝૂલતી રચનાવાળો હીંચકો વાપર્યો હોય તો ઘણી સહેલાઇથી ને કાંઇપણ નુકસાન વગર કામ સરશે. વર્તુલમાંની આકૃતિ ઝુલાની વિગત સમજાવવા બસ છે.

ગરમ દૂધ પીતાં સ્વાદમાં જે ફિક્કાશ લાગે છે તે દૂર કરવા માટે કટોરાગાં પહેલાં એકાદ ચમચો ઠંડું દૂધ રાખીને પછી ઉપર ગરમ દૂધ કાઢજો.

દુનિયાભરમાં મૂશળધાર વરસાદ પડ્યાનો રેકર્ડ આસામનો છે. ત્યાં ૩૫ મિનિટમાં ૯ ઇંચ વરસાદ પડ્યો હતો.

સરજનહારની સમગ્ર જીવસૃષ્ટિમાં કરોળિયો સૌથી ઝડપીમાં ઝડપી જીવ છે. તે પોતાની લંબાઇ કરતાં સોગણું અંતર એક સેકંડમાં દોડી શકે છે.

એ જ રીતે તમરૂં એ મજબૂતમાં મજબૂત જીવ છે તે પોતાના વજન કરતાં ૮૫૦ગણું વજન ઊંચકી જઇ શકે છે.


દુનિયામાં તાર અને ટેલિફોન માટે વપરાએલાં તારનાં દોરડાં સાંધીને લંબાવ્યાં હોય તો આપણી પૃથ્વીને ૬૦૦૦ વખત ફરી વળે! એવી ગણત્રી કરવામાં આવી છે કે ૧૪૫,૨૯૨,૫૦૦ માઇલ ટેલિફોનનાં ને ૬,૭૭૩,૫૦૦ માઇલ તારનાં દોરડાં દુનિયામાં છે.

મુશ્કેલી જ તો !

'પછી તું બારીનો કાચ લાવ્યો ?'

'ના શેઠ; વોરાજી પાસે બધા કાચ ૧૨×૧૪ના માપના છે, અને બારી તો ૧૪×૧૨ની છે!

શેક કરવાની ગરમ પાણીની કોથળી (હૉટવૉટર બૅગ)ની આવરદા લંબાવવી હોય તો એને અરધી ભરીને જરા આસ્તેથી દબાવી અંદરની ગરમ હવા કાઢીને પછી સ્ક્રૂ બેસાડવો. એથી એના સીવણના સાંધા પર હવાનું દબાણ નહિ આવે અને ત્યાંથી તે કાણી થતી બચશે.



કામની ઝડપની કદર ને ચાનક માટે રશિયામાં રાજ્ય તરફથી ચોડાતાં પ્રચારચિત્રો, જેમાં ઝડપની સંજ્ઞા બતાવતાં ચિત્રો સાથે કારખાનાનાં નામ મૂકવામાં આવે છે. જમણી તરફથી જોતાં: સૌથી ધીમા કારખાનાને ગોકળગાયની સંજ્ઞા, તેથી ઝડપીને કાચબાની, પછી બળદની, ખચ્ચરની, ઘોડાની, પક્ષીની, મોટરની—એમ ઉત્તરોત્તર સંજ્ઞાઓ મૂકી તેમની ઝડપની કોટિ દર્શાવી છે.